ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક

૧ એપ્રિલ ૨૦૧૩ | અંક ૭ | સ્થાપના : ૧૯૬૮ | પાક્ષિક | પૃ. ૨૪ | કિં. રૂ. ૬/-

Reg.under RNI No. GUJGUJ/2009/29656, PUBLISHED & PSO on F/N 1st & 16th of every month under Postal Reg. No. GAMC777/2012-2014 Ahmedabad, valid upto 31-12-2014

## બસ કરો મનમુરાદવાદ

માર્ચ ઊતરતે બે અક્ષર માંડી રહ્યો છું ત્યાં અમેરિકી પ્રતિનિધિ મંડળને હરખની હેડકી ઊપડ્યાનું સાંભળું છું. કહે છે કે અહીંનો દોમ દોમ વિકાસ અને એમાં પણ ન્યૂનતમ સરકાર અને મહત્તમ સુશાસન (મિનિમમ ગવર્નમેન્ટ ઍન્ડ મેક્સિમમ ગવર્નન્સ)નો મોદી મંત્ર, ક્યા કહના.

આ પ્રતિનિધિ મંડળ આમ તો એક પ્રાયોજિત પેરવી જણાય છે, કેમ કે એને અહીં આણનાર તો દરિયાપારના ભાજપભેરુઓ (ઓવરસીઝ ફ્રેન્ડઝ ઑફ બીજેપી) છે. આ પ્રતિનિધિ મંડળના નેતા પંડે જોકે અમેરિકી ગૃહની એથિક્સ સમિતિની તપાસ હેઠળ હોઈ પોતાની રીતે પાછા કાબિલે તારીફ પણ છે. સાથે જોડાયેલા ધંધાપટુઓને જોકે આની નવાઈ નયે હોય. ગમે તેમ પણ, પક્ષીય પાટાવશ અને ધંધાદારી વળગણવશ એમણે ગુજરાતમાં જે ધાર્યાં દર્શન કર્યાં એ આપણે સારું પ્રજાકીય છેડે જરૂર સફાઈ માગી લેતી બીના છે.

ખરું જોતાં, સૂત્રરૂપે કહ્યે ચાલતું હોય તો વર્તમાન ગુજરાતનું દુર્દૈવ વાસ્તવ એ છે કે તે એક તરેહની મનમુરાદશાહી ભણી ઢસડાઈ રહ્યું છે. સંકેલાતે માર્ચે વિવેકબૃહસ્પતિ ગુજરાતની ખિદમતમાં જે ત્રણ વિધેયકો (એક તો હવે રાજ્યપાલની સહીપ્રાપ્ત) આ સરકાર મારફતે આવ્યાં તે ઉક્ત અમેરિકી પ્રમાણપત્રના સંદર્ભમાં ખસૂસ તપાસલાયક છે — અને એ ત્રણે 'મેક્સિમમ ગવર્નમેન્ટ' ભણીની મનમુરાદશાહીનાં દ્યોતક છે.

માર્ચના છેલ્લા અઠવાડિયામાં રાજ્યપાલ કમલાજીએ જેના પર સહી કરી એ સિંચાઈ અને પાણીનિકાલ વિધેયકની જ વાત કરો ને. રોહિત શુક્લે અગ્રલેખે ઊભીને (**નિ.**૧૬/૩) એની વિગતે ચર્ચા કરી છે. અહીં માત્ર એટલું જ કહેવું બસ થશે કે 'નહેર અધિકારી' નામનું જે નવું પ્રાણી ગાંધીનગરના મુવાડેથી પેંધું પડશે તે પોલીસથી અદકા અધિકારો ધરાવતું અને વૉરન્ટથી માંડી ગુના સબબ સજાની સત્તાવાળું હશે.

પૈસાજોરે જેની પાંચજન્ય પેરવી અહોરાત્ર સંભળાયા કરે છે તે વિકાસનો વાંસો જોવાસમજવા સારુ પણ આ પાણીનિકાલ કાનૂન કાળજે ધરવા જોગ છે. જે તે જળાશય, હર કોઈ નહેર અને એકોએક કાંસના પાણીના ચાલુ ઉપયોગને બદલે ઇતર ઉપયોગનો સુવાંગ અધિકાર (જળજીવી જનસાધારણને ભોગે) હવે નેકનામદાર સરકાર બહાદુર કને આવે છે. સરકાર, કેમ કે તે સરકાર છે, નવા જમાનાની રીતે આ પાણીને ઘોર ધંધાદારી હેતુસર ઉદ્યોગો ભણી વાળવાને હકદાર જ નહીં પણ વૈશ્વિકીકરણ અને ઉદારીકરણના માહોલમાં લાલાયિત સુધ્ધાં હોવાની છે.

આ અંક આપના હાથમાં હશે કે પહોંચવામાં હશે ત્યારે ગુજરાત વિધાનસભામાં ૧૯૮૬ના લોકાયુક્ત અધિનિયમને રદ કરતું લોકાયુક્ત આયોગ વિધેયક, ૨૦૧૩ રજૂ થઈ ચૂક્યું હશે. ૧૯૮૬માં તે વખતના વિપક્ષ (ભાજપ)ની સહમતિપૂર્વક સત્તાપક્ષે (કૉંગ્રેસે) ગૃહની મંજૂરીથી અમલી બનાવેલ લોકાયુક્ત અધિનિયમમાં રાજ્યના મુખ્ય ન્યાયમૂર્તિની ભૂમિકા નિર્ણાયક હતી, અને મુખ્યમંત્રીને મુકાબલે રાજ્યપાલની ભૂમિકા મહત્ત્વની હતી. લોકાયુક્ત સત્તાપક્ષનો હેવાયો ન હોય એ ગણતરી એની પાછળ હતી. ગુજરાતમાં છેલ્લો આખો દસકો લોકાયુક્તની નિયુક્તિ ટાળવા સારુ આટાપાટાનો રહ્યો છે, અને હાઇકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટ બેઉ સ્તરે જેમની નિયુક્તિ વૈધ ઠરી છે તે ન્યાયમૂર્તિ આર.એ. મહેતાની નિમણૂક ટાળવા માટે હવે નવા કાયદાનો ખેલ ચાલે છે. એમાં લોકાયુક્તની નિયુક્તિ મુખ્યમંત્રીના વડપણ હેઠળની સમિતિ હસ્તક હશે. દેખીતી રીતે જ, મુખ્યમંત્રીની નિર્ણયકારી ભૂમિકાવશ નિયુક્ત લોકાયુક્ત માટે સ્વતંત્ર કામગીરી અશક્ય નહીં તો પણ

### અનુક્રમ


- **દિનેશ શુક્લ**
  સિંચાઈ વિધેયક, સોમનાથ, લોકાયુક્ત ૨
- **રોહિત શુક્લ :** સુખના ખજાનાનું ખોદકામ ૩
- **રાજેન્દ્ર પટેલ :** આપણી ભાષા, આપણું વાસ્તવ ૫
- **ઉમેશ સોલંકી :** ગઝલ ૬
- **ઇલા પાઠક**
  વર્તમાન વૈશ્વિક સમસ્યાઓ અને સ્ત્રીઓ ૭
- **આશા બૂચ**
  શાનો વેપાર કરીશું? શાસ્ત્રોનો કે શસ્ત્રોનો? ૯
- **આશા બૂચ**
  શાનો વેપાર કરીશું? શાસ્ત્રોનો કે શસ્ત્રોનો? ૧૦
- **ત્ર્યંબકલાલ ઉ. મહેતા**
  તે પણ એક રૂઢિગત માનસ છે ૧૧
- **શાંતિલાલ વ. શાહ**
  મણિપુરની બહાદુર મહિલા શર્મિલા ૧૧
- **હરિ દેસાઈ**
  યુપીએસસી પ્રકરણ : શિવરાજ સૌ પ્રથમ, નમો સૌથી છેલ્લા ૧૨
- **શિરીષ પંચાલ :** 'સરસ્વતીચંદ્ર' અને આપણે ૧૩
- **રમેશ ર. દવે**
  ગુજરાત રાજ્ય ક્યા રસ્તે : વિકાસ કે વિનાશ ૧૪
- **લાભુભાઈ ગ. પટેલ :** નજર બગાડતી સરકાર ૧૪
- **દીપક બારડોલીકર :** ગેરસમજનાં જાળાં ૧૫
- **આશા બૂચ :** વિદ્યયા અમૃતમ્ અશ્નુતે ૧૬
- **રમેશ દેસાઈ :** અભિનંદન ૧૬
- **જગદીશ શાહ**
  ઉદારમતવાદી પ્રભાવ વધતો જાય તેમ ઇચ્છું છું ૧૭
- **ઉર્વીશ કોઠારી**
  સાર્થક પ્રકાશન : એક નવી પહેલ ૧૭
- **સિલાસ પટેલિયા :** ક્રાંતિનું નૃત્ય ૧૮
- **રમણ વાઘેલા :** એવું તો કશું ક્યાં છે? ૧૮
- **ફ્રાંકોઇસ ગૌટીઅર :** હિંદુ આતંકવાદ? ૧૯
- **ઈસુ દેસાઈ :** આતંકવાદ અને ભારત ૨૦
- **દિલીપ ન. મહેતા**
  'પાદરીઓ વિશે ગેરસમજ' ૨૦
- **શાંતિલાલ સંઘવી :** એટલે જ વહેમાઉં ૨૧
- **રમેશ કોઠારી :** હરતાં ફરતાં ૨૨


**☞ 'નિરીક્ષક' દર માસની પહેલી તથા સોળમી તારીખે પ્રગટ થાય છે. લવાજમનાં દર : વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫૦/-, વિદેશમાં રૂ. ૨૫૦૦/-, લવાજમની રકમ 'નિરીક્ષક પ્રકાશન'ના નામના બેન્ક ડ્રાફ્ટથી અથવા મ.ઓ.થી શાર્દૂલ પ્રેસ, રંભા કોમ્પ્લેક્સ, ઇન્કમટેક્ષ, અમદાવાદ-૧૪ને મોકલવામાં આવે તે અપેક્ષિત છે. આજીવન સભ્યો માટે : રૂ. ૧૫૦૦/-, વિદેશમાં રૂ. ૨૫૦૦૦/- નિરીક્ષક ફાઉન્ડેશનનાં નામના અમદાવાદની બેન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટથી નીચેના સરનામે મોકલવા : શાર્દૂલ પ્રેસ, રંભા કોમ્પ્લેક્સ, ઇન્કમટેક્ષ, અમદાવાદ-૧૪ સંપાદકીય પત્રવ્યવહાર : 'પ્રકાશ', નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૯. (ફોન : ૨૬૫૬૨૮૦૬)**

E-mail : prakash.nirikshak@gmail.com

**તંત્રી : પ્રકાશ ન. શાહ**

**સહયોગી તંત્રી (દેશાવર): વિપુલ કલ્યાણી**

'Holly Cottage' 13 Ferring Close, HARROW, Middlesex, HA2 0AR, UK

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

**પરામર્શક : નિરંજન ભગત**

અધૂરી તો હોવાની જ છે. મુખ્યમંત્રીના અમાપ અધિકારની આ સરાજાહેર ચેષ્ટામાં બીજું શું વાંચવું, સિવાય કે નિર્ભેળ મનમુરાદશાહી.

અને હવે ત્રીજા વિધેયકની વાત. ગુજરાત યુનિવર્સિટી કાયદા (સુધારા) વિધેયક પાછળનો હેતુ શિક્ષણમંત્રી ચુડાસમાએ સ્પષ્ટ કર્યા મુજબ તમામ કાયદાઓમાં સમાન (એકસરખી) જોગવાઈઓનો છે. સૂચિત કૉમન યુનિવર્સિટી ઍક્ટના વાસ્તવદર્શન સંદર્ભે એટલું જ કહેવું બસ થશે કે એમાં મહત્ત્વનો મુદ્દો બધે જ કુલાધિપતિ (રાજ્યપાલ)ને સ્થાને 'રાજ્ય સરકાર' એવા ફેરફારનો છે. સત્તાપક્ષની રાજકીય આઘાપાછીમાં અંકુશ અને સમતુલાના સાદા લોકશાહી સિદ્ધાંતની દૃષ્ટિએ કરાતી રહેલી જોગવાઈ આમ દૂર થશે, અને સર્વ સત્તા સરકાર કહેતાં મુખ્યમંત્રી હસ્તક જશે.

ગુજરાતમાં જો આમ મનમુરાદશાહીને વાસ્તે લાલ જાજમનું આયોજન થઈ રહ્યું હોય તો સરકાર-કૉર્પોરેટ સાંઠગાંઠ અને ખુદ સરકારના કૉર્પોરેટીકરણના જોગસંજોગના ઓથાર તળે આમ આદમીનું શું એ પૂછવું અક્ષરશઃ અસ્થાને લેખાશે. બાકી, પણે યુકેમાં લૉર્ડ આદમ પટેલ જેવાયે ક્યાં નથી જે ગુજરાતમાં ન્યાયની પ્રક્રિયા ચાલુ હોવાનો મુદ્દો આગળ ધરી નમો બાબતે કૂણા પડવામાં વાજબીપણું જતાવે છે. ભલા લૉર્ડસાહેબ ભલે ગુજરાતી મૂળના પણ ઇંગ્લિસ્તાનના બાશિંદા છે એટલે એમને 'બીકૉઝ ઑફ' અને 'ઇન્સ્પાઇટ ઑફ' વચ્ચેનો ભેદ ખબર ન હોય એમ માનવાને કારણ નથી. કટોકટીરાજ સામે લડીને આવેલાઓ આજે એક નવા જ મનમુરાદવાદ બાબતે લાલાયિત માલૂમ પડે છે ત્યારે દડો એ જાગ્રતજનોના વંડામાં છે જેમણે જોતે છતે નહીં જોવાનો જીવનમંત્ર અપનાવ્યો નથી.

પ્ર.ન.શા.



## સિંચાઈ વિધેયક, સોમનાથ, લોકાયુક્ત / દિનેશ શુક્લ

'નિરીક્ષક'નો છેલ્લો અંક (૧૬ માર્ચ, ૨૦૧૩) વાંચીને કેટલાક વિચારો આવ્યા, તેને શબ્દદેહ આપવાની ઇચ્છા થઈ. રોહિતભાઈએ ગુજરાત સિંચાઈ - પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક વિશે સુંદર, તલસ્પર્શી ચર્ચા કરી છે. આપણે શહેરોમાં રહેનારા અને ખેતીવાડી સિવાયના ધંધા-રોજગાર-પ્રોફેશનોમાં રોકાયેલાઓને જે અહેસાસ નથી કે આ વિધેયક દ્વારા સિંચાઈ આધારિત ખેતી કરનારા નાના-મોટા ખેડૂતો માટે આ કાયદો કેટલો જુલ્મી અને હાનિકારક પુરવાર થશે, એની સારી છણાવટ કરી છે. તેમને અભિનંદન!

બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોમાં જણાવવામાં આવ્યું છે કે રાજ્ય (કેન્દ્ર અને ઘટક રાજ્યો) બધા નાગરિકોને જીવનનિર્વાહનાં સાધનો ઉપલબ્ધ થાય તેવી નીતિ ઘડશે. ખેડૂતો-ખેતકામદારો-માલધારીઓ માટે જમીન અને પાણી એ જીવનનિર્વાહનાં મુખ્ય સાધનો છે. આ કાયદો સૌને સુલભ પાણીના ઉપયોગ પર જાતજાતના અંકુશો મૂકે છે અને એનો ભંગ કરનારને દંડ અને જેલની સજા કરી શકાય એવી જોગવાઈ કરે છે. એનો અર્થ એ થયો કે એમ કરનાર 'ક્રિમિનલ' ઠરે છે. ઉપરાંત, આ કાયદાનો અમલ કરનારા અધિકારી અથવા કર્મચારીઓ સામે કોઈ દાવો, ફરિયાદ કે કાનૂની કાર્યવાહી થઈ શકશે નહીં. એનો બીજો અર્થ એ પણ થયો કે પોતાના હકના રક્ષણ માટે અદાલતોમાં જવાનો ગુજરાતના ખેડૂત-નાગરિકોનો અધિકાર પણ છીનવાઈ જાય છે. આ કાયદાનો અમલ શરૂ થાય તે પહેલાં તેની સામે જાહેર હિતની અરજી થઈ શકે?

સોમનાથના મંદિર વિશે રોમિલા થાપરના પ્રવચન પર 'નિરીક્ષક'માં ઘણી સારી ચર્ચા થઈ. ભૂતકાળમાં ખરેખર શું બન્યું હતું, તે વિશે ઇતિહાસકારો અર્થઘટન-પુનઃઅર્થઘટન કરતા રહે છે. તમારું અર્થઘટન તમે કયા 'આધારો' (સોર્સિસ) પર આધાર રાખો છો, તેના પર છે. નવો આધાર હાથ લાગે તો તમારે નવેસરથી અર્થઘટન કરવું પડે, અથવા અગાઉ કરેલો અર્થઘટનમાં જરૂરી ફેરફાર કરવો પડે. ભૂતકાળમાં ખરેખર એવું જ બન્યું હતું કે કેમ, એ વિશે ઇતિહાસકારોમાં જ મતભેદો હોય છે.

એક દાખલો : ૨૦૦૨માં ગુજરાતમાં જે મુસ્લિમ વિરોધી હત્યાકાંડ થયા, તેના હેવાલો તે વખતનાં વર્તમાનપત્રોમાં છપાયા. તમે જો અમદાવાદથી પ્રકાશિત થતાં ગુજરાતી અખબારો વાંચો તો તમને એક ચિત્ર જોવા મળે પણ જો અન્ય શહેરોનાં અથવા અંગ્રેજી અખબારો વાંચો તો તદ્દન જુદું જ ચિત્ર જોવા મળે. આ લખનારને તેનો અનુભવ થયો છે. અમદાવાદમાં કેવા ભયંકર હત્યાકાંડ થયા છે, તેની વાત જ્યારે ભાવનગરથી આવેલા મિત્રોએ સાંભળી ત્યારે તેઓ માનવા જ તૈયાર ન હતા! ભવિષ્યનો ઇતિહાસકાર જો કેવળ ગુજરાતી અખબારો વાંચીને તે વિશે લખશે ત્યારે કેવું લખશે? કિશોરલાલ મશરૂવાળાએ તેમના પુસ્તક 'સમૂળી ક્રાંતિ'માં ઇતિહાસ વિશેના પ્રકરણમાં જણાવ્યું છે કે 'ઇતિહાસ ભલે ભણાવો પણ એક કાલ્પનિક વાર્તા કે નવલકથા તરીકે ભણાવો.' વર્તમાન રાજકારણનાં ચશ્માંથી ઇતિહાસ જોવામાં આવતો હોય છે અને તેનું મનપસંદ અર્થઘટન કરવામાં આવતું હોય છે.

અને છેલ્લે, હવે એક -પક્ષ-રાજ્ય (વન પાર્ટી સ્ટેટ) બની ગયું છે. સક્ષમ વિરોધ પક્ષનો અભાવ ગુજરાતના નાગરિકોને ગૂંગળાવ્યા કરશે, એવું લાગે છે. બહુ બહુ તો તમે અદાલતોનો આશરો લો- પહેલાં હાઇકોર્ટ, તેના ચુકાદા સામે રિવિઝન અરજી, તેનો ચુકાદો પ્રતિકૂળ આવે તો સર્વોચ્ચ અદાલતમાં અપીલ અને તેમાં પણ પ્રતિકૂળ ચુકાદો આવે તો પછી 'ક્યુરેટિવ એપ્લીકેશન'. મતલબ સાફ છે, મારે કોઈપણ સંજોગોમાં ગુજરાતમાં લોકાયુક્ત ન જોઈએ તે ન જ જોઈએ.

સ્ફૂરેલા વિચારોને શબ્દદેહ આપવાની આ ચેષ્ટા સમેટતાં બીજું શું કહેવું, સિવાય કે ડિસેમ્બર ૨૦૧૨માં રેકોર્ડ મતદાન કરીને ગુજરાતના મતદારોએ પાંચ વર્ષ માટે કાંડા કાપી આપ્યા છે. ભોગવો હવે!

'મીમાંસા', ૨૭, મિથિલા સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

**ઇન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે, યા હોમ કરીને પડો ફતેહ છે આગે**

**આપખુદશાહી વલણો સામે**

**ગુજરાત નાગરિક સંમેલન**

૮ એપ્રિલ, સોમવાર

સવારના ૧૦થી સાંજના ૪

મહેંદી નવાઝ જંગ હૉલ, પાલડી, અમદાવાદ.

**નિસબત ધરાવતા સૌને સહભાગી થવા હાર્દિક અનુરોધ**

લોક આંદોલન ગુજરાત, ગુજરાત લોકસમિતિ, પીયુસીએલ, શિક્ષણ બચાવો સમિતિ

## સુખના ખજાનાનું ખોદકામ / રોહિત શુક્લ

ચોથા વાંદરાને ખબર પડતી નથી કે તેને પોતાને શેનો આનંદ થઈ રહ્યો છે. શિયાળો જઈ રહ્યો છે તેનો કે પછી વસંત બેસી રહી છે તેનો. ગમે તેમ પણ તેણે એક શાંત જગ્યાએ જઈને એક ફૂટ બાય ચાર ફૂટ બાય બે ફૂટનો ખાડો ખોદી કાઢ્યો. નવાં પાંદડાં ફૂટતાં હોવાથી જૂનાં ખરી પડતાં હતાં. મતલબ કે વસંત આવી રહી હતી; પણ લોકો તો 'પાંદડા ખરે તે પાનખર' ન્યાયને ચુસ્તપણે અનુસરતા હોવાથી વસંતને પણ પાનખર જ કહેવાનું મન બનાવી ચૂક્યા હતા. ચોથા વાંદરાએ ચારે બાજુ વેરાયેલા સૂકાં પાંદડાં આ ખાડામાં ભરી દીધાં. ચોથેશ્વરી ક્યારનાય ઝાડ ઉપર બેઠાંબેઠાં આ બધો તાલ જોઈ રહ્યાં હતાં. જોકે તેમણે માનેલું કે આજે પોતાનો પતિ કોઈક છૂપા ખજાનાની શોધમાં હોવો જોઈએ. વગર કારણે કોઈ આઠ ઘનફૂટનો ખાડો શું કામ ખોદે? નક્કી પોતાના ભરથારને છૂપા ખજાનાનો નકશો મળી ગયો હશે. હમણાં ચોથિયો થોડુંક વધુ ઊંડું ખોદશે- હાલ તેની તીકમનો છેડો કો'ક કળશ સાથે તડીમ દઈને ટકરાશે અને ચોથિયો યુરેકા યુરેકા કરતો ઠેકડા મારવા લાગશે એમ ધારીને ચોથેશ્વરી પોતાના સ્માર્ટ ફોનમાં તેની વિડિયો ક્લિપ ઝડપવા તૈયાર થઈને બેઠાં હતાં. પણ આ પાગલે તો ખાડામાં આગળ ખોદવાને બદલે પાંદડા વાળવા માંડ્યા અને ચોથેશ્વરીને ફાળ પડી. વળી પાછું આનું છટક્યું કે શું. પણ મામલો અટકળને ઓવારે પહોંચે તે પહેલા તો નીચેથી ઝાડ તરફ જોઈને ચોથિયાએ મોઢામાં આંગળી ઘાલીને 'સૂઈ ઈઈઈ…' કરીને એક સીટી મારીને ચોથેશ્વરીને ખાડા પાસે બોલાવ્યા. ઝાડ ઉપર હરતા, રમતા, ખાતા, પીતા. ગુલાંટ ખાતા એવા તમામ વાનરોને તો ભાઈ જાણે ફુલેકું ચઢ્યું હોય તેવું જોણું થયું. ખાસ તો ચોથિયાને આવી બાબતોથી વારવા વાસ્તે જ ચોથેશ્વરી બનતી ત્વરાએ હેઠે ઊતરી આવ્યાં. એ કાંઈ કહેવા જાય તે પહેલા તો ચોથિયાએ તેમનો હાથ પકડી સૂકા પાંદડા ભરેલા ખાડામાં કૂદકો જ માર્યો. વળી બહાર નીકળીને ફરી કૂદકો. ચોથેશ્વરીને થયું કે પોતાની અંદરનું કાંઈ પીગળી રહ્યું હતું. તો આમ વાત હતી - પેલા ખજાનાની શોધ અહીં અને આ રીતે પૂરી થતી હશે તેવી તેમને ધારણા પણ ન હતી. પેલા ઝાડ ઉપર બેઠેલા સૌ-રક્તાક્ષ, શ્વેતકેશી, એકદંતગૂમ - બધા જ કૂદીકૂદીને નીચે આવીને ખાડામાં કૂદવા માંડ્યા. સૂકાં પાંદડાંનો મર્મર ધ્વનિ અને દેહ સાથેના અત્યંત ઋજ ઘર્ષણને કોઈ ગુમાવવા તૈયાર ન હતું, અને છોગામાં પાછો આ તો વાનર સમૂહ! કૂદકા અને ગુલાંટીયાની તો રમઝટ જ મચી ગઈ.

પણ મિ. ચોથિયા, તમે આવું બધું કરીને અમારી સમક્ષ શેનું ડેમોન્સ્ટ્રેશન કરવા તાકો છો, હળવા ઘૂરકાટ સાથે રક્તાક્ષે પૂછ્યું. પણ ત્યાં તો ચોથેશ્વરી અને ચોથિયાએ ટીંગાટોળી કરીને રક્તાક્ષને ખાડામાં ફેંક્યો અને કહ્યું - જીવનમાં બધે હેતુ શોધતા ફરવાનું બંધ કરીશ તો જ જીવન. જીવાતું થશે. તારે બધામાં હેતુ શું કામ શોધવા પડે છે? બધા વ્યવહારોમાં તારે નફો, નુકસાન, વ્યાજ, ખરચ, ઘસારો, મૂડી, જીડીપી, સત્તા, જીદ- આવું બધું જ શા માટે શોધતા અને ખોદતા રહેવું પડે છે? અલ્યા બબુચક, આ ખાડામાં મારી મેડમ સાથે હું કૂદ્યો તેના આનંદનું ગણિત અને નફોનુકસાન ગણવાના હોય? તારા ચક્રમ જેવા ભેજામાં કેવી ગણતરીઓ ચાલી શકે તે કહું? આઠ ઘનફૂટનું માટીકામ કર્યું. તેનો એસઓઆર પ્રમાણે ભાવ છન્નું રૂપિયા વત્તા એક ફૂટનો લીફ્ટ અને ત્રણ ફૂટનો લીડ રેટ ગણતા ખાડો ખોદવાનો માટીકામનો ખર્ચ કુલ રૂપિયા બસો અડતાળીસ પૂરા. અલ્યા ભેંસના ભાઈના પર્યાયવાચક નામ સમાન ભાઈ - તારા આ આર્થિક વિકાસલક્ષી ભેજામાં ક્યારેય કોઈ નિર્ભેળ આનંદ નામના પંખીએ ટહુકો કર્યો છે? અલ્યા, તને બધે રૂપિયા ભળાય છે પણ જીવનનો સંતોષ અને આનંદ શું ચીજ છે તેની તને ભનક પણ કદી આવે છે ખરી?

હોલ્ડ ઈટ, હોલ્ડ ઈટ, મિ. ચોથિયા, ધીસ ઈઝ રબ્બીશ. તને ખબર છે મની મેટર્સ. નાણાં વગરનો નાથિયો અને નાણે નાથાલાલ. પૈસા હશે તો નપૂછીયાય પૂંછડી પટપટાવતાં પાછળ પડશે. દુનિયા સત્તાધીશોના કદમ ચૂમતી ફરે છે. મની એન્ડ પાવર-પાવર એન્ડ મની - દુનિયા નિર્ધન અને ગરીબડા સામે જોવા પણ તૈયાર નથી હોતી. સફળ થાવ સાબિત કરો અને રાજ કરો - આ જ દુનિયાનું રહસ્યમય સૂત્ર છે. મને કહેવા દે કે તારામાં ટેલેન્ટ તો ઘણી છે. પણ ઇટ ઓલ ઇઝ સચ અ વેસ્ટ. માય ડીઅર, યુ આર અ વેસ્ટેડ ફીનોમીનન.

હજુ તો ખાડામાં કૂદવાનો રોમાંસ પૂરો ઊતર્યો પણ નો'તો ને રક્તાક્ષે ચોથિયાને ઉતારી પાડ્યો તેથી ચોથેશ્વરી તો છણક્યાં. પણ આ તો નવીનવાઈનું મહાભારત મંડાણું હતું. પેલા મહાભારતમાં અર્જુન યુદ્ધ કરવામાં આનાકાની કરતો હતો અને ભગવાને તેને જ્ઞાન આપ્યું હતું. આ નવા મહાભારતમાં તો અર્જુન લડવા માટે અત્યંત મૂડમાં છે અને તેવી વસમી વેળાએ ભગવાને તેને જ્ઞાન આપવાની ઉતાવળ કરવાની હતી તે ચોથેશ્વરી જાણતાં હતાં.

તે હેં મારા વીરા, આ ગ્રીસ અને સાયપ્રસમાં કે પછી ઇટલી, આયર્લેન્ડ, પોર્તુગલ અને સ્પેનમાં લોકો વિકાસ પામેલા જ કહેવાય ને. કેટકેટલા ઉજાગરા વેઠીને તેમણે ધન એકઠું કર્યું હશે. એ બધા મારા વાલીડાઓને તો ચારે બાજુ સુખ જ સુખનાં હોડકાં તરતાં જણાતાં હશે ખરું ને! તો પછી ત્યાં લોકો રસ્તા પર કેમ ઊતરી આવતા હશે? આજે તો રાજ્યના પ્રતિનિધિરૂપ પોલીસની સામે તે બધા લડે છે, કાલે એવું પણ બને કે પોલીસ તેમની ભેગી જ થઈ જાય - કારણ કે સરકારોના ગેરવહીવટો અને લોકવિરોધી નીતિઓના તે પણ તેટલા જ ભોગ બનેલા છે. પછી લોક અને પોલીસ મળીને કોની પાછળ દોડશે? દેશદેશના માનવ સમૂહોની આ ચિંતા વધતી જાય છે. સુખની શોધમાં નીકળનારા તો યુગોથી જનમતા રહ્યા છે અને સુખ પામ્યા વગર વિદાય પણ થયા છે. આવા સુખવાંછુઓ બાકીની દુનિયા માટે દુઃખના ડુંગરા ખડકતા ગયા છે.

માદામ ચોથેશ્વરી, હું તમારી ઈજ્જત કરું છું પણ મને કહેવા દો કે તમે આ ચોથિયાની અડફેટે ચડ્યાં ન હોત તો કો'ક મહાન નેતા કે અફસર બન્યાં જ હોત. તમે આવું બધું જૂનવાણી વિચારી જ કેમ શકો? દુનિયા આખી નવી શોધોખોળો, નવી ટેકનોલોજી, નવી મહાનતા અને નવી ઉંચાઈઓ તરફ ધસમસતી આગળ વધી રહી છે અને તમે લોકો તમારા પૂંછડાના છેડાથી કશું દેખી શકતાં નથી. કેવું શરમજનક… અને કેવી પછાત મનોવૃત્તિમાં તમે બધાં સબડી રહ્યાં છો!

તે હે મહાત્મા રક્તાદિત્ય, જરા મને તમારી આ સુખ અને ભોગ તથા સ્વાર્થપરક દુનિયાના બે શબ્દો સમજાવશો? એકને કહે છે પોન્ઝી અને બીજાને કહે છે પિરામિડ. કહે છે તમારી નવી સુખશોધક વ્યવસ્થામાં આ બેનો ભારે મહિમા છે.

જુઓ માદામ, તમે મને થોડાંક નાણાંકીય કે આર્થિક ગોટાળાની આણ દઈને ફસાવી નહીં શકો. આવા ગોટાળા એ કાંઈ આખી વ્યવસ્થાના પરિચાયક થોડા જ ગણાય. ત્યારે સાંભળ મારા વીરા - આ નવી વ્યવસ્થાનું હાર્દ અને રહસ્ય સમજાવું. ચોથેશ્વરીએ રક્તાક્ષને બરાબર ઘેર્યો : એક બેનિન નામનો દેશ છે, તેની કુલ જીડીપીનો ચોથો ભાગ આ મહાનભુાવો ચટ કરી ગયા છે. દક્ષિણ આફ્રિકામાં બસોાવીસ

યોજનાઓમાં લોકોના નાણાં ડૂબતાં જ રહે છે. ત્યાંની રિઝર્વ બૅંકે તો લોકોને આવા ગોટાળિયાથી બચતા રહેવાની શિખામણો આપવી પડે છે. કેન્યામાં લગભગ એક અબજ ડોલર હમણાં જ ઊડી ગયા. લીસોટો, રશિયા, અમેરિકા અને આપણો મહાન ભારત તો ખરો જ! ખુદ અમેરિકામાં બર્નાર્ડ મેડોફ નામના એક જ શૂરવીર ધનકુબેરે એકલે હાથે પચાસ હજાર અબજ ડોલરનું ફૂલેકું ફેરવી બતાવ્યું છે.

કટ ઈટ, કટ ઈટ તમે આવા છૂટાછવાયા દાખલા દ્વારા મહાન મૂડીવાદી રચનાની મજાક ના જ ઊડાવી શકો! રક્તાક્ષનું મગજ ચકરાવે ચઢ્યું હતું. એમકે બાપ, ભલે ત્યારે આપણે તારા મૂડીવાદના યાત્રાસ્થળ જેવા અમેરિકા અને તેની પણ ફેડરલ રિઝર્વ સિસ્ટમની વાત કરીએ. અલબત્ત, આ ઘટના પેલા પોન્ઝી કે પિરામિડ પ્રકારની નથી. પણ કરવેરા ભરનારાનાં નાણાં વડે મૂડીવાદી અને વિકસિત ગણાતા જગતમાં શું બને છે તેનો અણસાર તો જરૂર આવશે.

તારી આ ફેડરલ રિઝર્વ સિસ્ટમે કરવેરા ભરનારાના ૧૨.૩ ટ્રિલિયન ડોલર વડે જે ખેલ રચ્યા છે તે સમજવાની ફુરસદ કાઢવા જેવી છે. આ વિગતો વોલ સ્ટ્રીટના પેન્ટાગોન પેપર્સ તરીકે કુખ્યાત બની છે. અત્યાર સુધીના વિશ્વનો આ સૌથી મોટો ગોટાળો છે. અમેરિકા જેવી મહાસત્તા, કે જે ભ્રષ્ટાચાર વગરનું જગત ગણાય તેની સૌથી મહત્ત્વની એવી ફેડરલ રિઝર્વ સિસ્ટમમાં આવી પરિસ્થિતિ હોય તો મૂડીવાદના માથેથી છાપરું જ ખસી ગયું કહેવાય. જાણકારો કહે છે તેમ જવાબદેહીતા અને કાનૂની વ્યવસ્થા તરફ કોઈ સન્માન દાખવવામાં આવ્યું નથી.

જુઓ તમે તો વાતમાં મો'ણ જ નાખે જાવ છો. બધાં વિશેષણો વાપરે જાવ છો પણ ખરેખર શું બન્યું તે તો કહેતા જ નથી. આધાર વગરના અભિપ્રાયો એટલે જ પ્રચાર તે તો તમે સમજો છો ને.

ભાઈલા મારા, મૂડીવાદમાં તો તમે કહો છો કે બધું સમેસૂતરું હોય છે. કદાચ કે ક્યારેક થોડીઘણી આઘીપાછી થાય તો પણ - એટલે કે ઘડિયાળનું લોલક થોડુંક હાલે તો બીજી ઘડીએ પાછું ઠેકાણે આવી જશે એવું તમે બધા શા આધારે બોલે જાવ છો તે કહો. તમારા પોતાના જ લખાણોના પૂરતા આધાર તો આપો. આવા આધાર વગર તમે પણ પ્રચાર કરનારા જ ના કહેવાય? પણ એવું રખે માનતો કે મારી પાસે થડ વિનાનું ઝાડ છે.

ફેડરલ રિઝર્વે; 'ઈમરજન્સી લેન્ડિંગ પ્રોગ્રામ'ના નામે આ આખું કમઠાણ કર્યું છે. આ ૧૨. હજાર અબજ એટલે કે ટ્રિલિયન ડોલરમાંથી ૩.૩ ટ્રિલિયન ડોલર તરલતાના સ્વરૂપે રોકડા અપાયા અને બાકીના નવ હજાર અબજ ડોલર ફાઈનાન્સિયલ એરેન્જમેન્ટના નામે અપાયા. આ ધનની નહેરો જેમનાં ખેતરોમાં વાળવામાં આવી તે બધા પૂરતા પાપ ભેગા કરી ચૂકેલા હતા. આ પતિતપાવન ફેડરલ નાણાં વડે માત્ર ગોટાળિયા બેન્કો જ લાભી ગઈ છે તેમ નથી. ગોલ્ડમેન સાક્સ, જે.પી. મોરગન, સિટિગ્રુપ, બેન્ક ઑફ અમેરિકા વગેરે ઉપરાંત ગાંસડો ભરીને દેશોની મધ્યસ્થ બેંકો પણ આમાં લાભી શકી છે. ઑસ્ટ્રેલિયા, ડેનમાર્ક, જાપાન, મેક્સિકો, નોર્વે, દ. કોરિયા, સ્વીડન, સ્વિત્ઝરલેન્ડ, ઇંગ્લેન્ડ વગેરે દેશોની માતબર બૅન્કોની ઝેરી ગણાતી સિક્યુરિટીઝમાં કોઈ જ નિયમો પાળ્યા વગર આટલાં મોટાં રોકાણો થઈ ગયાં અને તારા જેવો નવાણિયો બેગાની શાદી અને ભાઈ અબ્દુલ્લાની જેમ હીંચ રમતો ફર્યા કરે છે.

તારા આ જગતના સુખી થવાના કારસાની પાછળ શોષણ, છેતરપિંડી અને નાઈન્સાફી જ શા માટે હોવાં જોઈએ? તું એમ માને છે કે તું એકલો જ સુખી થઈ શકીશ, ખરું કે. ભાઈ, એકલા ઝાડવાથી વન નથી બનતાં. સુખ તો બધાની સહિયારી નીપજ જ હોઈ શકે. માટે છોડ તારી આગવા સુખની શોધ-પકડ મારો હાથ અને ઝંપલાવ આ પાંદડાથી ટોચ ભરેલા ખાડામાં.

**પુચ્છનોંધ**

૧. 'હું તેવીસમા માળે ઊભો રહું તેટલા માત્રથી હું સુખી નથી. બાકીનાં બધાં ઝૂંપડામાં રહે છે તેથી જ મને સુખ મળે છે.' આ વિધાનને મનોવિકૃતિ ગણીને કાઢી નાંખી ન શકાય કારણ કે 'મહાજનો યેન ગતા સઃપન્થા'. આવા કોઈ જ પ્રશ્નનો જવાબ આપવામાં પડવા જેવું નથી.

૨. મહાન મૂડીવાદના ફુલડોલ હિંડોળાને મહાલતો રાખવા વાસ્તે સરકારો થોડાક મૂડીપતિઓ સાથે મહાલે અને થોડાક લાખ કે કરોડ ગરીબોને વધુ લૂંટે તેમાં માત્ર 'કરમન કી ગતિ ન્યારી'નું સમૂહગાન જ કરવાનું રહે છે. મહાન દેશોના મહાન નેતાઓના ગંગાસ્નાનના સંદર્ભમાં આ ચર્ચાને આટોપો.

૩. મૂડીવાદના મહોરા પાછળનાં છેતરપિંડી, સરકારી સાજેદારી, નમૂનેદાર લૂંટ અને પ્રચારનાં પડઘમને લક્ષમાં લીધા વગર સાબિત કરો કે સાચું સુખ તો લૂંટાવામાં જ છે.

૩૪૫, સરસ્વતીનગર, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ

**મુંબઈ વિદ્યાપીઠ**

**ગુજરાતી વિભાગ**

**"ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા"**

પ્રિય સહૃદય,

મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના ઉપક્રમે તા. ૧૭ અને ૧૮ એપ્રિલ ૨૦૧૩ના બે દિવસો દરમિયાન ઠક્કર વસનજી માધવજી સ્મારક વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વ્યાખ્યાનશ્રેણીમાં જાણીતા કર્મશીલ અને વિચારપત્ર 'નિરીક્ષક'ના તંત્રી **શ્રી પ્રકાશ ન. શાહ** *'સ્વતંત્ર પ્રકૃતિ તમામ, એક માનવી જ કાં ગુલામ'* વિષય સંદર્ભે ત્રણ વ્યાખ્યાનો આપશે. આ વ્યાખ્યાન શ્રેણીના પ્રમુખપદે સમાજવિદ્યાઓ અને સાહિત્યના અભ્યાસી **શ્રી નગીનદાસ સંઘવી** ઉપસ્થિત રહેશે. આ વ્યાખ્યાનશ્રેણીમાં સમયસર ઉપસ્થિત રહેવા આપને હાર્દિક નિમંત્રણ છે.

**ડૉ. રતિલાલ રોહિત** (અધ્યક્ષ, ગુજરાતી વિભાગ)

**ડૉ. ઉર્વશી પંડ્યા**, **ડૉ. અભય દોશી** (સહયોગી પ્રાધ્યાપકો)

**: કાર્યક્રમ :**

| | | |
|---|---|---|
| ૧૭-૪-૨૦૧૩, બુધવાર | બપોરે ૨.૩૦થી ૩.૩૦ | વ્યાખ્યાન-૧ |
| | ૩.૪૫થી ૪.૪૫ | વ્યાખ્યાન-૨ |
| ૧૮-૪-૨૦૧૩, ગુરુવાર | બપોરે ૩.૦૦થી ૪.૦૦ | વ્યાખ્યાન-૩ |

**સ્થળ :** ગુજરાતી વિભાગ, રાનડે ભવન, મુંબઈ યુનિવર્સિટી, વિદ્યાનગરી, કાલીના, સાંતાક્રૂઝ (પૂર્વ), મુંબઈ ૪૦૦૦૯૮

**સંપર્ક :** ડૉ. રતિલાલ રોહિત : ૦૯૮૨૧૭૫૮૯૧૪

e-mail : ratilal.rohit@rediffmail.com

# આપણી ભાષા, આપણું વાસ્તવ / રાજેન્દ્ર પટેલ

*જો તમને દુનિયામાં ગુજરાતી ભાષા જેવી સરળ અને સમૃદ્ધ બીજી કોઈ ભાષા મળી આવે તો માનજો કે તમે કોઈ 'નવી શોધ' કરી છે.*

*- ફાધર વાલેસ*

માનવ ઉત્ક્રાંતિમાં ભાષા એક મહત્ત્વનું ચાલકબળ છે. આપણાં વેદાંત-દર્શનમાં તો શબ્દનેય સર્જક તરીકે લેખવામાં આવ્યો છે. એ રીતે સર્જન સમસ્ત શબ્દ વડે થતી અભિવ્યક્તિ છે. ભાષાનો, વાણીનો મહિમા આપણી પરંપરાનો પાયો છે. ભારતીય વિદ્વાનોએ ભાષાનાં ચાર સ્તરોની વાત કરી છે. પરા, પશ્યન્તિ, મધ્યમા અને વૈખરી. પરા તો નિઃસ્પન્દ છે. પશ્યન્તિમાં શબ્દ અને અર્થ એકરૂપ છે. મધ્યમામાં શબ્દ અને અર્થ માત્ર ભાવમાં જુદા તરે છે, જ્યારે વૈખરી લોક વ્યવહારની ભાષા છે. વૈખરીના બે પાસાં છે. એક પાસું વ્યાકરણ અને વાક્યરચનાનું છે, જ્યારે બીજું બાહ્ય વાસ્તવની તાર્કિક વ્યવસ્થા છે. ભારતીય ભાષાઓની આ સૂક્ષ્મ સમજ છે.

ભારતમાં પાંચ ભાષાનો પરિવાર છે, તેમાં ૧૯૬૧ના સર્વેક્ષણ મુજબ ૧૬૫૨ ભાષાઓ બોલાય છે. ૨૦૦૧ની વસતી ગણતરીમાં હિન્દી ભાષાની સંખ્યા ૪૨.૨૧ કરોડ (૪૧.૦૩ ટકા) ગણવામાં આવી હતી. બંગાળી ભાષકોની સંખ્યા ૮.૩૫ કરોડ (૮.૧૧ ટકા), તેલુગુ ભાષકની સંખ્યા ૭.૪૦ કરોડ (૭.૧૯ ટકા), મરાઠી ભાષકોની સંખ્યા ૭.૧૯ કરોડ (૬.૪૯ ટકા), તમિલ ભાષકોની સંખ્યા ૬.૦૭ કરોડ (૫.૯૧ ટકા) ગણવામાં આવી હતી. ઉર્દૂ - ૫.૧૫ કરોડ (૫.૦૧ ટકા), ગુજરાતી - ૪.૬૦ કરોડ (૪.૪૮ ટકા), કન્નડ - ૩.૭૯ કરોડ (૩.૬૯ ટકા), મલયાલમ - ૩.૩૦ કરોડ (૩.૨૧ ટકા), ઓડિયા - ૩.૩૦ કરોડ (૩.૨૧ ટકા), પંજાબી ૨.૯૧ કરોડ (૨.૧૯ ટકા), અસમિયા - ૧.૩૧ કરોડ (૧.૨૮ ટકા), મૈથિલી - ૧.૨૧ કરોડ (૧.૨૮ ટકા), સન્થાલી ૬૪.૬૯ લાખ (૦.૬૩ ટકા), કશ્મીરી - ૫૫.૨૭ લાખ (૦.૫૪ ટકા), નેપાળી - ૨૮.૭૧ લાખ (૦.૨૮ ટકા), સિન્ધી - ૨૫.૩૫ લાખ (૦.૨૫ ટકા), કોંકણી - ૨૪.૮૯ લાખ (૦.૨૪ ટકા), ડોંગરી - ૨૨.૮૨ લાખ (૦.૨૨ ટકા), મણિપુરી - ૧૪.૬૯ લાખ (૦.૧૪ ટકા), બોડો - ૧૩.૫૦ લાખ (૦.૧૩ ટકા), સંસ્કૃત - ૧૪,૧૩૫ માત્રની ગણતરી કરવામાં આવી હતી.

૨૦૦૧ની વસતી ગણતરીમાં ઉપરોક્ત ૧૬૫૨ ભાષાને માત્ર ૧૨૨ ભાષાઓ જ ઉલ્લેખવામાં આવી. જોકે આ વસતી ગણતરીમાં પ્રથમ તબક્કે ૬૬૧ માતૃભાષાઓને નોંધવામાં આવેલી. ફળસ્વરૂપે નાની સંખ્યાની ભાષાઓ અને એના બોલનારાની સંખ્યા ધીરે ધીરે લુપ્ત થતી જાય છે. પ્રસિદ્ધ ભાષાવિદ્ અન્વિતા અબ્બીના મતે જો ભાષાનો પિરામિડ બનાવવામાં આવે તો સૌથી ઉપર અંગ્રેજી આવે તેની નીચે આઠમી જગ્યાએ આપણી ૨૨ ભાષાઓ આવે (૧૯૬૧). આ ૨૨ ભાષાઓને ૬૫ ઉપભાષા છે અને એની નીચે ૧૦૦ પ્રાદેશિક ભાષાઓ છે. આ ૧૦૦ પ્રાદેશિક ભાષાની ૧૪૯ ઉપભાષા છે. અને એની નીચે ઓછામાં ઓછી ૧000થી ઓછી સંખ્યામાં બોલાતી ભાષાઓ છે, જે ધીરે ધીરે લુપ્ત થઈ રહી છે. જેમ કે, અંદામાનની ભાષાઓ.

અન્વિતા અબ્બીએ ભાષાની સુરક્ષા, સંરક્ષણ અને સંવર્ધન સાથે પાંચ બંધારણીય જોગવાઈઓ તરફ ધ્યાન દોર્યું છે તે આ મુજબ છે.

(૧) બંધારણની કલમ ૩૫૦ અનુસાર કોઈપણ નાગરિક (કોઈપણ ભાષક) ન્યાયાલયમાં ન્યાય માંગી શકે છે.

(૨) અલ્પ સંખ્યાના ભાષકોનાં બાળકોય પ્રાથમિક શિક્ષણ પોતાની ભાષામાં લેવા માટે હકદાર છે.

(૩) ૩૫૦બી મુજબ અલ્પ સંખ્યાના ભાષકોને માટે વિશેષાધિકાર આપવામાં આવ્યો છે. દરેક વર્ષે અલ્પ સંખ્યકોના આયુક્ત રાષ્ટ્રપતિને પોતાનું પ્રતિવેદન આપશે.

(૪) કલમ ૩૪૭ મુજબ કોઈપણ રાજયનો મોટો સમૂહ જે ભાષા બોલતો હશે, તે ભાષાને રાજયભાષા બનવાની માગ કરી શકે છે.

(૫) કલમ ૩૪૫ મુજબ રાજ્ય કોઈ એક કે એથી વધુ ભાષામાં શાસન કરી શકે છે.

સૌથી મહત્ત્વનો મુદ્દો શિક્ષણના માધ્યમનો છે. ગાંધીજીનું સપનું તો ભારતમાં તમામ બાળકોનું પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં થાય એ હતું. ગાંધીજીના માતૃભાષા અંગેના કેટલાક વિચારો આપણે ફરીથી જોવા જોઈએ -

(૧) માતાના ધાવણની સાથે જે સંસ્કાર મળે છે ને જે મધુર શબ્દો મળે છે તેની અને શાળાની વચ્ચે જે અનુસંધાન હોવું જોઈએ, તે પરભાષા મારફતે કેળવણી લેવામાં તૂટે છે. તે તોડનારના હેતુ પવિત્ર હોવા છતાં તે પ્રજાના દુશ્મન છે. આપણે તેવા શિક્ષણના ભોગ થવામાં માતૃદ્રોહ કરીએ છીએ. પરભાષા દ્વારા મળતા શિક્ષણમાં નુકસાન એટલે જ નથી અટક્યું. શિક્ષિત વર્ગ અને પ્રજાવર્ગ વચ્ચે અંતર પડી ગયું છે.

(૨) આપણે તો અંગ્રેજી કેળવણીમાં ધનપ્રાપ્તિ જોઈ એટલે તે ઉપયોગને પ્રધાનપદ આપ્યું. કેટલાકે સ્વદેશાભિમાન પોષ્યું. એમ મૂળ વિચાર ગૌણ થયો ને અંગ્રેજી ભાષાનો પ્રચાર મેકોલેની ધારણા કરતાં વધ્યો તેમાં આપણે ખોયું છે.

(૩) નરસિંહ મહેતાની જે ભાષા છે, જેમાં નંદશંકરે પોતાનો કરણઘેલો લખ્યો, જેમાં નવલરામ, નર્મદાશંકર, મણિલાલ, મલબારી વગેરે લેખકો લખી ગયા છે, જે બોલીમાં મરહૂમ રાજચંદ્ર કવિએ અમૃતવાણી સંભળાવી છે, જે ભાષાની સેવા કરી શકે એવી હિંદુ, મુસલમાન ને પારસી જાતિઓ છે, જેના બોલનારામાં પવિત્ર સાધુ થઈ ગયા છે, જે વાપરનારામાં ધનાઢ્યો છે, જેમાં પરદેશ ખેડનારા વહાણવટીઓ થઈ ગયા છે, જેમાં મૂળુ માણેક ને જોધા માણેકના શુરાતનના પડઘા આજે પણ બરડા ડુંગરમાં સંભળાય છે તે ભાષાના વિસ્તારની સીમા હોય નહીં. તે ભાષાની મારફતે ગુજરાતીઓ કેળવણી ન લે તો તેઓ બીજું શું ઉજાળશે? આ પ્રશ્નને વિચારવો પડે એ જ ખેદ છે.

(૪) માતૃભાષાને કેળવણીનું વાહન કરવું એ ઈષ્ટ હોય તો તેનો અમલ થવા સારુ આપણે શાં પગલાં ભરવાં જોઈએ એ વિચારવું જોઈએ. દલીલો આપ્યા વગર એ પગલાં મને સૂઝે છે તેવાં લખી નાખું છું.

૧. અંગ્રેજી જાણનાર ગુજરાતીએ, જાણ્યેઅજાણ્યે પણ પરસ્પર વ્યવહારમાં અંગ્રેજીમાં પ્રયોગ ન કરવો.

૨. જેને અંગ્રેજી અને ગુજરાતી બંનેનું સારું જ્ઞાન છે તેણે અંગ્રેજીમાં જે સારાં ઉપયોગી પુસ્તકો કે વિચારો હોય તે પ્રજા આગળ ગુજરાતીમાં મૂકવાં.

૩. કેળવણી મંડળોએ પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવાં.

૪. ધનાઢ્ય પુરુષોએ ગુજરાતી મારફત કેળવણી આપવાની શાળાઓ જગે જગે સ્થાપવી.

૫. ઉપલી પ્રવૃત્તિની સાથે જ સરકારને પરિષદોએ અને કેળવણી મંડળોએ અરજી કરવી કે બધી કેળવણી માતૃભાષા મારફતે જ આપવી જોઈએ. અદાલતોમાં ને ધારાસભામાં વહેવાર ગુજરાતી મારફત થવો જોઈએ ને પ્રજાનું બધું કાર્ય તે જ ભાષામાં થવું જોઈએ. અંગ્રેજી જાણનારને જ સારી નોકરી મળી શકે છે તે પ્રથા બદલી નોકરોને લાયકાત પ્રમાણે ભાષાભેદ રાખ્યા વિના પસંદ કરવા જોઈએ. ગુજરાતી ભાષામાં તેઓને જોઈતું જ્ઞાન મળે એવી શાળાઓ સ્થપાવી જોઈએ, એવી અરજી પણ સરકારને જવી જોઈએ.

૬. ૧૯૧૭માં બીજી ગુજરાતી કેળવણી પરિષદમાં કહ્યું : ''માતૃભાષાનો જે અનાદર આપણે કરી રહ્યાં છીએ તેનું ભારે પ્રાયશ્ચિત્ત આપણે કરવું પડશે. તેથી પ્રજાએ ઘણું સહ્યું છે. તેમાંથી પ્રજાને છોડાવવી એ શિક્ષિત વર્ગની પહેલી ફરજ સમજું છું.''

**(અક્ષરદેહ)**

ગાંધીજી પહેલાં 'ગુજરાતી બચાવો'ની ઝુંબેશ બે કવિઓએ કરેલી. એક પ્રેમાનંદ અને બીજા દલપતરામે. પ્રેમાનંદે ગુજરાતી ભાષાને પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય નહીં ત્યાં સુધી પાઘડી ન પહેરવાનો સંકલ્પ જાહેર કરેલો. એ વાત કદાચ સાચી ન હોય તોપણ ગામેગામ ફરી પ્રેમાનંદે ગુજરાતીનો મહિમા કરેલો એ ઇતિહાસ નોંધે છે. દલપતરામનો પ્રસંગ અદ્‌ભુત છે. ખંડેરાવ ગાયકવાડે ગુજરાતની વહીવટી ભાષા મરાઠી ભાષા રહેશે એવી ઉદ્‌ઘોષણા કરી કારણ કે, ગુજરાતી ભાષા સામાન્ય લાગી હશે. ત્યારે આપણા કવિ દલપતરામનો આત્મા કકળી ઊઠ્યો. બે વાર પત્ર લખ્યો પણ જવાબ ન મળવાથી ખંડેરાવના દરબારમાં ઉપસ્થિત થઈ, ગુજરાતી ભાષાનો પરિચય પોતાની કવિતા દ્વારા કરાવ્યો. 'કોણ છો?' પ્રશ્નના પ્રત્યુત્તરમાં 'રૂડી ગુજરાતી રાણી વાણીનો વકીલ' છું કહી ગુજરાતી ભાષાનો પરિચય કરાવ્યો. પછીથી ગાયકવાડ મહારાજે ગુજરાતની વહીવટી ભાષા મરાઠી નહીં ગુજરાતી જાહેર કરી.

ગાંધીજીએ અંગ્રેજોથી મુક્તિ અપાવી ભારતીય ઓળખ બચાવી. હવે શું ગાંધીજીની માતૃભાષાની સંકલ્પના ભારતીય ભાષા (માતૃભાષા)ઓને અકબંધ રાખી શકશે? એક ગુલામીમાંથી આપણને બચાવ્યા. હવે વૈશ્વિકીકરણ, ઉપભોક્તાવાદના ભરડાની બીજી ગુલામીમાંથી ભાષાભિમાનના સાધનથી આપણને બચાવી શકીશું? ભારતની ભાષા-વિવિધતા એક મોટી સાંસ્કૃતિક ઘટના છે, જે ભારતની સાચી ઓળખ છે. વિવિધતામાં એકતા આપણી સાચી મૂડી છે. આ એકતાને નાના નાના ટુકડામાં વિભાજિત કરી, નષ્ટ કરી દેવાની ચાલ શું આપણે સમજી શકતા નથી? અંગ્રેજી ભાષાનો વિરોધ હોઈ જ શકે નહીં વિરોધ આપણા અંગ્રેજીપણાના વ્યામોહ પ્રત્યેનો છે. પોતાની ઓળખ લુપ્ત કરવાનો આનંદ અનુભવતા વાલીઓ, પોતાનાં બાળકોની નૈસર્ગિક સક્ષમતાઓને ઊગતી ને ઊગતી કરી દે છે. આજે એ હરખઘેલાં નાગરિક કાલે યંત્ર સમા સમાજની રચના કરી રહ્યાં છે, એ શિક્ષિત વર્ગ કેમ સમજી શકતો નહીં હોય?

જ્યારે ડાયાબિટીસ વધે છે ત્યારે શરીરના સૌથી નાજુક કોષ ધરાવતી આંખ પર સૌ પ્રથમ અસર વર્તાય છે, તેમ વૈશ્વિકીકરણ, સમાજરૂપી શરીરની ભાષારૂપી આંખ અને હૃદયને પાર વગરનું નુકસાન કરી રહ્યું છે ત્યારે સૌ ભારતીય નાગરિકોનું પ્રથમ કર્તવ્ય છે કે એમણે પોતાના જીવનનો ઉદ્દેશ બર આવવા દેવો હોય તો, માતૃભાષાને પોતાનાં બાળકોમાં જીવતી રાખે. અંગ્રેજી દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાનો કોઈ વાંધો જ ન હોઈ શકે, પરંતુ એ આપણી પ્રજ્ઞાનાશનું સાધન બની ન જાય એનો વિવેક પણ આપણે રાખવો રહ્યો. ઉમાશંકર જોશી તો અંગ્રેજીને ખપની ભાષા લેખાવતા.

આપણી સામે જગતના વિકસેલા દેશોનો પોતાનો ભાષા - આદર્શ અકબંધ રાખવાના દાખલા છે. જાપાન, ચીન, યુરોપ વગેરેમાં માતૃભાષા દ્વારા વિકાસ સધાય છે, તે ચિરંજીવ બને છે અને આવનારા સમયમાં માનવીયપણાને વધુ સંવર્ધક બને છે. હિબ્રુ ભાષાની વાત તો આપણે જાણવી જોઈએ. ૨૦૦૦ વર્ષ પહેલાં લગભગ લુપ્ત થયેલી ભાષાને એ પ્રજાએ ફરીથી જીવતી કરી અને પોતાના જીવનનો ભાગ બનાવી દીધી. ઇઝરાયલી પ્રજાના ખમીર પાછળ પણ એની ભાષા છે. પોતાની ભાષા ઓળખ, એના યુવાધનને ચળકતું રાખે છે, ધબકતું રાખે છે. વિશ્વના ૧૮૦ દેશોમાંથી માત્ર ૧૨ દેશો જ અંગ્રેજીમાં વ્યવહાર કરે છે. વર્ષે દુનિયામાંથી દસ ભાષા લુપ્ત થાય છે.

આ સંજોગોમાં આપણે ગાંધીચીંધ્યા રસ્તે જવાનું વિચારવું જ પડશે અને એક એવી વૈકલ્પિક વ્યવસ્થા પ્રસ્થાપિત કરવી પડશે, જે આધુનિકતાનો વિકલ્પ પૂરો પાડે. પશ્ચિમના આંધળા અનુકરણને ચીલે નહીં, પરંતુ આપણા પોતાનાં સારાં પરિવર્તનોના જોરે સમાજરચના કરવી રહી. જે વધુ લોકશાહીયુક્ત અને ન્યાયપૂર્ણ હોય, જે વિવિધતાની મૂડી પર પોતાની એકરૂપ સંવાદિતા પ્રસ્થાપિત કરતી હોય. પ્રાદેશિકતાનો પંગુ નહીં, પણ પ્રશંસનીય અર્થબોધ પ્રાપ્ત થતો હોય. આપણી વૈકલ્પિક આધુનિકતાનાં મંડણ આ માતૃભાષા આધારિત હશે તો આવતીકાલ ચોક્કસ ઉજાસભરી હશે.

### ગઝલ / ઉમેશ સોલંકી

પૂર્ણમાંથી પૂર્ણને, લે બાદ શા માટે કરું?
ભાંજગડમાં આયખું બરબાદ શા માટે કરું?

ઊંઘ આવે રોજ થાકેલા ફકીર જેવી મને,
બોલ, પંડિત, હવે હું વિખવાદ શા માટે કરું?

નગ્ન બાળક દેખ, ઓ ધર્મી, પછી બોલીશ તું
વસ્ત્ર કાજે વ્યર્થમાં જેહાદ શા માટે કરું?

હું જ છું, હા, મારી ભીતર, છેક ઊંડે હું જ છું.
તો મને હું ભીતરેથી બાદ શા માટે કરું?

## વર્તમાન વૈશ્વિક સમસ્યાઓ અને સ્ત્રીઓ / ઇલા પાઠક

સ્પેનનું મેડ્રીડ શહેર એટલે ત્યાં વસતી બહેનોના શબ્દોમાં સુંદર, સલામત અને જીવંત શહેર. તેવું શહેર આકર્ષક હોય, રસપ્રદ પણ હોય. શહેર હતું તો રૂપાળું. અનેક શિલ્પાકૃતિઓ, મ્યૂઝિયમો અને ખુલ્લી જગ્યાઓ તથા શિયાળાની ઋતુ છતાં અનેક વૃક્ષોની હારમાળાઓવાળું. વૃક્ષો જુઓ તો આશ્ચર્ય થાય કે આકરા શિયાળામાં પણ લીલાંછમ દેખાય છે, ફેબ્રુઆરી મહિનો હતો છતાં. પાસે જઈને જુઓ તો વધુ આશ્ચર્ય થાય કે ઘટાદાર દેખાતાં વૃક્ષોનાં પાન સળીઓ જેવા, પાનસળીઓના અનેક ઝુમખાં. નિશાળમાં શંકુદ્રુમ વિશે ભણેલા પણ સળી જેવાં પાંદડા વિશે અજાણ જ રહી જવાયું હતુ!

મેડ્રીડ જવાનું કારણ તો વિલ્ફ (વિમેન્સ ઇન્ટરનેશનલ લીગ ફૉર પીસ એન્ડ ફ્રીડમ)ની આંતરરાષ્ટ્રીય સભ્યોની મિટિંગ હતી. તેમાં પહેલે જ દિવસે સ્પેનની બહેનોએ સૌને પ્રેમથી આવકાર્યાં અને વાત માંડી, અમને જોઈએ છે યુરોપ, જોઈએ છે તે વિશ્વ વિશે. વર્તમાન જીવન કેટલું કટુ અને કઠોર થઈ પડ્યું છે તેની વાત તેમણે માંડીને કરી. આજે દુનિયા પર શાસન ચલાવી રહ્યાં છે તે પરિબળોએ વિશ્વમાં લોકશાહી પર જોખમ ઊભું કર્યું છે, માનવ અધિકારોને બાજુ પર હડસેલી દીધા છે અને સ્ત્રીઓની પ્રગતિ રોકી છે. આને વિકલ્પે આપણે અન્ય દર્શન મૂકવું પડશે. લોકશાહીની વ્યાખ્યા કરીએ છીએ, ફક્ત મત આપવો તેટલું જ નહીં પણ ગૌરવપૂર્વક જીવન જીવવું. બીજા વિશ્વયુદ્ધ પછી આશા જાગી હતી કે માનવઅધિકારોનું અને સામાજિક ન્યાયનું જતન થશે. પણ આજે આપણે સૌ વિપરીત પરિસ્થિતિમાં મુકાયા છીએ.

કેટલાક માણસોના જૂથનો અસીમ લોભ અનેકોનું અહિત કરી રહ્યો છે. બહુમુખી કટોકટી આપણા પર લદાઈ ગઈ છે. આ માટે અમે સ્પેનનો દાખલો લઈને રજૂઆત કરવા માંગીએ છીએ. સામાજિક, આર્થિક, રાજકીય અને પર્યાવરણીય કટોકટી આંતરરાષ્ટ્રીય કટોકટીનાં જ ભાગ છે. દેશમાં શાંતિ રહે તે માટે સામાજિક ન્યાય પૂર્વશરત છે. અહીં દુઃખી થતાં જૂથોમાં સ્ત્રીઓનું જૂથ સૌથી મોટું છે. જ્યારથી દેશમાં કરકસર (ઑસ્ટેરિટી-કડકાઈપૂર્ણ અભાવ? નૈતિક કઠોરતા)ને નામે ખર્ચ પર કાપ મૂકાવા માંડ્યો છે ત્યારથી શિક્ષણ પર (શિક્ષકોના વળતરમાં, શિષ્યવૃત્તિઓમાં, શાળામાં અપાતા ભોજનમાં, પાઠ્યપુસ્તકોમાં), આરોગ્ય સેવાઓ પર (પ્રસૂતિને લગતી સેવાઓ પણ), આશ્રિતોની સંભાળમાં સહાય પર, સામાજિક અને ન્યાયિક સેવાઓ પર તેમજ વિકાસ વિષયક નીતિઓ પર કાપ મુકાયો છે. આ બધું સૌથી વધુ અને સીધું સ્ત્રીઓ અને તેમના આશ્રયે ઉછરતાં બાળકોને સ્પર્શે છે.

જ્યારથી જનતાને સ્પર્શતા નિર્ણયો ટેકનોક્રેટ અને નાણાકીય સત્તાશાળીઓ લેતા થયા છે ત્યારથી લોકશાહીનું ધોવાણ થયું છે. સ્પેનમાં બેરોજગારીનું પ્રમાણ વધ્યું છે અને તેમાં ૨૬% જેટલા પુરુષો અને ૨૬%થી વધુ સ્ત્રીઓ બેકાર છે. બધું મળીને સક્ષમ યુવાનોમાં ૫૦% બેકાર છે. સ્ત્રીઓના અધિકારો તેમની પાસેથી સરકી જતા જણાય છે અને તેમની પર હાવી થતી જાય છે. દેશમાં જે નીતિઓ સ્વીકારાઈ છે અને રૂઢિગત ભૂમિકાઓ ફરીથી તે પ્રમાણે આચરણ થઈ રહ્યું છે તે સમાજમાં અશાંતિ ઊભી કરી રહ્યું છે.

આ બહુમુખી કટોકટીમાંથી ઊગરવા શું કરવું જોઈએ તેની મથામણ કરતાં સો-એક વર્ષ પહેલા વિલ્ફની મા-દાદીઓએ (સ્ત્રી-પૂર્વજોએ) સંઘર્ષ વિરુદ્ધ શાંતિની દરખાસ્તો મૂકી હતી તે સંભારીએ. આજે આર્થિક સંઘર્ષો છે તેની સામે આપણે વિકલ્પો સૂચવવાના છે. આપણને હવે જે યુરોપ જોઈએ છે, જે વિશ્વ જોઈએ છે તે શાંતિ, ન્યાય અને સમાનતાપૂર્ણ હોય. સંપત્તિ અને સત્તાની પુનઃ વહેંચણી તેમાં અપેક્ષિત છે. ત્યારે એકતાની ભાવના સર્વોપરી હોય અને માનવ અધિકારનાં જતન થતાં હોય. સેના દ્વારા અન્યને નમાવવાને બદલે વિચારવિમર્શ અને ઉદારતાથી પરસ્પરનો સહયોગ થતો હોય. એક વાર કલ્પના હતી કે યુરોપ તેનું કલ્યાણનું મોડેલ દુનિયા સામે ધરશે પણ તે જોખમમાં મુકાઈ ગયું છે તેટલું જ નહીં નાણાંની સત્તા ધરાવનારા સામે ઝૂકી જઈને યુરોપે પણ તેના કલ્યાણરાજ્યમાંથી હજારો લોકોને બહાર હડસેલ્યા છે. લોકશાહીમાં આજે જે ખોટ ઊભી થઈ રહી છે તેને લીધે શાંતિ જોખમાવાની છે. લોકશાહી અને સામાજિક ન્યાય વિના શાંતિ ટકી શકે જ નહીં તેવું આપણએ સમજીએ છીએ. યુરોપની નિષ્ફળતા વિશ્વશાંતિ સામે મોટું જોખમ ઊભું કરી રહી છે.

સ્પેન એક દાખલો છે. પણ આવી લોકશાહીના હ્રાસની અને નાણાંશાહોની હાકેમશાહીની અસર ગ્રીસ, પોર્ટુગલ, આયર્લેન્ડ એમ અનેક દેશોમાં વરતાઈ છે. સ્પેનમાં અનેક રીતે વિરોધો થઈ રહ્યા છે. શિક્ષણમાંની શિથિલતાના વિરોધીને લીલી ભરતી, જાહેર આરોગ્ય વિષયક વિરોધને શ્વેત ભરતી, સ્ત્રીઓના વિરોધને જાંબલી ભરતી એવાં નામ આપ્યાં છે. મેડ્રીડ શહેરમાં ફરતાં આવી અનેક ‘ભરતી’નો, વિરોધ પ્રદર્શનનો અનુભવ પણ અમે કર્યો. મોટી ઉંમરના જણાતા લોકો ભેગા થઈ રહ્યા હતા અને પત્રિકાઓ વહેંચતા હતા. તેમનું જૂથ જામ્યું ન હતું તેથી તેમાંના અંગ્રેજી જાણતા બે ભાઈઓએ તેમની વિરોધની ભરતીની વાત અમને સમજાવી. તેમની પત્રિકાનું મથાળું હતું ‘વૃદ્ધો અને વાંસળી વગાડતા યુવાનો’. તેમના સમર્થનમાં જોડાતા યુવાનોને તેમની સરકારે બેપરવાઈથી ફરતા રહેતા, મનમોજી, વાંસળી વગાડતા યુવાનો તરીકે ઉતારી પાડ્યા હતા, તે તેમણે પોતાના નામમાં જ ઉમેરી લીધું હતું. તેમનું કહેવું હતું કે સમાજોપયોગી કામ કર્યા પછી હવે તેઓ તેમના માનવ અધિકારોની માંગણી કરી રહ્યા હતા. તેમના પેન્શનમાં કપાત કરવામાં આવી તે પરત જોઈતી ન હતી. તેમણે પોતે આ દુનિયાને વધુ સારી બનાવવા પોતાનો ફાળો આપી દીધો હતો તેથી હવે ન્યાયપૂર્વક તેમને તેમના અધિકારો મળવા જોઈએ. શાંતપણે, અહિંસક રીતે તેઓ પોતાની માગણીઓ રજૂ કરતા હતા.

મેડ્રીકના વિશાળ ‘પ્યોરટો ડેલસોલ’ નામના ચોકમાં એક તરફ વૃદ્ધ પેન્શનરોનું ઝુમખું હતું તો બીજી તરફ ધ્યાનાકર્ષક રીતે ઊભેલા ભિખારીઓ હતા. એક સ્ત્રી પીળાં-ખાખી વસ્ત્રોમાં, શરીર પર પણ તેવો જ રંગ ચોળી સ્થિર ઊભી હતી. તેના પગથી થોડે દૂર એક પાત્ર પડ્યું હતું. તે સહેજ પણ હાલતી ન હતી, મૂર્તિ જ લાગે. કોઈક શાળામાં ફેન્સી ડ્રેસ પહેરેલું કોઈ હશે એમ પણ ક્ષણેક માની લેવાય. બીજી તરફ સફેદ વસ્ત્રોમાં પોતાનો શ્યામરંગ ઢાંકેલો એક પુરુષ, તેના હાથમાં એક દંડ, જેની ઉપરની તરફ એક પતરું જડેલું તેની પર બીજો એવો જ પુરુષ બેઠેલો. તેમનાથી થોડે દૂર એક પાત્ર પડ્યું હતું તે તેમનું ભિક્ષુકપણું સૂચવતું હતું, એટલામાં ક્યાંકથી કશીક બૂમ પડી અને આ પૂતળાં જીવંત થઈને ભાગ્યાં, સામાન પાથરીને ઊભેલા પાથરણાવાળાં સમેટીને ભાગ્યાં, પેન્શનર વૃદ્ધો ત્યાં જ રહ્યા અને અમે જોતાં જ રહી ગયા. પોલીસ આવવાની બૂમ પડી હતી એવું સમજ્યા પણ અમને તે દેખાઈ નહીં!

સ્પેનની વિલ્ફની બહેનોએ અમારી સૌની સાથે પણ એક જાંબલી ભરતી ઊભરાવવાનું સ્ત્રીઓનું વિરોધ પ્રદર્શન આયોજિત કરવાનું વિચારી

રાખેલું એટલે એક દિવસ મોડી સાંજે અમે મેડ્રીડના તે વિશાળ ચોકમાં ગયાં અને ત્યાં, Peace and freedom, no war અને world we wantના નારા કેસ્ટાનેટ્સ (લાકડાંના મંજિરા) વગાડીવગાડીને 'ફ્લેશ મોબ' કર્યા પછી પિકનિક કરીને પાછાં ફર્યાં હતાં. ત્રણ દિવસ અનેક ચર્ચાઓ ચાલી, ૨૦૧૫માં વિપ્લ્ફની શતાબ્દી પણ ઊજવવાની છે ત્યારે સો વર્ષ પહેલાં જે વિચારો અમલમાં મુકાયા હતા તેને સંભારીને તે પ્રમાણે આગળની ચાલના ગોઠવવાની ચર્ચાઓ થઈ.

વિપ્લ્ફની મા-દાદીઓએ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય રાજકારણને જોડાજોડ મૂકવાનો આગ્રહ રાખ્યો હતો. તેમ કરીને નવી દૃષ્ટિ કેળવી સર્વ સ્તરે અસર પહોંચાડવાનો ખયાલ હતો. ત્યારે તેમની સમજ હતી કે સંશોધન અને કાર્યશીલતા બંને સાથે રાખીને જ આગળ ચલાશે. જેમ કાર્યરત થતાં જઈશું તેમ તેમ આગળની વિચારણામાં જોમ પુરાશે તેવું માનતા તે અગ્રણીઓ આર્થિક અને રાજકીય મુદ્દાઓ, હકીકતો અને વ્યક્તિગત અનુભવોને સાથે મૂકીને ન્યાયી અને માનવીય નીતિઓ વિચારીને અમલમાં મૂકતા. જેન આદમ્સ, (વિપ્લ્ફનાં સ્થાપક) આગ્રહપૂર્વક કહેતાં કે શાંતિ માટે મથવું એટલે સામાજિક ન્યાય, સમાનતા અને શાંતિની પુનઃસ્થાપના કરવાની જરૂર છે. એ માટે દર્શન જોઈશે : આપણે કેવી જિંદગી જીવવી પસંદ કરીશું? આપણને કેવો સમાજ જોઈશે?

આ બધી ચર્ચાઓને અંતે ત્રીજે દિવસે સાંજે ભોજન અને નૃત્ય સાથે સમાપન થયું. દેશ અને દુનિયાની આર્થિક, રાજકીય, સામાજિક, પર્યાવરણીય સંકુલતાઓની ચર્ચા કરતી બહેનો ઘડીકમાં તો કુશળ નૃત્યકારો તરીકે સામે આવી. સ્પેનની લોરા કે માન્યુએલા, નોર્વેની માર્ગરિટા કે એલિઝાબેથ, ઇંગ્લૅન્ડની માર્થા કે ન્યૂયોર્કની નેન્સી, સૌ નૃત્યમાં ઝૂમી ઊઠ્યાં. મેં સ્પેનની લૉરાને કહ્યું કે તે કેટલું બધું સરસ નૃત્ય કરે છે ત્યારે તેણે જવાબ આપ્યો હતો કે, 'હું નૃત્યકાર છું.' અમને આવકાર આપવા કેટલુંય સાહિત્ય આપ્યું હતું તેમાં નોંધ હતી : 'દરેક સ્પેનિશ સ્ત્રી નૃત્ય કરી શકે છે.' તેની સાથે એમા ગોલ્ડમાનનું એક વાક્ય પણ નોંધ્યું હતું : 'જો મને નૃત્ય કરવા નહીં મળે તો તમારી ક્રાંતિમાં હું ભાગ નહીં લઉં!' નૃત્ય તેમના જીવન સાથે જોડાયેલું છે, તેમાં ભાગ લઈને તે બધાં હળવાં થઈ જાય છે તેમ કહેતાં હતાં. પણ મને તો હજુ આશ્ચર્ય થયા જ કરે છે કે થોડા કલાક પહેલાં આ બધી બહેનો કેવી ગંભીરપણે, દક્ષતાપૂર્વક જટિલ વિષયોની ચર્ચાઓમાં ડૂબેલી હતી અને હવે કેવી હળવાશથી નૃત્ય કરે છે! તેમણે જાતે જે માણ્યું તે મેં ફક્ત જોઈને. દેહનાં અંગે અંગ પર જેવું પ્રભુત્વ તેવું જ મનોવ્યાપારો પર! જોતી રહી જાઉં ને!

૫, પ્રોફેસર કોલોની, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦૦૦૯


## ગ્રાહક પરિવાર જોગ

'નિરીક્ષક'ના સૌ ગ્રાહક ભાઈ-બહેનોનું સવિનય ધ્યાન દોરવાનું કે આપ જ્યારે લવાજમ મોકલો ત્યારે તે રિન્યૂઅલ છે અગર નવેસર છે એનો સ્પષ્ટ ખુલાસો મનીઑર્ડર અગર ચેક સાથેના સંદેશામાં અચૂક કરવો જેથી કાર્યાલયને ફાલો અપમાં સરળતા રહે.

સામાન્યપણે 'નિરીક્ષક' સાથે જોડાય તે સૌ હોંશથી જોડાયા છે અને એ જ ધોરણે ચાલુ રહેવા ઇચ્છે છે એવી સમજથી અમે ચાલતા હોઈ રિન્યૂઅલ માટે આજ સુધી કોઈ તાકીદ કે તકાજાનું વલણ રહ્યું નથી. 'નિરીક્ષક' જે ધોરણે ચાલે છે તે જોતાં આવી સહજ બિરાદરી છતાં લાંબો વખત રિન્યૂઅલ વગર જે તે ગ્રાહક સુધી પહોંચવું શક્ય ન બને તે આપ સૌ સમજી શકશો. વિનંતી કે આપે મુદત વિત્યે રિન્યૂઅલ ન કરાવ્યું હોય તો ઉલટ ટપાલે તે કરાવવા તેમજ કોઈ કારણસર ગ્રાહક તરીકે ચાલુ રહેવા ન ઇચ્છતા હો તો વેળાસર જાણ કરશો. હાલ રિન્યૂઅલની સોઈ ન હોય અને આપ જણાવશો તો ચોક્કસ મુદત સુધી 'નિરીક્ષક' આપને મોકલવાનું ચાલુ પણ રાખી શકાશે.

હવે ટૂંક સમય બાદ 'નિરીક્ષક'નું લવાજમ વધારવાની ગણતરી છે. તે પછી આજીવન લવાજમનો દર રૂ. ૨૦૦૦/- થશે. તે પૂર્વે ચાલુ દરે (રૂ. ૧૫૦૦/-) આજીવન ગ્રાહક થવાની તક ઝડપવા રસ ધરાવતા સૌને હૃદયપૂર્વક અનુરોધ છે. એપ્રિલ ૨૦૧૨ કે તે પછી નોંધાયેલ કોઈ ચાલુ વાર્ષિક ગ્રાહક જો આજીવન ગ્રાહક થવા ઇચ્છતા હોય તો તેઓ બાકી રકમ (રૂ. ૧૩૫૦/-) મોકલી થઈ શકે છે.

## 'નિરીક્ષક' ડીવીડી સંપુટ

ગુજરાતના પ્રજાજીવનના મહત્ત્વના ઘટનાખચિત છેલ્લા ચાર દાયકાની એક તપસીલ તેનાં સામયિકી લખાણો આપી શકે. આપણા સાર્વજનિક જીવનના છેલ્લા ચાર દાયકા ઘટનાઓ અને વિચારોના મતાન્તરોના નવલ અભિગમોના એક મહાવલોણાના રહ્યા, તેનું એક વિશાળ દર્પણ એટલે 'નિરીક્ષક'નો વિચારમંચ જેનાં પાનાંઓ ગુજરાતના વિચારવંતો માટે એક જીવંત ચોતરો બની રહ્યાં એ 'નિરીક્ષક'ની વિપુલ સામગ્રી હવે સર્વસુલભ પુનર્જીવન પામે છે. અભ્યાસીઓ માટે આ એક દલ્લો છે. વર્તમાન અનુબંધપૂર્વક આપણા અતીતદર્શન માટેનું સાધન હવે આપણા અભ્યાસીઓ ખપમાં લેશે. અધ્યાપકો ને ગ્રંથપાલો, અભ્યાસીઓને-વિદ્યાર્થીઓને આ ઇતિહાસ-સામગ્રીના ઉપયોગ માટે પ્રેરશે. ૨૯,૦૦૦ પાનાંમાં પથરાયેલો આ પુરુષાર્થ (૧૭.૭૦ જીબી) સાર્થક થશે.

*૧૯૬૮થી ૨૦૧૦ના ગાળાને આવરી લેતી પાંચ ડીવીડી અને એક એપ્લિકેશન સીડીનો સંપુટ પ્રગટ થઈ ગયો છે. (કિંમત રૂપિયા ૬૦૦/-)*

**સંપર્ક : નયના શાહ (૦૭૯-૨૬૫૬૨૮૦૬)**

**નિરીક્ષક ફાઉન્ડેશન,** 'પ્રકાશ', નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ-૯

ડીવીડી મેળવવા માટે આપ ઉપરના સરનામે **નિરીક્ષક ફાઉન્ડેશન**ના નામનો ચેક/ડ્રાફ્ટ/મનીઑર્ડર મોકલી શકો છો.

• • •

**પ્રસાર** ૧૮૮૮, આતાભાઈ એવન્યુ, ભાવનગર ૩૬૪૦૦૧ ફોન (૦૨૭૮) ૨૫૬૮૪૫૨

**પરદેશ માટે**

યુકે : વિપુલ કલ્યાણી (૦૦૪૪)૨૦૮૪૨૨૧૧૧૪ vipoolkalyani.opinion@btinternet.com (૧૦ પાઉન્ડ)

અમેરિકા : ઋતા શાહ (૦૦૧) ૨૧૨ ૨૮૧ ૫૦૭૦ rutanyc@gmail.com (15 ડોલર)

## શાનો વેપાર કરીશું? શાસ્ત્રોનો કે શસ્ત્રોનો? / આશા બૂચ

'ક્વેકર પીસ મૂવમેન્ટ' (Quaker Peace Movement)ની ઉત્તર ઇંગ્લેન્ડમાં સ્થાપના થયાને આ વર્ષે ૧૦૦ વરસ પૂરાં થયાં બીજા વિશ્વયુદ્ધના નગારાં વાગતાં હતા, તે સમયે વિલિયમ પેન(william Penn)નું વિધાન 'PEACE can only be secured by JUSTICE; never by force of arms.' મારાં મનમાં વિચારોનો વંટોળ પેદા કરી ગયું. વળી ૧૯૩૨-૩૪ દરમિયાન, જિનિવામાં વિશ્વ નિઃશસ્ત્રીકરણ સંમેલન મળેલું જેમાં લીગ ઑફ નેશનન્સના સભ્ય દેશોએ શસ્ત્રો બનાવવા/વેચવા પર પ્રતિબંધ લાવવાનો અને સંઘર્ષો નિવારવા વૈકલ્પિક માર્ગ લેવા માટે દુનિયાના સભ્ય દેશોને પ્રોત્સાહિત કરેલા. કરુણતા તો એ છે કે તેમ છતાં ય બે વિશ્વયુદ્ધો ખેલાયાં અને હજુ હિંસાના ખપ્પરમાં લાખો નિર્દોષના જાન હોમાય છે, એવે સમયે ઉપરોક્ત પ્રશ્ન મનમાં ઉદ્ભવ્યો.

આ પ્રશ્ન કોને પૂછવામાં આવે છે તેને આધારે જવાબ મળશે, ભાઈ. બુદ્ધિજીવીઓ, શિક્ષણ અને સમાજ ઘડતરના કાર્યક્ષેત્રમાં પડેલાઓ, યુવાપેઢીને અને આમ જનતાને પૂછશો તો કહેશે, શાસ્ત્રોનો જ વેપાર કરવાનો હોય ને ભલા, આ તે કંઈ પૂછવાની બાબત છે?

સત્તાધારીઓ, રાજકારણીઓ, ભારે ઉદ્યોગોના માલિકો અને કેટલાક અંતિમવાદીઓને ભૂલેચૂકે પણ પૂછશો, તો જોરશોરથી કહેશે, શસ્ત્રોનો વેપાર કરીએ છીએ અને કરશું; અમને પૂછનાર તમે કોણ?

શાસ્ત્રોનો વેપાર ન હોય. એમાં સંચિત જ્ઞાનનું આદાન-પ્રદાન યુગોથી થયું આવ્યું છે. ઇજિપ્ત, મોસોપોટેમિયા, ચીન અને સિંધુ ખીણની સંસ્કૃતિઓ જ્યારે પૂર્ણ કળાએ ખીલી રહી હતી, ત્યારે બીજા દેશોમાંથી જ્ઞાન પિપાસુ વિદ્યાર્થીઓ અને અભ્યાસુઓ યોજનો દૂર શાસ્ત્રાભ્યાસ કરવા જતા.

ત્રણેક હજાર વર્ષ પહેલાં ભારતમાં તક્ષશિલા અને પાંચમી સદીમાં નાલંદા વિશ્વવિદ્યાલયમાં દેશપરદેશથી આવતા વિદ્યાર્થીઓ વિવિધ વિષયોમાં નિપુણતા પ્રાપ્ત કરતાં. ૧૧મી અને ૧૩મી સદી દરમિયાન બ્રિટનની ઑક્સફર્ડ અને કૅમ્બ્રિજ યુનિવર્સિટી માટે જગતભરમાં ભારે આકર્ષણ હતું. આજે હવે અમેરિકાની યેલ, કેલિફોર્નિયા કૉલેજ ઑફ ટેકનોલોજી અને હાર્વર્ડમાં પ્રવેશ મેળવવા અને અભ્યાસ કરવા હુ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તનતોડ મહેનત કરે છે.

શાસ્ત્રોનાં અધ્યયન અને અધ્યાપનથી અગણિત ફાયદાઓ થયા છે. જ્ઞાન વહેંચવાથી વૃદ્ધિ પામતું રહ્યું અને તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર, ભાષાવિજ્ઞાન અને આરોગ્યવિજ્ઞાન જેવાં ગહન શાસ્ત્રોથી માંડીને નાટ્યશાસ્ત્ર, સંગીત, વિદ્યા તથા શિલ્પ, કળા અને સાહિત્ય જેવી જ્ઞાન શાખાઓ ભૌગોલિક સીમાઓ વટાવીને બહોળા માનવ સમુદાયને ઉપલબ્ધ થઈ અને તેને કારણે દુનિયાના એક ખૂણે પ્રગટેલા જ્ઞાનદીપ સર્વત્ર પ્રકાશ રેલાવતા થયા.

એક હકીકત અહીં નોંધવા જેવી છે, આજની શિક્ષણ પદ્ધતિમાં શિક્ષણ આપવા જેવું ઉમદા કામ પણ હવે વ્યાપારી ધોરણે થવા લાગ્યું છે એટલે શાસ્ત્રોનો પણ વેપાર શરૂ થયો છે એમ દુઃખ સાથે કહેવું પડે છે.

વેપાર કરવા માટે શાકભાજીથી માંડીને સોનું, હીરા, માણેક જેવી વસ્તુઓ પૂરતી નહોતી એટલે માણસે શસ્ત્રોનો વેપાર આદર્યો! પોતાના દેશની સુરક્ષા માટે દરેક દેશને સક્ષમ શસ્ત્રદલ રાખવું પડે એ જ માનવજાતની બદનસીબી છે. પણ જેમ દરેક ગામ, શહેર અને દેશ પોતાના ખપ પૂરતું અનાજ અને કાપડ પેદા કરે છે અને વધારાની વસ્તુઓની નિકાસ કરે તેમ પોતાના દેશમાં ન પાકતી વસ્તુઓ આયાત કરે તે વાજબી છે. તેવી જ રીતે દરેક દેશે પોતાની સુરક્ષા માટે જરૂરી શસ્ત્રો પણ પોતે જ બનાવવાં જોઈએ, પણ જો પોતાની તાકાત ન હોય તો બીજા દેશોમાંથી આયાત ન કરવાં જોઈએ એમ મારી સમજ કહે છે.

જરા વિચાર કરતાં જણાશે કે યુરોપ ખંડના મોટાભાગના દેશોએ ૧૮મી સદી પછી દક્ષિણ ગોળાર્ધના દેશો પર રાજ્ય કર્યું. જ્યારે ગુલામ દેશોને સ્વતંત્ર કરવાની ફરજ પડી ત્યારે એવી વ્યવસ્થા કરી કે એ દેશો આંતરિક વિગ્રહ કે પાડોશી દેશો સાથે જીવે ત્યાં સુધી લડતા રહે. મજાની વાત એ છે કે બીજા દેશો પર રાજ્ય કરવાથી મળતી સંપત્તિ હવે ન મળતી હોવાને કારણે એ દેશોનું શોષણ કરવાની બીજી કોઈ રીત યુરોપિયન દેશોએ શોધવી પડી. પહેલાં ગુલામ પ્રજાનું હીર ચૂસીને તગડા થયેલા 'First World'ના સભ્ય ગણાતા દેશો હવે સ્વતંત્ર થયેલા દેશોને પોતાના દેશોમાં બનેલાં શસ્ત્રો વેચીને મોતનો વેપાર કરીને પોતાની રૈયત માટે કમાણીનું સાધન ઊભું કરે છે. ઓગણીસમી અને વીસમી સદીમાં ગુલામ બનેલા દેશોએ પોતાના દેશની સંપત્તિ ધોળે દિવસે લૂંટાતી જોઈ, અને હવે આંતરિક વિગ્રહમાં વિજય મેળવવા જે દેશોએ એમના પર રાજ્ય કર્યું તેમની જ પાસેથી શસ્ત્રો ખરીદીને ફરી એમના જ દેવાદાર બને છે! આ તે કેવી કરુણતા?

યુનાઈટેડ નેશન્સની સ્થાપના ઈ.સ. ૧૯૪૫માં થઈ, ત્યારથી માંડીને આજ સુધી તેની મધ્યસ્થીને કારણે કેટલાં યુદ્ધો અને આંતરિક સંઘર્ષો નિવારી શકાયાં છે, તે જાણવું હોય તો જીનિવાના યુએનના મુખ્ય મથકની મુલાકાત લઈ, ત્યાંની તવારીખ નોંધવા જેવી છે. જોકે એ સંગઠનની ખરી બિનઅસરકારકતાનું માપ તો એની જ સામે બે વેંત ઊંચા આસને બેઠેલા રેડક્રોસના મુખ્ય મથકમાં પ્રદર્શિત એ સંગઠનની સ્થાપના (ઈ.સ. ૧૮૬૩)થી માંડીને આજ સુધી તેના દ્વારા થયેલ માનવતાભર્યા કાર્યોની યથોકથાનો અભ્યાસ કરવાથી જ કાઢી શકાય.

બીજું વિશ્વયુદ્ધ પૂરું થયાને પણ આજે છ દાયકાથી વધુ વર્ષોના વહાણા વાઈ ગયાં, તો ય ક્યાં ય વિશ્વ શાંતિ તરફ ગતિ કર્યાનાં એંધાણ નથી કળાતાં આથી સહેજે સવાલ થાય કે યુએનના પ્રયત્નો સાચી દિશામાં છે? એની યુક્તિઓ સફળ કેમ નથી થતી? કદાચ સંઘર્ષગ્રસ્ત દેશોમાં શાંતિ જાળવવા માટે સશસ્ત્ર દળો મોકલવાને બદલે બે દેશો વચ્ચે શસ્ત્ર વેપારની બંધી લાવવાનો સમય આવી ગયો છે.

જો ધનાઢ્ય દેશોની સરકારોએ પોતાની પ્રજાના પેટનો ખાડો પૂરવાની ફરજ પૂરી કરવી હોય અને તે પણ બીજા દેશોમાં પોતાનો તૈયાર કે કાચો માલ નિકાસ કરીને, તો ભલા શસ્ત્રો સિવાય લાખો અને કરોડો વસ્તુઓ એમની પાસે છે જ, જે મેળવવા વિકસતા અને અવિકસિત દેશોની આમ પ્રજા તલપાપડ થઈ રહી છે. જે દેશોમાં લોકશાહી રાજ્ય વ્યવસ્થા છે અને જે દેશો લોકશાહી સરકારો ઊભી કરવા જાન ફના કરી રહ્યા છે, તે બધા દેશોના નાગરિકોએ સાગમટે પોતાની સરકારોને પ્રજાએ ભરેલા આવકવેરા અને વેચાણવેરામાંથી શસ્ત્રો બનાવીને બીજા દેશોમાં વેચી કે ખરીદી હરગીઝ ન શકાય તેવી બાંયેધરી આપવાની ફરજ પાડવી જોઈએ. હું જો વિનાકારણ બીજા દેશના નિર્દોષ નાગરિકનો જાન ન લઉં તો મારા કરવેરામાંથી એમને એકબીજાને કે બીજા દેશો સાથે લડાઈ કરવા માટે શા માટે જોગવાઈ કરી આપું? એ એક પ્રકારની આડકતરી હિંસા જ થઈને? લોકશાહી સરકારોને તેના નાગરિકોની થાપણનો આવો અમાનવીય ઉપયોગ કરવાની સત્તા બિલકુલ ન હોવી ઘટે.

ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા વાગી રહ્યા છે ત્યારે શસ્ત્ર વેચાણ બંધ કરીને શાસ્ત્રોનો વ્યાપાર વધારવાની ઝુંબેશ ચલાવવાની પ્રતિજ્ઞા ૨૦૧૩માં સહુ જાગૃત પ્રજાજનો લેશે, એવી પ્રાર્થના કરીએ.

e-mail : ten_men@hotmail.com

## અમારો દેશ ન્યૂ જર્સી / હરનિશ જાની

એક અગત્યના સમાચાર - ન્યૂ જર્સી સ્ટેટ અમેરિકાના બીજાં સ્ટેટ્સના યુનિયનમાંથી છુટું થઈને સ્વતંત્ર દેશ બનવાના મૂડમાં છે. તેમાં બીજી અગત્યની વાત એ છે કે આ ચળવળ પાછળ અહીંના ગુજરાતીઓનો હાથ નથી. બાકી અમે આવ્યા ત્યારથી, અમેરિકામાં 'નયા ગુજરાત' બનાવવામાં લાગી ગયા છીએ. અમે માનવીમાંથી વિશ્વમાનવી બનવા થોડા આવ્યા છીએ? અમે તો વિશ્વમાનવીઓને ગુજરાતી બનાવવા આવ્યા છીએ.

વાત એમ છે કે અમેરિકામાં ચૂંટણીઓ પતી ગઈ. બારાકભાઈ ચૂંટાઈ આવ્યા અને પ્રમુખ બની ગયા. સવાલ એ છે કે હવે શું? વરસો પહેલાં ગુજરાતમાં એજ્યુકેશનની હાલત એ હતી કે તમે બી.એ. ડિગ્રીની ફાઈનલ પરીક્ષા આપો તો એવું જ ઇચ્છો કે પાસ ન થઈએ તો સારું. જો પાસ થઈ જઈએ તો પછી શું? નોકરી તો મળવાની નથી. બારાક ઓબામાસાહેબ ચૂંટણી તો જીતી ગયા. પરંતુ એ જીત કેટલી મોંઘી છે? આમે ય તેમણે બળતું ઘર ભાડે રાખ્યું છે. તેનો હવે ખયાલ આવવા માંડ્યો છે. ઈકોનોમીના અને બજેટના પ્રશ્નોની વાત તો અલગ છે. પણ આ જીત તો એકાવન ટકા બહુમતીની છે, જે તેમને અમેરિકામાં રહેતી લઘુમતીઓએ અપાવી છે. બાકીના ઓગણપચાસ ટકા લોકો કે જેમને ઓબામાસાહેબ કે જે ગન કંટ્રોલની વાતો કરે છે, તે નથી ગમતા તેમનું શું? તે વર્ગમાં મોટાભાગના વ્હાઈટ અમેરિકનો છે. તેમણે આ આંદોલન ચાલુ કર્યું છે કે આપણા રાજ્યે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના યુનિયનમાંથી છૂટાં થઈ જવું. ઓબામાના નેતૃત્વનો બહિષ્કાર કરવો. અને સ્વતંત્ર દેશ સ્થાપવો. હવે આ નવી ચળવળમાં ન્યૂ જર્સી સાથે બીજા વીસ રાજ્યો જોડાયાં છે. ટેક્સાસે તો પોતાનો ધ્વજ પણ ફરકાવવા માંડ્યો છે. આપણે ન્યૂ જર્સીની વાત કરીએ. જો ન્યૂ જર્સી સ્વતંત્ર દેશ બને, તો અહીંના ગુજરાતીઓ આ નવો દેશ પચાવી પાડે. પછી ભલેને દુનિયા આખીની પ્રજા અહીં કેમ ન રહેતી હોય, કે પછી ભારતના બીજાં બધાં રાજ્યોના લોકો પણ અહીં કેમ ન રહેતા હોય! પરંતુ અમે ગુજરાતીઓ કોઈને ન ગાંઠીએ. જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદા કાળ ગુજરાત!

અમારે અરદેશદાદાનો બોલ ખરો કરવાનો જ! આમે ય ન્યૂ જર્સી સ્ટેટ અમેરિકાનાં બીજાં રાજ્યોને નથી ગમતું. બીજાં રાજ્યોમાં લોકો ન્યૂ જર્સીના જાત જાતના જોક્સ બનાવે છે. જેનો અમને વાંધો નથી. કારણ કે અમને તે બહુ સમજાતા નથી. અમારા પાડોશી રાજ્ય ન્યૂ યોર્કમાં મેં એક કાર પર સાઈન વાંચી 'Keep New York CLean, Dump your garbage in New Jersey.' એમનું કહેવું છે કે ન્યૂ જર્સી એટલું ગંદું છે કે તેમાં આપણો કચરો દેખાશે નહીં. જ્યારે હાઇ-વે પરથી ન્યૂ જર્સી આવતા હો અને ફાર્માસ્યુટિકલ પ્લાન્ટ્સ અને રિફાયનરીઓથી પ્રદૂષિત હવાની ગંધ આવે, તો માનવું કે તમે ન્યૂ જર્સીમાં પ્રવેશી ચૂક્યા છો. એક પોલિટિશયનને પૂછવામાં આવ્યું કે 'તમને કેલિફોર્નિયા કેમ ગમે છે?' તો તેમણે જવાબ આપ્યો, 'અહીંથી ન્યૂ જર્સી દેખાતું નથી એટલે.' પણ એ વાત અલગ છે, કે ન્યૂ જર્સી ગુજરાતીઓને ફાવી ગયું છે. અહીં ઘર જેવું લાગે છે. ન્યૂ જર્સી સિવાય બીજે ક્યાં ગુજરાતની યાદ આવવાની છે? જો અમને અહીં કશુંક ખૂંચતું હોય, તો તે કે રસ્તા પર રખડતાં રઝળતાં ઢોર અને કૂતરાઓનો અભાવ. અમે તેને પણ ઇમ્પોર્ટ કરવા તૈયાર છીએ. પરંતુ તેને સારુ ચાલુ અમેરિકન ગવર્નમેન્ટ આડી ફાટે છે. તેથી અમે ન્યૂ જર્સી રાજ્ય ક્યારે સ્વતંત્ર દેશ બને છે, તે ઘડીની રાહ જોઈશું. એક રીતે જોઈએ તો ભારતની બધી જ પ્રજાઓ ન્યૂ જર્સીમાં છે. પરંતુ તેમાં આંખે ચડતા હોય તો તે છે ગુજરાતીઓ. રાજકારણમાં અમારી નવી પેઢી તો છેક વ્હાઇટહાઉસમાં પણ પહોંચી ગઈ છે. પોલિટિક્સ તો અમારા લોહીમાં છે.

અમે તો અમેરિકામાં 'નયા ગુજરાત' બનાવવા લાગી ગયા છીએ. અમે અહીં ન્યૂ જર્સીમાં આપણું થાણું સ્થાપી દીધું છે. જતે દિવસે ખરા ગુજરાતીઓને જો અમેરિકા આવવું હશે તો વિઝા લેવો નહીં પડે. આ 'નયા ગુજરાત' તેમનું જ થઈ જશે. એક સ્વતંત્ર દેશ બનવા માટે ન્યૂ જર્સી સક્ષમ છે. અમે કાંઈ, બીજી બધી પ્રજાની જેમ અમેરિકન સંસ્કૃતિમાં ભળવા નથી આવ્યા.

અમે ભલે ચાળીસ-પચાસ વરસથી અહીં રહીએ, તો પણ અમે અમેરિકન નેશનલ એન્થમ - રાષ્ટ્રગીત નથી શીખ્યા. 'ફોર્થ ઑફ જુલાઈ' કઈ બલાનું નામ છે? અમે તો ૧૫ ઑગસ્ટ, મૂળ ભારતીય કરતાં, અમે ભારતીય મૂળના વધારે કૂદકા મારીને ઉજવીશું. અમે તો પાછા બોલિવુડની કોઈ આઈટમ ગર્લને ઝંડો પકડાવીને, 'ભારતમાતાકી જય'ના નારા લગાવીને - પણ ઉજવીશું. એ વાત ચોક્કસ છે. અમારે ત્યાં પણ બે પક્ષ છે. રિપબ્લીકન અને ડેમોક્રેટ નહીં; પરંતુ કૉંગ્રેસ અને ભાજપ. અહીં અમારે જાતજાતના મતભેદ પણ છે. એક પક્ષ ૧૫મી ઑગસ્ટે આઝાદદીન ઉજવશે, તો બીજો પક્ષ ૧૬મીએ. અમને સવારના પહોરમાં અમેરિકનોની જેમ કોફી કે ટોસ્ટ ન ખપે. અમે તો અમારી સાથે ફાફડા અને જલેબી લાવ્યા છીએ. માનવીમાંથી વિશ્વમાનવી બને એ બીજા. અમે તો વિશ્વમાનવીઓને ગુજરાતી બનાવીશું. હવે તો અમારાં બાળકોને પણ બાળકો છે. તેઓ આ ધરતીનું અન્ન ખાય છે. આ આકાશની હવા શ્વસે છે. તેઓ તેમનું વતન ન્યૂ જર્સી ગણાવે છે. ભલેને! અમે પણ આ ધરતીનું અન્ન ખાઈએ છીએ. પણ અમારું વતન તો ચરોતર અને સોરઠ જ છે. અમે અમારા વતનની ધૂળ માથામાં ભરી લાવ્યા છીએ. તે બતાવીએ છીએ. પચાસ વરસે પણ એ ધૂળ ખંખેરે તે બીજા! અમે ગુજરાતીઓ ન ખંખેરીએ... અમદાવાદમાં વરસાદ પડે, ત્યારે પહેલાં છત્રીઓ ન્યૂ જર્સીમાં ખૂલે છે. ચૂંટણી ગુજરાતમાં થાય અને પરિણામની રાહ ન્યૂ જર્સીમાં જોવાય છે. અમને અમેરિકામાં બીજું બધું ખબર હોય કે ન હોય પરંતુ અમને બૅંકના રસ્તા બરાબર યાદ છે.

અમે અહીં, બધા ભગવાનોનાં મંદિરો પણ બનાવી દીધાં છે. એટલે ગુજરાતમાંથી આવનારને ઘર જેવું લાગે. મનપસંદ ગુજરાતી ભગવાનો અહીં તમારા માટે હાજર જ છે. પાંચ સાંઈબાબાના, પાંચ સ્વામીનારાયણ પ્રભુનાં (બંને પંથના) મંદિરો બનાવી દીધાં છે. તમારે જે માતા જોઈએ તે માતાજી અહીં મળે. દરેક માતાના મંદિર આપની સેવામાં હાજર છે. અહીં જલારામ અને સંતરામ મંદિરો પણ ભગતો માટે તૈયાર જ છે. હાલમાં દુનિયાનું સૌથી મોટું સ્વામીનારાયણનું મંદિર બની રહ્યું છે. એ જરૂર પૂરું થશે, કારણ કે મંદિર માટે હરિભક્તો પાંચહજાર ડોલરની એક, લેખે ઈંટો અર્પણ કરે છે. મોટાં જૈન દેરાસરો પણ તૈયાર છે. ગુજરાતી મુસ્લિમ કોમ માટે ઢગલાબંધ મસ્જિદો તૈયાર છે. હાલ

અમેરિકામાં લોકશાહી છે અને અમેરિકા સાચું સેક્યુલર સ્ટેટ છે. જ્યાં સુધી અહીં આવું રાજતંત્ર છે. ત્યાં સુધીમાં અમે એનો લાભ લઈ લેવા માંગીએ છીએ. આજકાલ અમેરિકનોને લાંચરૂશ્વત શીખવાડીએ છીએ. હા, મજાની વાત એ છે કે અમે એક બિલ્ડિંગ એવું નથી બાંધ્યું કે જ્યાં અજાણ્યા મુસાફરને કે કોઈ મુસાફરીમાં રખડી પડેલા કુટુંબને એક-બે રાત રહેવાનું મળે. એમણે તો ભજન જ કરવાનું!

ધંધાપાણીની વાત કરીએ તો – મોટાભાગની મોટેલો આપણાં પટેલ બંધુઓના હાથમાં છે. આ ક્ષેત્રમાં, છેલ્લાં વીસત્રીસ વરસમાં આપણે હરણફાળ ભરી છે. હોલીડે ઈન કે રમાડા ઈન કરતાં વધુ આપણા પટેલોની મોટેલો છે. કોઈ મોટેલ જોઈએ તો એમ જ પૂછવાનું હોય કે માલિક સુરતના છે કે ચરોતરના. આપણે ફક્ત મોટેલોના ધંધામાં જ પ્રવીણ નથી, ન્યૂ જર્સીની દરેક હૉસ્પિટલમાં બે-ત્રણ ઇન્ડિયન ડૉક્ટરો તો મળે જ મળે અને તેમાં પણ ડઝન ડૉક્ટર પટેલ હશે. દરેક ક્ષેત્રમાં ગુજરાતીઓ કામ કરે છે. એટલે જતે દિવસે સ્વતંત્ર દેશ બને તો દેશનું સુકાન અમે સંભાળીશું. પંજાબીઓને પણ રાખીશું. કોઈકે તો લશ્કરમાં જવું પડશે ને! અમે તો બેન્કો ચલાવવામાં બીઝી હોઈશું.

મને લાગે છે કે આજે નહીં તો કાલે એમ બનશે. (યાદ રાખજો આ ભવિષ્યવાણી સૌ પ્રથમ જ્યોતિષશાસ્ત્રી શ્રી હરનિશ જોષીના મુખે સાંભળી હતી.) ઇતિહાસ બોલે છે. મહાસત્તા રશિયાએ સ્થાપેલ સોવિયેટ યુનિયન કે જેને હું જન્મથી જોતો આવ્યો હતો તે આજે ક્યાં ગયું? અમેરિકાની વાત કરીએ તો ટેક્સાસ, કેલિફોર્નિયા, એરિઝોના વગેરે રાજ્યો પાડોશી મેક્સિકો પાસેથી સામદામદંડથી પડાવ્યા છે કે મૂળ તો આ અમારો જ પ્રદેશ છે ને! ગામને છેવાડે અલાસ્કા છે. એ રશિયા પાસેથી ખરીદ્યું છે. એમાં વધુ એસ્કિમો લોકો છે. એટલે એને છૂટું પડતા વાર નહીં લાગે. લુઇઝિયાના સ્ટેટ ફ્રેન્ચ પાસેથી પડાવ્યું છે.

આજથી પચીસસો વરસ પહેલાં કોઈ ગ્રીકને કે બે હજાર વર્ષ પહેલાં કોઈ રોમનને કોઈએ એમ કહ્યું હોત કે તમારાં આ મહેલો ખંડેર થઈ જશે – સંસ્કૃતિ ઊડી જશે તો તેમણે એ વાત માની લીધી હોત? આજકાલ અમેરિકામાં જે રીતે ગન શૂટિંગ થાય છે તે જોતાં લાગે કે યાદવાસ્થળીની શરૂઆત આવી જ કાંઈક હશે. હશે, કાંઈ નહીં, અમેરિકાનું જે થવાનું હોય તે થાય. પરંતુ આપણને તો 'નયા ગુજરાત' મળવાનું ને! અમેરિકાના હાલના પ્રમુખ પણ ગુજરાતી જ છે. જે વ્યક્તિની ઑફિસમાં મહાત્મા ગાંધીનો ફોટો હોય, ગજવામાં હનુમાનજીની મૂર્તિ હોય, જેને સ્પાયસી સમોસાં ભાવતા હોય, તો તે ગુજરાતી જ કહેવાય ને!

4 Pleasant Drive, Yardville, NJ 08620, USA,
Email : harnishjani5@gmail.com

પ્રતિભાવ

## તો પણ એક રૂઢિગત માનસ છે / ત્ર્યંબકલાલ ઉ. મહેતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી દક્ષેશ ઠાકરે તા. ૧૫/૨ ના રોજ નીચે મુજબ વિધાન કર્યું –

''મારે દીકરીઓને ખાસ કહેવાનું કે વસ્ત્રો મજા માટે નહીં, મર્યાદા માટે હોય છે. પાણીપુરી ખાઈને શિવાજી મહારાજ ન જન્મી શકે.'' (નિ.૧/૩)

વસ્ત્રપરિધાન તથા પોષણક્ષમ ખાદ્ય પદાર્થો લેવા બાબત વાઇસ ચાન્સેલરે એક વડીલ દરજ્જે સલાહ આપી જેમાં સમસ્ત સ્ત્રીજાત ઉપર આક્ષેપ થયો હોય અને ''સ્ત્રી વિરોધી પુરુષસત્તાક રૂઢિગ્રસ્ત માનસ'' વ્યક્ત થતું હોય તેવો વ્યગ્રતાપૂર્વકનો આક્ષેપ શ્રી સંજય શ્રીપાદ ભાવેએ કર્યો તે કેટલું ન્યાયસંગત છે? ઉપર જણાવેલા વક્તવ્યમાં એવું શું છે કે જે ઉપરથી એવું કહી શકાય કે શ્રી ઠાકર ''સ્ત્રી વિરોધી'' છે અને ઇચ્છે છે કે મહિલાઓ ઉપર વસ્ત્રપરિધાન માટેની મર્યાદાઓ મૂકવી જોઈએ? સલાહ-સૂચના ને ફરજિયાત આદેશ વચ્ચેનો ભેદ સમજવાની જરૂર છે.

સ્ત્રીસ્વાતંત્ર્ય કે પુરુષસ્વાતંત્ર્યનો અર્થ એવો નથી કે એમાંથી કોઈને અમુક વિષયો બાબતમાં સલાહસૂચનો પણ ન થઈ શકે. તેમનાં સલાહ-સૂચનોની અવગણના થશે તો તેમની સામે કોઈ ગુનો નોંધાશે નહીં. મહિલાઓ માટે સદ્બુદ્ધિથી પ્રેરાઈને પણ ન ગમે તેવું કાંઈ બોલવું એટલે તુરત જ તેને સ્ત્રીવિરોધી અને પુરુષસત્તાક કહીને ઉતારી પાડવું તે પણ એક રૂઢિગત માનસ છે, જે એક ફેશન છે પણ અસરકારક નથી હોતી.

'સિદ્ધાર્થ', ૩, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર પાસે, પાલડી, અમદાવાદ

ઊહ અને અપોહ

## મણિપુરની બહાદુર મહિલા શર્મિલા / શાંતિલાલ વ. શાહ

લશ્કરના અન્યાયી અને જોહુકમી કાયદાનો વિરોધ કરવા માટે આસામના મણિપુરની બહેન ઇરોમચાનુ શર્મિલાને આજે ૧૨-૧૨ વર્ષોથી સરકાર નજરકેદ કરીને હેરાનપરેશાન કરી રહી છે. પ્રજાસત્તાક ભારતના આ અન્યાયી કાયદાની નાબૂદી માટે આ મહિલા આમરણ અપવાસ પર ઊતરી છે. સરકારનો કાયદો કહે છે, તમે આપઘાત કરવાનો ગુનો કરો છો. શર્મિલાએ હમણાં જ દિલ્હી કૉર્ટને રાડો પાડીને કહ્યું : મારે મરવું નથી. I LOVE LIFE. મને ન્યાય જોઈએ છે, માન નહિ. હું ગાંધીની અહિંસાને વરેલી છું. પણ કાયદો કોનું નામ ! બાર-બાર વર્ષથી નાક વડે બળજબરીએ ખોરાક આપીને પોલીસ તેને પીડી રહી છે. અને આ ઓછું હોય તેમ વધુ કલમો લગાડીને એને વધુ સજા કરાવવા કોર્ટે લઈ જાય છે, મણિપુરથી દિલ્હી !

આખા મામલામાં મુદ્દાની વાત, પેલા ડ્રેકોનિયન લશ્કરી કાયદાની વાત ભૂલાઈ જ ગઈ. પણ લોખંડી ઇરાદાવાળી આ મહિલા ઝૂકશે નહિ, એ નક્કી.

વગર વાંકે પ્રજાને પીડવામાં આપણે તો બ્રિટિશ રાજને પણ શરમાવી દઈએ એવું થયું. ગાંધીના દેશમાં ગાંધી રાહે ચાલનારા ઉપર આવો સિતમ ?

ક્યાં છે મહિલા સંગઠનો ? ક્યાં છે સ્વાતંત્ર્યસેનાનીઓ ? અને ગાંધીવાદીઓ ? પેલું રાષ્ટ્રીય મહિલા પંચ કેવી મહિલાઓને મદદ કરે છે ? અહિંસાને માર્ગે અત્યાચારો સામે લડનાર મહિલાને મદદ ન કરે ? છેલ્લે, એક વધુ પ્રશ્ન : ભારતના પિતા ગાંધીજી છે ?

અમદાવાદ-૩૮૦ ૦૦૭

# યુપીએસસી પ્રકરણ : શિવરાજ સૌ પ્રથમ, નમો સૌથી છેલ્લા / હરિ દેસાઈ

ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારતીય લોકસેવા આયોગ (યુપીએસસી)ની પરીક્ષાઓ ગુજરાતીમાં લેવાય એવી આગ્રહભરી વિનંતી વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહને કરતો પત્ર લખ્યો. રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનું કથન સ્વીકારીએ તો ભારત સરકારે મુખ્યમંત્રી શ્રી મોદીના પત્રને ધ્યાને લઈને ગુજરાતીમાં પણ યુપીએસસીની પરીક્ષા લેવાય એ ચાલુ રાખ્યું અને અંગ્રેજી અથવા હિંદીમાં જ આઈએએસની પરીક્ષા લેવા અંગે યુપીએસસીએ બહાર પાડેલા જાહેરનામાનો અમલ મોકૂફ રાખ્યો.

ગુજરાતી પ્રજા સંતોષી છે. સરકારી જાહેરાતોમાં ભારે વિશ્વાસ ધરાવે છે. યુપીએસસીએ વર્ષ ૨૦૧૩ની સિવિલ સર્વિસીસ પરીક્ષા અંગેનું જાહેરનામું ૦૪/૨૦૧૩-સીએસપી ગત ૫ માર્ચ ૨૦૧૩ના રોજ બહાર પાડ્યું. એની સામે વિરોધવંટોળ જગાવવાનું સૌપ્રથમ પગલું મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાંથી શિવસેનાએ લીધું. યુપીએસસી દ્વારા તમામ પ્રાદેશિક ભાષાઓને પરીક્ષામાંથી બાકાત કરીને માત્ર અંગ્રેજી અને હિંદી ભાષાને ઠોકી બેસાડવાની નવા જાહેરનામાની ઘોષિત નીતિ સામે વિરોધ નોંધાવવા માટે રાજ્યસભામાં શિવસેનાના જૂથનેતા અને 'સામના' દૈનિકના કાર્યકારી તંત્રી શ્રી સંજય રાઉત તથા લોકસભામાં શિવસેનાના નેતાશ્રી અનંત ગીતેના નેતૃત્વમાં શિવસેનાના સાંસદોનું પ્રતિનિધિમંડળ મંગળવાર, ૧૨ માર્ચે સંસદીય કાર્યમંત્રી શ્રી નારાયણ સામીને મળ્યું. એ પછી બુધવાર, ૧૩ માર્ચે તામિળનાડુનાં મુખ્યમંત્રી ડૉ. જે. જયલલિતાએ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહને વિરોધપત્ર લખીને માત્ર તમિળભાષીઓ જ નહીં, બંધારણના પરિશિષ્ટ-૮માં સામેલ તમામ પ્રાદેશિક ભાષાઓ બોલતી પ્રજાને યુપીએસસી થકી નવી પરીક્ષા પદ્ધતિને પરિણામે અન્યાય થતો હોવાથી આવી અન્યાયી, ભેદભાવયુક્ત પરીક્ષા પદ્ધતિને દૂર કરવા અનુરોધ કર્યો.

૧૩ માર્ચ ૨૦૧૩ લગી આટલા મહત્ત્વના રાષ્ટ્રીય પ્રશ્ને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી કે ગુજરાતના કોઈ સાંસદે વિરોધ નોંધાવવાનું જાણમાં નથી. છેક ૧૪ માર્ચ ૨૦૧૩ની સાંજે એટલે કે ગુરુવારની સાંજે મુખ્યમંત્રીશ્રી મોદીએ યુપીએસસીની સિવિલ સર્વિસીઝ એક્ઝામિનેશનમાં ગુજરાતી ભાષામાં પરીક્ષા આપવાના નિયમોમાં ફેરફાર કરવા સામે ઉગ્ર વિરોધ દર્શાવતા નરેન્દ્રભાઈ મોદી જેવા શીર્ષકવાળા સમાચાર ગુજરાત માહિતી ખાતાની વેબસાઈટ પર મૂકાવીને વડાપ્રધાનને આજે સાંજે (ગુરુવારે, ૧૪ માર્ચ ૨૦૧૩) પાઠવેલા પત્રની જાહેરાત કરાવી. ગુજરાતી ભાષામાં પરીક્ષા આપવાની જોગવાઈ રદ કરવાથી ગુજરાતના હજારો યુવાનોનાં સપનાં રોળાઈ રહ્યાં છે અને આ લેંગ્વેજ બાયસ (ગુજરાતી ભાષા પ્રત્યેના પૂર્વગ્રહ)ને કારણે જેઓ માધ્યમિક શાળાઓમાં પ્રાદેશિક માધ્યમમાં ભણ્યા હોય અને કૉલેજોમાં અંગ્રેજી માધ્યમમાં સ્નાતકની પરીક્ષા આપતા હોય તો પણ ઇંગ્લિશ લેંગ્વેજની પ્રોફિશિયન્સીનું લેવલ માતૃભાષા જેવું આપી શકે નહીં, એવું લખીને મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગુજરાતના ગરીબ, પછાત, દલિત અને આદિવાસી વિદ્યાર્થીઓ ઉપર તો આથી તેમની કારકિર્દી ઘડતર ઉપર ખૂબ જ વિપરીત અસરો પડશે. શ્રી મોદીએ સનદી સેવાઓની ગુજરાતી ભાષામાં પરીક્ષા આપવા સામે પૂર્વગ્રહયુક્ત વલણનો વિરોધ કરીને હજારો ગુજરાતી વિદ્યાર્થીઓનું ભાવિ રોળાઈ જાય નહીં એ માટે વડાપ્રધાનને દરમિયાનગીરી કરવા અનુરોધ કર્યો હતો.

મધ્યપ્રદેશના ભાજપી મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ પણ શ્રી મોદી કરતાં જ નહીં, સૌથી વહેલા જાગ્યા. એમણે ૮ માર્ચ ૨૦૧૩ના રોજ દેશના તમામ મુખ્યમંત્રીઓને યુપીએસસીની નવી પરીક્ષા પદ્ધતિના વિરોધમાં પત્ર લખીને એક ડગલું આગળ જવાનું પસંદ કર્યું. પોતે હિંદી ભાષી રાજ્યના મુખ્યમંત્રી હોવા ઉપરાંત ભાજપના વડાપ્રધાનપદના સંભવિત ઉમેદવાર તરીકે શ્રી મોદીની સ્પર્ધામાં હોવાથી અંગ્રેજીના ગુણ આઈએએસની પરીક્ષાના સ્કોરમાં ગણાય તે સામે એણે વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહને પણ લખેલા પત્રમાં વિરોધ નોંધાવ્યો. મોદીએ સાંજે વડાપ્રધાનને પત્ર લખ્યો બીજા દિવસે એટલે કે ૧૫ માર્ચે બિહારના રાષ્ટ્રીય જનતાદળના નેતા શ્રી લાલુપ્રસાદ યાદવે લોકસભામાં યુપીએસસીની નવી તરાહની પરીક્ષાને ષડયંત્ર લેખાવતો વિરોધી સ્થગન પ્રસ્તાવ રજૂ કરીને ગૃહને માથે લીધું. એમની સાથે બીજા પક્ષોમાં ભાજપ, જેડી (યુ), શિવસેના સહિતના ઉત્તરભારત અને દક્ષિણ ભારતના પક્ષોના સંસદો જોડાયા. કમનસીબે લોકસભામાં ગુજરાતના કોઈ સાંસદે વિરોધી અવાજ ઉઠાવ્યો નહીં. આખરે સંસદીય કાર્યમંત્રી શ્રી નારાયણ સામીએ યુપીએસસીના નવા જાહેરનામાના અમલને સ્થગિત રાખ્યાની ઘોષણા કરવી પડી. સરકારે યુપીએસસીના તાજા જાહેરનામા સંદર્ભે માનનીય સભ્યો (સાંસદો)એ રજૂ કરેલા મતને ધ્યાને લીધો છે. સરકાર યુપીએસસીની બેઠક બોલાવશે અને આ મુદ્દાનો ઉકેલ લાવશે. દરમિયાન માનનીય સભ્યોના અભિપ્રાયને ધ્યાને લેતાં તાજેતરમાં યુપીએસસીએ બહાર પાડેલા જાહેરનામાનો અમલ સ્થગિત કરવામાં આવશે અને અત્યાર સુધી જે રીતે પરીક્ષાઓ લેવાતી હતી એ મુજબ સ્ટેટસ કો આન્તે જાળવીને યુપીએસસીની પરીક્ષાઓ લેવાશે. લોકસભાની ૧૫ માર્ચની કાર્યવાહીની પાન-૨૮૮ પરની આ નોંધણી ઘોષણા કેન્દ્રના મંત્રી શ્રી નારાયણ સામીએ કરી એનો યશ લેતા મુખ્યમંત્રી શ્રી મોદીના વડાપ્રધાનશ્રીને પાઠવાયેલા પત્રનો પડઘો પડ્યાનો હરખ શિક્ષણમંત્રી શ્રી ચુડાસમાએ કર્યો. પણ કાયમ નંબર વન રહેવાના આગ્રહી મુખ્યમંત્રીશ્રી કમસે કમ યુપીએસસીની પરીક્ષાઓના નવા જાહેરનામાના વિરોધમાં કોણ જાણે કેમ પાછળ રહ્યા એ સમજાતું નથી. એમના પક્ષના જ શિવરાજસિંહ સૌથી અગ્રેસર રહ્યા.

પૂર્વ તંત્રી, ઇન્ડિયન એક્સપ્રેસ જૂથ, મુંબઈ

સેરલિપ, સીવીએમ બંગલો-૧૮, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભવિદ્યાનગર ૩૮૮૧૨૦

# 'સરસ્વતીચંદ્ર' અને આપણે / શિરીષ પંચાલ

**પ્રિય પ્રકાશભાઈ,**

'નિરીક્ષક'એ 'સરસ્વતીચંદ્ર' ટીવી શ્રેણી અંગે ચર્ચા આરંભી અને વાચકો પાસે પ્રતિભાવો મંગાવ્યા એ બહુ આનંદની વાત. મેં શ્રી ભણશાળીની એ શ્રેણી જોઈ નથી. કારણ કે મારા ઘરમાં ટીવી જ નથી. પણ વચ્ચે ઉર્વીશ કોઠારીનો એક સરસ લેખ આ સંદર્ભે વાંચ્યો હતો, પછી તો રમેશ દવેની નોંધ પણ વાંચી. પ્રશ્ન સાવ સહેલો નથી. કોઈ કૃતિ પર ફરી ફરી આપણું ધ્યાન ખેંચાય, વચ્ચે ક્યારેક ઉપેક્ષા પણ થઈ હોય અને વળી એ ચર્ચાવા લાગે ત્યારે માનવું કે એ કૃતિમાં કશુંક દૈવત હતું. 'સરસ્વતીચંદ્ર' જેવી કૃતિઓ જેટલા સર્જકો-વિવેચકો-વાચકોનું (ત્યારના અને અત્યારના) ધ્યાન ખેંચ્યું છે તેટલું કોઈ કૃતિએ ખેંચ્યું નથી. અગિયાર-બાર દાયકાથી ગુજરાતી પ્રજાની ચેતનામાં એ ભળી ગઈ છે અને એટલે જ કોઈ એની મૂળ કથાવસ્તુ સાથે ચેડાં કરે તે આપણને ગમતું નથી. આપણે અકળાઈએ છીએ. એક આખી પ્રજાની સામૂહિક ચેતનામાં જે ભળી ગયું હોય તેનાથી વિરુદ્ધ કશું પ્રજા સાંખી લેતી નથી અને એટલે જ પ્રાચીન કૃતિઓ સાથે કશીક જુદી રીતે કામ પાડનારાઓ પ્રત્યે આપણે અસહિષ્ણુ બની જઈએ છીએ, હિંસક દેખાવો કરીએ છીએ. શરદ્‌ચંદ્રની 'દેવદાસ'ને મોટાભાગના ભારતીયોએ આવકારી હતી પણ ઝવેરચંદ મેઘાણીએ એની આકરી ટીકા કરી હતી. એટલે શું સર્જન - શું વિવેચન, કોઈ જુદી રીતે વ્યવહાર કરે એને આપણે સ્વીકારી શકતા નથી.

પ્રાચીન કૃતિઓ સમય જતાં નવાં નવાં અર્થઘટનો પામે છે, એમાં નવી નવી સામાજિક ચેતનાઓ ભળે છે અને રામાયણ-મહાભારત જેવી કૃતિઓમાં વ્યાસવાલ્મીકિ પછી આવેલા કવિઓ નવાં ઉમેરણો કરે છે - મૂળ મહાભારતમાં સહદેવ અતિજ્ઞાન ધરાવતા નથી, શ્રીકૃષ્ણ દ્રૌપદીનાં વસ્ત્રો અર્પતા નથી, સ્વયંવર વખતે 'એ સૂતપુત્રને નહીં પરણું' એમ બોલતી નથી, મૂળ રામાયણમાં લક્ષ્મણરેખા નથી. બંગાળમાં પાંચસો વરસ પર થઈ ગયેલા કૃતિવાસ કવિનું રામાયણ હમણાં વાંચું છું. મને ખૂબ જ અચરજ થયું. એ સમયે સ્ત્રીઓના સજાતીય સંબંધોની વાત ત્યાં હતી.

આવાં પરિવર્તનો, સુધારા-વધારા સમયે સમયે થયાં જ કરવાનાં, અન્ય દૃશ્યકળાઓ કરતાં સાહિત્યમાં વિશેષ થવાનાં. બની શકે કે આપણને કેટલીક વાતો ન ગમે, એક સમયની સંવેદનાએ જે રૂપો પ્રગટાવ્યાં એ સમય ચાલી જતાં તે રૂપો ન પણ આકર્ષે અને ક્યારેક ખૂબ આકર્ષે પણ ખરાં.

આપણી મૂળ વાત 'સરસ્વતીચંદ્ર'ની છે. આજની પેઢીએ એના ચાર ભાગ કદાચ જોયા પણ નહીં હોય. હમણાં જ સાહિત્યના એક અધ્યાપકે નિખાલસતાથી કહ્યું કે મેં આ કૃતિનો પહેલો જ ભાગ વાંચ્યો છે. હા-કબૂલ કરીએ કે ત્રીજો અને ચોથો ભાગ વાંચવો એ ભારે પુરુષાર્થ માંગી લે. પરંતુ આ કૃતિએ ગુજરાતના સાંસ્કારિક જીવનનું ઘડતર કર્યું હતું એટલે જ્યારે આપણે ટીવી દ્વારા 'સરસ્વતીચંદ્ર'ને રજૂ કરીએ ત્યારે આપણી જવાબદારી અનેકગણી વધી જાય છે. નવી પેઢીને આ પ્રશિષ્ટ કૃતિમાં નિરૂપાયેલ સાંસ્કૃતિક, સામાજિક સમૃદ્ધિનો પરિચય કરાવવો અનિવાર્ય છે અને એ માટે ટીવી જેવું સમૂહ માધ્યમ પ્રભાવશાળી તો છે જ. આ શ્રેણીના દિગ્દર્શકે, નિર્માતાએ મૂળ કૃતિ, એના વિશે લખાયેલા ચુનંદા નિબંધો વાંચ્યા હશે એમ આપણે માની લઈએ. ગોવિંદ સરૈયાની 'સરસ્વતીચંદ્ર'ની અભિનેત્રી નૂતને આ નવલકથા વાંચી હતી એવા સમાચાર હતા.

સાંભળ્યા પ્રમાણે સરસ્વતીચંદ્રને દુબઈ મોકલ્યો છે, એને દિલ્હીમાં મોકલીને યુવા રાજકારણી તરીકે પણ આલેખી શકાય, વિધવા કુમુદ સાથે લગ્ન કરતો પણ બતાવી શકાય - પરંતુ મૂળ પ્રશ્ન એ છે કે આમ કરવાથી કૃતિમાં નવાં પરિમાણો પ્રગટે છે. સ્વકેન્દ્રી બની ગયેલા આપણા સમાજમાં નવેસરથી સામાજિક અભિજ્ઞતા પ્રગટાવી શકાય છે? પુરુષપ્રધાન સમાજમાં તિરસ્કૃત થઈ રહેલી, નરી વેદના-યાતના-જોરજુલમનો ભોગ બન્યા જ કરતી નારીને એનું ગૌરવ જાળવી શકે એવો સમાજ 'સરસ્વતીચંદ્ર'ની વિવિધપાત્રસૃષ્ટિને આધારે ઊભો કરી શકીએ?

એવું માનવાને કારણ નથી કે પુરુષપ્રધાન સમાજની મર્યાદાઓ નાયક સરસ્વતીચંદ્રે ઓળંગી હતી, નવલકથાના છેલ્લા ભાગમાં (નવરાત્રિ પ્રકરણ) કુમુદ આત્મહત્યા કરવા જાય છે, એને સાધ્વીઓ આણ દઈને વારે છે, પછી કુમુદ હૃદયના બંધ ખોલી નાંખીને જે પંક્તિઓ ઉચ્ચારે છે તે ફરી ફરી વાંચવા જેવી છે.

*'માજી! મને કોઈ જોગી મળ્યો ને વાત કરીને વાહી!*
*ભોગી ભ્રમર હું, તું મુજ કમલિની, એમ કરીને સાહી. માજી.*
*દિવસ બધો કોમળ ગુંજારવ મુજ સરવર પર કીધો,*
*હૃદય ઉઘાડ્યું મેં મૂર્ખીએ, વાસ ધુતારે લીધો!*
*રાત પડી ત્યાં રૂપ પ્રકાશ્યું, જોગી કહે : હું ન ભોગી!*
*પંક વિશે તું જન્મી અભાગણી! નહીં આપણ સંજોગી!*
*રાત વિશે તું રહીશ બિડાયેલી! પાંખ ન મારી બિડાતી!*
*રહે સંતોષિણી રંક અભાગણી! પાંખડી તુજ મીંચાતી.'*

તો આ કુમુદને થયેલું ત્યાગી-યોગી પુરુષ વિશેનું અભિજ્ઞાન. કદાચ આવા જ કારણે આપણા કોઈ કવિએ ગાયું હશે : 'પણ રામ, તમે સીતાજીના તોલે ન આવો...'

સંચારિણી દીપશિખાની જેમ ગુણિયલે એટલે કે ગુણસુંદરીએ માનચતુર-ધર્મલક્ષ્મીનું કુટુંબ ઉજાળ્યું હતું. એની દીકરી કુમુદે પણ બુદ્ધિધનના કુટુંબને તેજસ્વી બનાવ્યું હતું. ભલે એના કુપાત્ર પતિને-પુરુષને એનો કોઈ ગુણ સ્પર્શ્યો ન હતો.

આપણા વર્તમાનકાળમાં, સો-એક વર્ષ પછીના સમયમાં 'સરસ્વતીચંદ્ર'ની વાત કરવાની આવે તો કેવી રીતે કરવી? ભરપૂર કાર્યવેગના નમૂનાઓય મળશે અને સાવ સ્થિર મુકામો પણ મળશે. અંગત રીતે માનું છું કે 'સરસ્વતીચંદ્ર'ના મૂળ માળખાને અકબંધ રાખીને નવી પેઢીને આ કૃતિ તરફ વાળવી જોઈએ.

આ સાથે 'સરસ્વતીચંદ્ર' વિશે દાયકાઓ પહેલાં લખેલો મારો નિબંધ મોકલું છું. જો યોગ્ય લાગે તો 'નિરીક્ષક'ના વાચકોને વંચાવજો. આ કૃતિ વિશે લખાયેલા કેટલાક ઉત્તમ નિબંધો પણ જો અવારનવાર તમે પ્રગટ કરશો તો 'સરસ્વતીચંદ્ર'નું મૂલ્ય સમજાશે. દુઃખ એક જ વાતનું છે કે ત્રીસ વરસથી નાની વયના વાચકો ક્યાં છે? એમને શોધવા કેવી રીતે?

કુશળ હશો.

**શિ.પ.**

૨૩૩, રાજલક્ષ્મી સોસાયટી, જૂના પાદરા રોડ, વડોદરા ૩૯૦૦૦૭

## ગુજરાત રાજ્ય કયા રસ્તે : વિકાસ કે વિનાશ / રમેશ ર. દવે

૧૬ માર્ચના 'નિરીક્ષક'ના અગ્રલેખમાં રોહિતભાઈ શુક્લે, ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ-વ્યવસ્થા સંબંધી વિધેયક વિશે વાત કરીને વર્તમાન રાજ્ય સરકારની નર્યા જુલમી શાસનની દિશા અત્યંત વાજબી રીતે ચીંધી આપી છે.

આ વિધેયકમાં ઊભી કરવામાં આવેલી તમામ શાસકીય જોરતલબી અને તેનો કાયદાકીય વિરોધ કોઈપણ રીતે ન થઈ શકે એ માટેની તદ્દન અ-માનવીય કાળજી, તકેદારી રાખીને ભારતીય સંસ્કૃતિ સમાજે જેને જગતનો તાત-પિતા ગણેલ છે તે કૃષક સમાજને રાડ પડાવીને રાન-રાન અને પાન-પાન કરી દેવાનો ઘાટ રચ્યો છે.

રોહિતભાઈએ આ વિધેયકનાં તમામ દુરિતો અત્યંત સચોટ રીતે અને અપેક્ષિત લાઘવશી-સીધી સટ્ટ વાતથી ચીંધ્યા છે એટલે કશા લંબાણ વિના યાદ રાખવા જેવી બે-ચાર વાત મૂકું?

(૧) આ વિધેયક ખેડૂત-વિરોધી અર્થાત્ આપણી જીવાદોરીને ટુંપાવનારું છે.

(૨) ખેડૂત સમાજને, ખેતીવાડીના સૌથી મોટા આધાર એવા પાણી-જળ સિંચનની સગવડ અંગે આ વિધેયક ત્રાહિમામ્ પોકારાવશે.

(૩) નહેર-અધિકારીને સોંપાનારી અમર્યાદિત જવાબદારી અને તેને પૂરી કરવા - પાર પાડવા માટે ફાળવવામાં આવનારી, જુલમી શાસકને જ હાથવગી હોય એવી સત્તા ખેડૂત પ્રજાને શી શી રીતે રૂપે પજવશે તેની કલ્પના પણ થઈ શકતી નથી.

(૪) આ નહેર અધિકારી દ્વારા, સૂચિત વિધેયકમાં દર્શાવાયેલી કામગીરી માટે ભરવામાં આવેલાં કોઈપણ પગલાં અને તેમાં અ-માનવીય અસર-પરિણામને અટકાવવા માટેની ન્યાયિક વ્યવસ્થાના દરવાજે પણ તાળાં મારી દીધાં છે.

(૫) આ વિધેયકની ઉચિત-અનુચિત અમલવારીમાંથી વિકેન્દ્રિત વહીવટ-વ્યવસ્થા માટે અનિવાર્ય ગ્રામસભા, પંચાયત, લોક-સુનાવણી જેવા, રચનાત્મક અગ્રિમ ધરાવતાં તંત્રોની બાદબાકી કરી દીધી છે.

**છેલ્લી વાત :** જંગલ, જમીન-ગૌચર અને જળ સંપત્તિ ઉપર આ સરકારે ક્રમશઃ દાખવેલી માલિકીએ આદિવાસી, રબારી, ભરવાડ અને ખેડૂતોને નોંધારા કરી દીધા છે. આ વિધેયક આ ભૂમિકાએ, વ્યાપક પટેલ-ખેડૂત સમાજ મોદી સાથે નથી તો ચાલો, એમને આ રીતે કંગાલ બનાવીને સીધા દોર કરી દઈએ, એવી રાજકીય દુર્ગંધથી ભરેલું લાગે છે.

વૈશાખ, બીમાનગર, સેટેલાઇટ, અમદાવાદ ૩૮૦૦૧૫

## નજર બગાડતી સરકાર / લાભુભાઈ ગ. પટેલ

દેશના ઉત્પાદનનું તો જે થવું હોય તે થાય પરંતુ નવા નવા અકલ્પનીય ક્ષેત્રે રાજ્ય પોતાની સત્તા ઘુસાડીને થતું ઉત્પાદન ખાઈ જવાના નુસખા શોધતી રહે છે. તેનો નવો નમૂનો તેણે હમણાં જ ખેડૂતોના સિંચાઈ ક્ષેત્રે થતા પાણીના ઉપયોગ પર નજર બગાડીને દેખાડી આપ્યો છે. ખેતી ઉત્પાદન ક્ષેત્રે ખેડૂતોના હાથમાં હવે પોતાની કાળજાતૂટ મહેનત જ બચી છે. તાજેતરમાં ખેતીનો ઇન્પુટ ખર્ચ ભયંકર માત્રામાં વધ્યો ત્યાં પણ ખેતઉત્પાદનના ભાવ નીચા જ રહ્યા. ધરતી, જળ, હવા અને પાણી આપનારા એક માત્ર ભગવાન પ્રતિ ઓશિંગણ રહેવાનું ખેડૂત સમજ્યો છે. પરંતુ એમાંયે જો નાણાં નીકળતાં હોય તો સરકાર બેદરકાર રહે ખરી? ભારે યાંત્રિક ઉદ્યોગો દ્વારા બગડેલાં હવા-પાણી પણ ખેડૂત મફત વાપરે એ તેનાથી ખમાતું નથી. હવા પર નિયંત્રણ બેસાડવામાં તેને થોડી વાર લાગશે પણ પાણીમાં આડખીલી તરત કરી શકાય તેમ છે તે સત્તાધારીઓના ધ્યાન પર આવ્યું કે તરત તેણે સિંચાઈના પાણીનો કાયદો કરી નાખ્યો. દાનત તો તેની સારી નથી પણ કાયદાના શબ્દોમાં તે પ્રગટી ન જાય તેની એ કાળજી લે છે. કારણ કે દર પાંચ વરસે ખેડૂતોને ભોળવી લેવા જવું પડે છે. ''નહેરના પાણીનો બગાડ અટકાવવા, છેવાડાના ખેડૂતને પણ પૂરતું પાણી મળે તે માટે'' જેવા શબ્દો પાછળનો ઉદ્દેશ જો ખરેખર તેવો હોત તો ખેતસિંચાઈ માટે જ તૈયાર કરાયેલા જલબંધોનું પાણી પ્રાયોરિટીને ધોરણે ખેતીને બદલે મોટા ઉદ્યોગોને અપાતું ન હોત! ખેડૂતોને જમીનવિહોણા બનાવી બહુ મોટી ઔદ્યોગિક કોરીડોરના પ્લાન અમલમાં મુકાતા ન હોત! દેશ મોટા ઉદ્યોગો વિના જીવી શકશે, ખેતી વિના નહીં એ તેમને સમજાતું નથી. આ સિંચાઈ કાયદાનો મૂળ ઉદ્દેશ નાણાં કરજે લઈને પણ જો ખેડૂતો કૂવા ગાળે, ખેતતલાવડીઓ બાંધે, પાણીના વહન માટેની ખર્ચાળ લાંબી લાઈનો ભોંયમાં નાંખે, પાણી થવાની ગેરંટી નહીં આપનારા બોર કરે તો તે માટે પણ એમની મંજૂરી અને લાયસન્સ મેળવવા તેમની સલામે જરૂર આવવું પડે! અને સલામ તો કોરેકોરી ક્યાં સ્વીકારે છે? સાક્ષાત્ જગતાત દ્વારા ભરાતી સલામતી કિંમત તેઓ બહુ ઊંચી આંકે છે!

સરકારના નિભાવ માટે જનતાએ પોતાની કમાણીનો ૫-૧૦ ટકા વેરો સહર્ષ આપવો પડે. પણ વેરાની ટકાવારી ૪૦ ટકા ઉપર જાય તો એને લૂંટ કહેવાય. જીવન જરૂરી ચીજ, તેના ઉત્પન્નની પ્રત્યેક અવસ્થાએ પાંચથી માંડી વીસેક વખત ટેક્સ ચૂકવે છે. તેની ગણતરી થાય તો સરકારે એ ચીજની કિંમતનો ૬૦-૬૫% હિસ્સો વસૂલી લીધો હોય છે. સરકારે જીડીપીના ૧૫-૨૦% વહીવટીખર્ચને મર્યાદિત રાખવો પડે. અત્યારે તે ૮૦% ઓહિયાં કરી જાય તો યે તૂટ પડે છે, તે દેશહિતની ખેવના જતી કરીને આંતરિક અને બહારનું દેવું વધાર્યે જાય છે. દેશનું તો થવું હોય તે થાય પણ રાષ્ટ્રપતિથી માંડી પટાવાળા સુધીનું વહીવટીતંત્ર અતિ ઊંચા પગારો અને જનતા માટે કલ્પનાતીત અગણિત લાભો મેળવી લઈને તેમણે શ્રમિક ગ્રામીણ ભારતને ભોગે વૈભવમાં દુનિયાને આંજી દે તેવું ઇન્ડિયા ખડું કરી દીધું છે. નહીંતર ૫૦ પટાવાળાનું સ્થાન મેળવવા ૩૦૦ બીએસસી પાસ થયેલાઓએ પણ અરજીઓ ન કરી હોત! શિક્ષણે નાદારી નોંધાવી ન હોત!

બે-ત્રણ પાક આપી શકતી જમીનમાં ઊંચી લાગત, મજૂરોની ખેંચ અને ખોટનો ધંધો લાગવાથી ખેડૂતો રવિપાક લેતા બંધ થઈ રહ્યા છે.

ખેતી હવે તમારું પાણી બહુ નહીં વાપરે! જમીનમાં સુરક્ષા, ઓછાં ઇનપુટ્સ અને તંદુરસ્ત વધુ ઉત્પાદન માટે ટપક સિંચાઈ પદ્ધતિ કારગર સાબિત થઈ છે. પરંતુ તમારા આવા કાયદા ખેડૂતોને પોતાની સૂકી ખેતીમાં સિંચાઈ વ્યવસ્થા ઊભી કરવામાં રોકી દેશે. ખેતી સાથે પ્રાણીઓ નિભાવવા હવે પોસાતાં નથી તેથી ગાય-બળદ વિનાની ખેતી એની મૂળ તાસીર બદલી રહી છે, તેની ગમ કલ્પનામાં ઊડતી સરકારને નથી.

માનવી મૃત્યુ પામે પછી તેના આત્મા જેવું કંઈ યે અસ્તિત્વમાં ન રહેતું હોય તો સારું. નહીંતર ભારતની આઝાદી માટે જેમણે કુરબાની આપી છે તે તમામનો અને ખુદ મહાત્મા ગાંધી સુધ્ધાંનો આત્મા દેશની આવી હાલત જોઈને ખૂબ ખૂબ પીડાઈ રહ્યો હશે.

માલપરા

## ગેરસમજનાં જાળાં / દીપક બારડોલીકર

ઈસ્લામ, પાકિસ્તાન અને કાઈદે આઝમ વિશે ગુજરાતના ગેર-મુસ્લિમોમાં, ખાસ કરીને હિન્દુ સમાજમાં, ઘણી ગેરસમજ વ્યાપેલી લાગે છે. આ અશુભ સ્થિતિ-પરિસ્થિતિ માટે ઘણે ભાગે ગુજરાતનાં માહિતી માધ્યમો જવાબદાર હોય એમ હું માનું છું. કેમ કે એ માધ્યમોમાં આવતા લેખો, વિવેચનો, અહેવાલોમાંનું ઘણું એવું હોય છે, જે સાચું નથી હોતું. બલકે અપસૂચક ને ગુમરાહકારક હોય છે.

તાજેતરમાં 'નિરીક્ષક'માં પ્રગટેલા શ્રી શાંતિલાલ સંઘવીના લેખો, 'ફારૂક' સાપ્તાહિકના તંત્રીલેખનો ઉતારો તથા શ્રી પ્રવીણ ગઢવીનું કાવ્ય 'વિષવૃક્ષનાં ફળ' - તેમજ પ્રતિભાવ એવી કૃતિઓ હતી જેમાં ઈસ્લામ, પાકિસ્તાન અને કાઈદે આઝમ મહમ્મદઅલી જિન્નાહની નાલેશી કરી ઘૃણા ફેલાવવાની કોશિશ કરાઇ હતી. એમના મુદ્દાસર જવાબ મેં આપ્યા હતા.

પરંતુ શ્રી શાંતિલાલ સંઘવી ૧૬ ફેબ્રુઆરીના 'નિરીક્ષક'માં ફરમાવે છે, 'પાકિસ્તાનમાં એક પણ ગેરમુસ્લિમ સલામત નથી. ઈસ્લામી સંપ્રદાયોના લોકો એકબીજાની હત્યા કરે છે અને આવું માત્ર ઈસ્લામપંથવાળાઓમાં બને છે...' અને શ્રી ગઢવીએ તે વિશેના મારા પ્રતિભાવના જવાબમાં કેટલુંક અઘટિત લખ્યું છે. એ સિવાય સાપ્તાહિક 'ફારૂક'ના તંત્રીલેખનો ઉતારો તો સમૂળો બેહૂદો હતો.

આ પ્રકારનું ભાંડણ અન્ય લોકો પણ કરતા રહે છે. એ સૌ અભદ્ર અપખોડોનો સર્વગ્રાહી જવાબ આપવામાં આવે એ ઉચિત છે અને ગેરસમજનાં જાળાં તૂટવા જોઈએ.

ધર્મનો સવાલ છે ત્યાં સુધી વિશ્વમાં ઈસ્લામ એક માત્ર એવો ધર્મ છે, જે શાંતિ અને સલામતીનો દાવો કરી શકે છે. એનો ઉદય, સામાન્ય રીતે લોકો માને છે એમ, ચૌદસો વર્ષ પૂર્વે નહીં, બલકે આદિકાલમાં પ્રતમ પયગમ્બર હઝરત આદમ અલૈહિસ્સલામના આગમન સાથે થયો હતો. જ્યારે ચૌદસો વર્ષ પૂર્વે તો તેનો અભ્યુદય થયો હતો, અંતિમ નબી હઝરત મુહમ્મદ (સ.અ.વ.)ના પુનિત હસ્તે.

નબીઓ-પયગમ્બરો દરેક કાળમાં દરેક પ્રજામાં આવતા રહ્યા છે. તેમનું કાર્ય વિશ્વમાં વ્યાપ્ત અજ્ઞાનતા તથા શેતાનિયતના અંધકારને ખાળી માનવજાતને અલ્લાહના સાંનિધ્યે લઈ જવાનું હતું. તેમનો પવિત્ર પયગામ પીડિત અને કચડાયેલા નબળા લોકોએ સ્વીકાર્યો હતો. જ્યારે શ્રીમંતો, સરદારો, શાહોએ તેમની વિરુદ્ધ બળનો ઉપયોગ કર્યો હતો. એટલું જ નહીં, ફિરઔન, નમરૂદ જેવા મદાંધ શાહોએ, પોતે ખુદા હોવાના દાવા કર્યા હતા. અલ્લાહની અંતિમ કિતાબ કુરઆને કરીમમાં એવા અનેક કિસ્સાનો ઉલ્લેખ છે.

ગમે એમ, પણ પયગમ્બરોનો એ અપૂર્વ સંઘર્ષ હતો કે માનવજાત ક્રમે ક્રમે જંગલી દશામાંથી બહાર આવી અને પ્રગતિગામી બનવાને બદલે સુક્ષ્મ બની શકી છે. એ પયગમ્બરો દ્વારા જ ઇન્સાનને તેના સાચા ખલિક અને માલિકની ઓળખ થઈ શકી છે અને ઇન્સાનની આજની આશ્ચર્યકારક સિદ્ધિઓ અલ્લાહના પયગમ્બરોએ પેટાવેલા જ્ઞાનદીપોને આભારી છે એમ કહેવું ખોટું નથી.

પવિત્ર કુરઆન અનુસાર, 'દીન અલ્લાહ સમક્ષ ઈસ્લામ છે.' (૧૯ અલ-ઈમરાન-૩). હા, એ જ અલ્લાહની પસંદગીઓનો ધર્મ છે અને એનો ઉત્કર્ષ, અભ્યુદય અરબ પ્રદેશમાં થયો, એની પરિપૂર્ણતા મક્કા-મદીનામાં થઈ તથા ટૂંક સમયમાં એ વિશ્વનો એક મહાન, મજબૂત ધર્મ બની ગયો તે ઘણી પ્રજાથી જીરવાયું નહીં હોય એમ લાગે છે. ઈસાઇઓની ઈસ્લામ વિરુદ્ધની લડાઈઓ - ક્રુસેડો તવારીખોમાં સુરક્ષિત છે. આજે પણ ઈસાઇ સત્તાઓ ઈસ્લામ અને મુસ્લિમો વિરુદ્ધની કોઈ તક જતી કરતી નથી એ જગપ્રસિદ્ધ છે.

મુસ્લિમ ફિરકા ને તેમના આપસના ઝઘડાનો મામલો છે ત્યાં સુધી કહીશ કે શીઆ, સુન્ની એમ ફક્ત બે ફિરકા નથી. ઘણા છે, જેવા કે બરેલ્વી, દેવબન્દી, વહાબી, અહલે-હદીસ વગેરે. એમની વચ્ચે ક્યારેક અથડામણો થાય છે એની ના નહીં. પણ એ અધકચરા જ્ઞાનવાળાઓની હુંસાતુંસીની બાઝાબાઝી હોય છે. વિદ્વાનો એમાં સંડોવાતા નથી. સાચું પૂછો તો આ ફિરકાઓ વચ્ચે ઈસ્લામના મૂળ સિદ્ધાંતો વિશે કોઈ મતભેદ નથી. અને જે ઝઘડા જોવા મળે છે તે ગૌણ બાબતો અંગેના નાના માણસોના ઝઘડા હોય છે.

અત્રે શ્રી સંઘવીજી અને તેમના જેવા અન્યોને મારો સવાલ છે કે મુસ્લિમ ફિરકાઓથી વિશેષ તીવ્ર લડાઈઓ શું હિન્દુ સંપ્રદાયોમાં નહોતી ચાલતી રહી? વીસમી સદી સુધી દલિતો, આદિવાસીઓ તથા અન્ય કેટલીક કાળી પ્રજાઓની શી દશા હતી? - એ તો મહાત્મા ગાંધીને દુઆ દો કે તેમના અણથક પ્રયાસોના પ્રતાપે પરિસ્થિતિમાં સુધારો નજરે પડે છે. બાપુએ આ એક અદ્‌ભુત કાર્ય કર્યું હતું. પરંતુ આમ છતાં, કમનસીબી જુઓ કે આજે પણ દલિતોને, આદિવાસીઓને અયોગ્ય વહેવારની, અન્યાયની શિકાયતો છે. ઈસ્લામ અને મુસ્લિમો પર ઈલઝામ ધરવાનું સહેલું છે, પણ તમે પોતે ક્યાં ઊભા છો?

અને ન જાણતા હો તો જાણો કે પાકિસ્તાનમાં હિંદુ નાગરિકો સલામત છે. ત્યાં હિંદુ-મુસ્લિમ જાતિઓના ઝઘડા નથી. અગાઉ એક લેખમાં મેં દર્શાવ્યું હતું તેનું પુનરાવર્તન કરતાં કહીશ કે હું પાકિસ્તાની છું અને કરાચીમાં વ્યવસાયી પત્રકારની હેસિયતે વર્ષો વિતાવ્યાં છે એટલે દાવાપૂર્વક કહી શકું છું કે અમારા દેશમાં હિંદુ સલામત છે. ત્યાં હિંદુ-મુસ્લિમ રમખાણો, જે ભારતમાં અકસર થતાં રહે છે, તે થતાં નથી. ત્યાં હિંદુઓ વેપાર કરે છે, વકીલો, તબીબો, શિક્ષકો, એન્જિનિયરો, સરકારી અમલદારો, ન્યાયાધીશો છે. રાજકારણમાં પણ તેઓ તેમની ભૂમિકા ભજવે છે.

સબ સલામત છે. ધર્મના નામે પાકિસ્તાનમાં હિંદુઓને, શીખોને, પારસીઓને, ઈસાઇઓને કોઈ પ્રોબ્લેમ નથી. તેમનાં મંદિરો. ચર્ચો, અગિયારીઓ સલામત છે. પૂજાપાઠ થાય છે. એ સૌ ગેરમુસ્લિમો પાકિસ્તાની છે અને કશાયે ડર-ખૌફ વિના ખુશહાલ જીવન વિતાવી રહ્યા છે. ત્યાં દશેરા, હોળી, દિવાળી, ક્રિસમસના તહેવારો તથા શીખ-પારસી ઉત્સવો આનંદભેર મનાવવામાં આવે છે.

અલબત્ત, આ એક હકીકત છે કે પાકિસ્તાન છેલ્લાં કેટલાંક વર્ષોથી ત્રાસવાદની ભીંસમાં આવેલું છે જેનો ભોગ ત્યાંના નિર્દોષ નાગરિકો થઈ રહ્યા છે. ક્યારેક કોઈક ગેરમુસ્લિમ, હિન્દુ પણ માર્યો જતો હશે. ગોળી ક્યાં કોઈનું નામ પૂછે છે? વળી ત્રાસવાદીઓનો ક્યાં કોઈ ધર્મ હોય છે? આવા કોઈક કમનસીબ બનાવના આધારે એમ કહી દેવું કે પાકિસ્તાનમાં કોઈ હિન્દુ સલામત નથી, એ ડહાપણભર્યું કહેવાય ખરું?

એવું સોચનારને આમ જ કહેવું ઘટે કે, 'શ્રીમાન, અકલ કે નાખુન લો!'

અને ગઢવીજીએ તેમના પ્રતિભાવમાં ગાંધી-જિન્નાહે લઘુમતીના રક્ષણની ખાતરી આપી હતી એમ નોંધ્યું છે. સાચું. પાકિસ્તાનમાં એ ખાતરી ઉપર અમલ થતો રહ્યો છે, જેની વિગત ઉપર આવી ગઈ છે. પરંતુ અફસોસ કે ભારતમાં તેના રાષ્ટ્રપિતાની એ ખાતરી ઉપર ક્યારેય અમલ થયો નથી. ૧૯૪૭માં સરદાર પટેલ ગૃહપ્રધાન હતા ત્યારે સરકારની નજર સમક્ષ ઉત્તર પ્રદેશ, પંજાબ, બિહાર, બંગાળમાં મુસ્લિમોની કરાયેલી કત્લેઆમ તથા આચરવામાં આવેલી અન્ય હેવાનિયત તો ઇતિહાસનો એક ભાગ બની ગઈ છે અને ત્યારથી અત્યાર સુધી મુસ્લિમો પર હિન્દુ અત્યાચારનો સિલસિલો જારી રહ્યો છે. ગુજરાત પણ આ હેવાનિયતમાં પાછળ રહ્યું નથી! અગર ગાંધીજી હયાત હોત તો...?

ગઢવીજી, એ મહાત્મા માટે 'ડોસો' શબ્દ અગર અવમાન માટે નહીં, લાડ-પ્યાર માટે તમે વાપર્યો હોય તો શું તમારા ઘરમાં તમારાં માતાપિતાને તેમ જ આડોશપાડોશનાં વડીલોને તમે ડોસા-ડોસી કહીને સંબોધો છો? વડીલોને શું આ રીતે ઇજ્જત આપો છો? અગર એને તમે સંસ્કારિતા, સભ્યતા લેખતા હોય તો તમને એ મુબારક. અમે તો એને અસંસ્કારિતા, અસભ્યતા, બદતમીઝી લેખીએ છીએ.

ઇન્સાન તો અલ્લાહનું સર્વેશ્રેષ્ઠ સર્જન છે. એની સભ્યતા પણ એટલી જ શ્રેષ્ઠ હોવી જોઈએ.

અમારા રાષ્ટ્રપિતા, કાઇદે આઝમ ખરેખર જિનિઅસ હતા. એવા તેજસ્વી રાજનીતિજ્ઞ છાશવારે જન્મતા નથી. નીતિપરાયણતા અને નિશ્ચલતામાં બેમિસાલ એવા એ મહાજન છેવટ સુધી સેક્યુલર હતા. પાકિસ્તાનની બંધારણ સભાની પ્રથમ બેઠકમાંનું સંબોધન તેમના સેક્યુલર વિચારોનું તાદશ્ય પ્રતિબિંબ પાડે છે, જેમાં તેમણે મુસ્લિમ-ગેરમુસ્લિમની ધાર્મિક અલગતાના બદલે રાજકીય એકતા ઉપર ખાસ ભાર મૂક્યો હતો અને ગેરમુસ્લિમ નાગરિકોને સમાન અધિકારો અને સંપૂર્ણ આઝાદીની ખાતરી આપી હતી.

કાઇદે આઝમને અને તેમના રાજકારણને સમજવા માટે ગઢવીજી, સંઘવીજી અને એમના જેવા અન્યોને મારી સલાહ છે કે પ્રથમ દાદાભાઈ નવરોજી, ગોપાળકૃષ્ણ ગોખલે, ફિરોઝશાહ મહેતા, સરોજિની નાયડુ ને રાજગોપાલાચારીને સમજો. તેમની રાજનીતિનો અભ્યાસ કરો એ વગર જિન્નાહ તમારી સમજમાં આવશે નહીં. આપણા રસકવિ કલાપીના શબ્દોમાં કહું તો :

'સૌંદર્યો વેડફી દેતાં ના-ના સુંદરતા મળે,
સૌંદર્ય પામતાં પહેલાં સુંદર બનવું પડે.'

અને નેહરુજી તથા સરદાર પટેલ ગાઈ-વગાડીને શું કહી રહ્યા હતા? એ જ ને કે 'સડેલું અંગ છે, વાઢીને ફેંકી દો. બહુમતી અમારી છે, ધાર્યું કરી લેશું' વગેરે અને નકારાત્મક વલણ, અવહેલના, અનાદર હતાં. જેણે પાકિસ્તાનને વજૂદ બક્ષ્યું હતું. ઐતિહાસિક હકીકતો આમ કહે છે. અમારા કાઇદે એના માટે જવાબદાર ન હતા. માનવું હોય તો માનો, નહીંતર તમારી મરજી.

અને અંતે સુપ્રતિષ્ઠિત શાયર બશીર બદરનો એક ઉમદા શેર :

'યે સોચ લો અબ
આખરી સાયા હય મહોબ્બત
ઇસ દર સે ઉઠોગે
તો કોઈ દર ન મિલેગા'

માન્ચેસ્ટર

## વિદ્યયા અમૃતમ્ અશ્નુતે / આશા બૂચ

૧લી ફેબ્રુઆરી ૨૦૧૩ના 'નિરીક્ષક'ના અંકમાં શ્રી ઉત્તમભાઈ પરમારનો 'ગૂજરાત વિદ્યાપીઠના ગ્રામશિલ્પીઓ' લેખ વાંચીને આનંદ થયો. આમ તો મારા કુટુંબીઓ આ બધી શિક્ષણ અને ગ્રામ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા હતા અને હજુ પણ છે તેથી મને તેની જાણ છે, પરંતુ આ લેખથી અન્ય વાચકોને પણ માહિતી મળી તે ગમ્યું. હવે આ ગ્રામીણ પ્રદેશમાં કામ કરાવાના રોગનો (?!) ચેપ બીજા વિશ્વવિદ્યાલયોના વિદ્યાર્થીઓને કેવી રીતે લાગે તે વિચારવું રહ્યું. બેકાર બેસી રહેવું કે શાકની લારી અથવા રીક્ષા ચલાવીને પણ શહેરમાં જ રોટલો રળવો એ મનોવૃત્તિને યુવા વર્ગ તિલાંજલિ આપે એવું કાંઈ કરી શકાય તો ઉત્તમ.

ગૂજરાત વિદ્યાપીઠના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ અદ્ભૂત કામ કરે છે તે નિઃશંક છે, તેમને અમારી અનેક દુવાઓ.

એ જ અંકમાં આદરણીય શ્રી દીપકભાઈ બારડોલીકરનો પ્રવીણ ગઢવીના કાવ્ય માટેનો પ્રતિભાવ વાંચ્યો. દીપકભાઈની વાતમાં હું સંમત થઈશ. માનવજાત અમૃતને એટલે પામી નથી શકતી કેમ કે તે વિષને ઘોળ્યા જ કરે છે. વડની પૂજા કરનાર એના જેવી ઉદારતા, સહનશીલતા અને ગરવાઈ નથી કેળવતો. પોતાની જાતને 'બુદ્ધિમાન' ગણાવતા લોકોએ એક અરજ, મહેરબાની કરીને કાંઈ પણ કહેતાં પહેલા સાચી કહીકતથી વાકેફ થાઓ અને તેનું અર્થઘટન કરો તો જ જાહેરમાં બોલવાને/લખવાને પાત્ર ઠરશો. દીપકભાઈના પ્રતિભાવમાં કાયદે આઝમ અને ગાંધીજીના સંબંધોના સાચા સ્વરૂપનું નિરૂપણ કરવાની તમન્ના દેખાય છે એટલી જ એમની શ્રી ગઢવી અને તેમના જેવા બીજા જે કોઈ કવિ-લેખકો એકપક્ષીય વિધાન લખે તેને માટેની વેદના પણ સ્પષ્ટ થાય છે.

માન્ચેસ્ટર, યુકે

## અભિનંદન / રમેશ દેસાઈ

૧૬/૨ના અંકમાં અમિતાભ મડિયાએ પ્રો. રોમિલાબહેનને જે કહ્યું તે અને શાંતિલાલ સંઘવીએ 'ઇસ્લામ પંથવાળાઓ...'માં જે પેટછૂટી વાત કરી તે વાંચવાનું ગમ્યું. આવા વિચારો 'નિરીક્ષક'માં પ્રસિદ્ધ કરી સાચો તંત્રી ધર્મ બજાવો છો તે માટે અભિનંદન. ઢાલની બીજી બાજુ બતાવવાનું ઊજળું કામ તમે કરી રહ્યા છો.

૧/૨ના અંકમાં પણ ઓમપ્રકાશ ઉદાસીનું લખાણ વાંચી આવી જ લાગણી અનુભવી હતી. 'નિરીક્ષક'માં આવતાં આવાં લખાણો જોતાં તે વિચારપત્ર છે એવો અહેસાસ થાય છે. બીજાં કેટલાંક વિચારપત્રો પાસે આવી અપેક્ષા ક્યાંથી રાખી શકાય?

રામજી ટેકરો, વલસાડ

## ઉદારમતવાદી પ્રભાવ વધતો જાય તેમ ઇચ્છું છું / જગદીશ શાહ

સ્નેહીશ્રી (ફાધર વિલિયમ) :

તા. ૧-૨-૧૩ના 'નિરીક્ષક'માં 'પાદરીઓ વિશે ગેરસમજ' મથાળા હેઠળ તમારું લખાણ વાંચ્યું, મારા લેખથી તમારું દિલ દુભાયું તેનું મને કારમું દુઃખ થયું.

તમે જે ફાધરોની નામાવલિ આપી તેમાંના લગભગ બધાને હું જાણું છું. તે જ રીતે ઉદારમતવાદી મુલ્લાઓને અને હિન્દુ પંડિતોનેય જાણું છું મારે તો જુનવાણી વિચારના મુલ્લા, પાદરી, મહંતો વિશે જ લખવાનું હતું. ઉદાર છતાં લઘુમતીમાં ધર્મપ્રચારકો વિશે મારા ચિત્તમાં માનની ઊંડી લાગણી જ છે.

પણ ૬૦ વરસના જાહેરજીવનમાં મને ભ્રમ ફેલાવનારા કટ્ટર ધર્મ પ્રચારકોનો અનુભવ પણ થયો છે. હજી ગામડાંઓમાં તેવા ધર્મપ્રચારકો તેમની રીતે કાર્યરત હશે તેમ માનું જ છું.

તમે મને બાઇબલ ન મોકલશો. મારી પાસે વિનોબાનું ખ્રિસ્ત ધર્મસાર ઉપરાંત ગુજરાત સાહિત્ય પ્રકાશ આણંદ દ્વારા પ્રકાશિત (૧૯૮૧ની આવૃતિ, સંપૂર્ણ બાઇબલ છે. તેનો અનુવાદ નગીનદાસ પારેખ અને ઇશુદાસ ક્વેલીએ કરેલો છે. સ્વામી આનંદના ઇશુ ભાગવતની મેં ૩૫-૪૦ વરસ પહેલાં અમારા આશ્રમવાસીઓમાં કથાયે કરેલી છે.

તમે મારા લેખની ભાવના પકડી શક્યા હોત તો સારું હતું. દરેક ધર્મની સારી બાબતો સર્વધર્માવલંબીઓ માટે અનુકરણીય છે એવું હું માનનારો છું. આજે ઘણો સુધારો થયો છે ને ઉદારતાયે વધી છે છતાં હજી ધર્મપ્રચારકો વહેમ અને અંધશ્રદ્ધા ફેલાવે છે તે ખોટું છે તે બાબત તમે ય મારી સાથે સંમત થશો જ.

તમારા જેવા ઉદારમતવાદી ધર્મપ્રચારકોનો પ્રભાવ વધતો જાય તેવું હું ઇચ્છુ છું. તે દિશામાં સમાજ આગળ વધી રહ્યો પણ છે.

ફરીથી તમારા ચિત્તમાં મારા લેખ બાબત જે આવી પ્રતિક્રિયા થઈ તે બદલ દિલગીરી વ્યક્ત કરું છું.

વિનોબા આશ્રમ, ગોત્રી રોડ, વડોદરા ૨૧

(જગદીશ શાહે તા. ૨-૨-૨૦૧૩ના રોજ લખેલ પત્ર, ફાધર વિલિયમના સદ્‌ભાવથી)



## સાર્થક પ્રકાશન : એક નવી પહેલ/ ઉર્વીશ કોઠારી

ત્રણ લેખક ભેગા થઇને પોતે પ્રકાશક બનવાનું નક્કી કરે ત્યારે એકાક્તિમાં સરી પડવાનું બહુ સહજ હોય. પ્રકાશનજગતનું ધંધાદારીકરણ, લેખકોનું શોષણ, ફક્ત 'ચેનલ'માં નહીં, વાચકો સુધી પણ પુસ્તકો પહોંચે એવી વિતરણવ્યવસ્થાનો અભાવ, ગુણવત્તા વગરનાં પુસ્તકોનો વરસાદ - આવા ઘણા મુદ્દે વાસ્તવિકતાનો કરુણ ચિતાર આપીને, પોતાના આગમન પછીના ભવિષ્યનું ભવ્ય-અને-ગુલાબી- ચિત્ર રજૂ કરી શકાય.

છતાં, અમે ત્રણ લેખક-પત્રકાર મિત્રો દીપક સોલિયા, ઉર્વીશ કોઠારી અને ધૈવત ત્રિવેદીએ ખાસ્સી ગડમથલ પછી પ્રકાશનક્ષેત્રે ઝુકાવવાનું નક્કી કર્યું, ત્યારથી એવું પણ વિચાર્યું છે કે મોટા દાવા કર્યા વિના, જે કંઇ કહેવાનું છે તે કામથી જ કહેવું. મનમાં એવું છે કે અમારી સહિયારી પ્રકાશન સંસ્થા 'સાર્થક પ્રકાશન' દર વર્ષે પસંદગી સમિતિના માપદંડ મુજબનાં ચુનંદા પુસ્તકો પ્રકાશિત કરે અને એ રીતે ગુણવત્તાસભર-સમૃદ્ધ વાચન પૂરું પાડવા પ્રયાસ કરે.

'સાર્થક'ની પ્રકાશનપ્રવૃત્તિનો આરંભ ચાર પુસ્તકોથી થાય છે. તેમાંથી બે પુસ્તક નવાં છે અને બે લાંબા સમયથી અપ્રાપ્ય બનેલાં. નવાં પુસ્તકોમાં ધૈવત ત્રિવેદીની 'લાઇટહાઉસ' (ગુજરાત સમાચારની રવિ પૂર્તિમાં હપતાવાર પ્રગટ થયેલી નવલકથા) અને હિંદી-ગુજરાતી ફિલ્મોના અભિનેતા-દિગ્દર્શક કૃષ્ણકાંત (કે કે )નાં બીરેન કોઠારી દ્વારા સંપાદિત સંભારણાં છે . બીજાં બે પુસ્તકો છે : ઉર્વીશ કોઠારીનું 'સરદારઃ સાચો માણસ, સાચી વાત' (સરદારના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંનું વિવરણ-વિશ્લેષણ) અને સલિલ દલાલનું 'ગાતા રહે મેરા દિલ' (હિંદી ફિલ્મોના ટોચના ૯ ગીતકારોનું જીવનકવન).

પ્રકાશનના આરંભની કડાકૂટમાં કાર્તિક શાહ જેવા મજબૂત મિત્રનું માર્ગદર્શન ન હોત અને ડીઝાઇનિંગ સહિતની ઘણી બાબતોમાં પરમ મિત્ર અપૂર્વ આશરનો સક્રિય સહયોગ ન હોત તો 'સાર્થક પ્રકાશન' કદાચ શરૂ જ ન થયું હોત. આગળ ઉપર વર્ષે ત્રણસો -સાડી ત્રણસો પ્રકાશનો કરતા મુખ્ય ધારાના ગુજરાતી પ્રકાશકો સાથે 'સાર્થક પ્રકાશન'ની કોઇ હરીફાઇ નથી. (એ કરી શકે પણ નહીં અને કરવા ઇચ્છે પણ નહીં). સાથોસાથ, એ પણ નક્કી છે કે 'સાર્થક પ્રકાશન' સમાંતરધારાનું બિચારું-બાપડું કે નમાલું સજ્જન પ્રકાશન બનવા માગતું નથી. તેનું ધ્યેય અને તેની ગતિ ગુણવત્તાનો પર્યાય બનવાની તથા વાચકો સાથે સીધો નાતો જોડવાની દિશામાં રહેશે.

ગુજરાતમાં નબળું તો ઘણું વેચાય છે - વંચાય છે , પણ સબળું વાંચનારા - અને ખરીદીને વાંચનારા- ઠીક ઠીક સંખ્યામાં હશે, એવો વિશ્વાસ 'સાર્થક' પાછળનું એક મોટું બળ છે. એ દૃષ્ટિએ 'સાર્થક પ્રકાશન' અમારા સદા મદદગાર મિત્રો ઉપરાંત સત્ત્વશીલ-નક્કર વાચન ઇચ્છતા સૌ વાચકોને પોતીકું લાગે , ત્યારે 'સાર્થક પ્રકાશન'નું અસ્તિત્વ સાર્થક થશે .

સાર્થક પ્રકાશનનાં પહેલાં ચાર પુસ્તકોનો પ્રાગટ્ય સમારંભ ૬ એપ્રિલ, ૨૦૧૩, શનિવારની સાંજે ૫:૪૫ વાગ્યે રા.વિ.પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમરોડ, અમદાવાદ ખાતે રાખવામાં આવ્યો છે. તેમાં 'સ્કોપ' અને 'સફારી' સહિતનાં સામયિકો, પ્રકાશનો દ્વારા ગુજરાતી લેખન-પ્રકાશનક્ષેત્રે માઉન્ટ એવરેસ્ટ જેવું સ્થાન ધરાવતા નગેન્દ્ર વિજય આશીર્વચન અને મુખ્ય વક્તવ્ય આપશે. પ્રકાશનના પ્રારંભ અને પુસ્તકોના વિમોચન માટે નગેન્દ્ર વિજય ઉપરાંત રજનીકુમાર પંડ્યા, વિનોદ ભટ્ટ, પ્રકાશ ન. શાહ તથા રતિલાલ બોરીસાગરની વિશેષ ઉપસ્થિતિ રહેશે . આ કાર્યક્રમમાં રસ ધરાવતા સૌને તેમાં નિમંત્રણ છે.

કાર્યક્રમ પહેલાં ફક્ત ઇ-મેઇલ, ફોન નંબર અને સરનામું મોકલીને પુસ્તકોનું આગોતરું બુકિંગ કરાવી શકાય છે. આગોતરા બુકિંગ કરાવનારને તથા કાર્યક્રમના સ્થળેથી ખરીદનારને રૂ.૧,૧૨૫ની કિંમતનાં ચારે પુસ્તકોનો આખો સેટ રૂ.૮૦૦માં આપવાની યોજના છે. આખા સેટને બદલે પુસ્તકોની છૂટક ખરીદી પર ૨૦ ટકા ડિસ્કાઉન્ટ મળશે.

પુસ્તકોની અને કાર્યક્રમની વધુ વિગતો માટે સંપર્ક : ૩, રામવન, નિર્માણ હાઇસ્કૂલ પાસે, ૬૭, નેહરુ પાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ- ૩૮૦૦૧૫, ઇ-મેઇલઃ spguj2013@gmail.com

## ક્રાંતિનું નૃત્ય / સિલાસ પટેલિયા

દાયકાઓ પૂર્વે વિનોબા ભાવેએ જે વાણી ઉચ્ચારી હતી એ સાંપ્રત ભારત અને વિશ્વના પ્રજાજીવનના સંદર્ભમાં એકદમ પ્રસ્તુત છે. આર્ષદૃષ્ટાની આ જ તો ખૂબી છે. એમણે કહેલું : 'એક તરફ ભારતમાં અપાર માતૃગૌરવ ગવાયું છે, પરંતુ બીજી બાજુ સ્ત્રીની આટલી શક્તિ હોવા છતાં લોકો એને કામિનીરૂપે જુએ છે, મતલબ કે કામસાધનાના એક વિષયરૂપે! માતૃશક્તિનું આ સૌથી મોટું અપમાન છે. આજે શહેરોમાં દશા ભારે ખતરનાક છે. મોટાં મોટાં શહેરોમાં સ્ત્રીઓ ક્યાંક એકલી જાય છે તો પુરુષોના આક્રમણનો ડર રહ્યા કરે છે. ભણેલીગણેલી છોકરીઓ રસ્તા પર જાય છે તો છોકરાઓ એને સતાવે છે, એને અંગ્રેજીમાં નામ આપ્યું છે - 'ઈવ ટીઝિંગ'. આ તો શીલભ્રંશ થઈ રહ્યો છે. એનો વિરોધ કરવા માટે બહેનોએ આગળ આવવું જોઈએ. માતાઓએ સમજવું જોઈએ કે દેશનો આધાર, શીલ નહીં રહે તો, તો દેશ નહીં ટકી શકે. દેશમાં આટલો ચારિત્ર્યભંગ થાય અને લોકો જોતા રહે, બહેનો એનો વિરોધ ના કરે તો પછી ભગવાન જ ભારતને બચાવે — એવું કહેવાની નોબત આવશે. એ માટે કામવાસનાની પ્રેરક તમામ ચીજો પર પ્રહાર કરવો પડશે. શીલરક્ષા વગર સંસ્કૃતિ નહીં બચે. શીલ બચશે તો દેશ બચશે. સામાજિક આક્રમણનો સામનો કરવાની શક્તિ સ્ત્રીઓમાં જાગવી જોઈએ અને જાગી પણ છે.'

વિનોબા ભાવેની આ વાણી વિદેશી સર્જક અને અભિનેતા તથા ક્રાંતિવીર એવા ઈવ એન્સલરે સાંભળી હશે? યા વિનોબાએ એને કાનમાં કહ્યું હશે કે ભાઈ ઊઠ, દાયકાઓ પહેલાં મેં જે નિદાન કર્યું હતું, એની ચિકિત્સા હાથ ધર અને સમાજના હાડમાં પેઠેલા મનોરોગને દૂર કરવા મથ! એમ થયું જ હશે કેમ કે આ કવિએ આજના સમયમાં વિશ્વભરમાં નારીગૌરવ માટે ઝુંબેશ ઉપાડી છે. સ્ત્રીઓને ગૌરવ મળે કે અનેકવિધ શોષણ અત્યાચારમાંથી મુક્તિ મળે, એના પર થતા અત્યાચારોની સજા માટે કડક કાયદાઓનો ત્વરિત અમલ થાય આદિ બાબતોને ધ્યાનમાં લઈને એણે ઝુંબેશ શરૂ કરી છે. નામ દીધું - 'One Billion Rising' 'એક અબજનો વિરોધ' આ એક જાગતિક સમસ્યા છે. વિશ્વની સાત અબજની વસ્તીમાં એક અબજ તો એવી બહેનો છે જે વિવિધ અત્યાચારોનો ભોગ બની છે... એમનો વિરોધ! જગત જોડાય એવો અનુરોધ.

ઈવ એન્સલરની સંવેદનભીની સંકલ્પશીલતાને લાખેણી સલામ કેમ કે એની સંસ્થા 'વી ડે'નો સ્થાપના દિન ૧૪ ફેબ્રુઆરી- 'વેલેન્ટાઇન ડે'! એ દિવસ જ એણે પસંદ કર્યો આ ઝુંબેશ માટે! એણે દુનિયાભરના પુરુષોને પરોક્ષપણે કહી દીધું કે નારી માટે સ્નેહના-મૈત્રીના એકરારનો દિવસ રંગે-ચંગે ઊજવો છો, એ તો આનંદની વાત છે. પણ જુઓ ને સાંભળો કે એ જ નારીનું આપણે કેટલું ગૌરવ કરીએ છીએ, એના પર થતા વિધવિધ અત્યાચારોનું શું? એટલે આ દિવસની સાથે આ બીજો એક દિવસ પણ સાંકળી લો કે જેમાં આપણે જુદી રીતે ઉજવણી કરીશું. એ વાયોલન્સ વિરોધનો પણ દિન. એ દિવસે બધા જ, બધું જ કામ એકાદ મિનિટ માટે બંધ કરી દે ને ખુલ્લા મેદાનમાં આવી જાય. બધા મનોમન કલ્પે કે બધી જ બહેનો પોતાની સાથે છે. પછી નૃત્ય થાય. બધા ખરા દિલથી સંકલ્પ કરે કે નારી અત્યાચારનો વિરોધ કરીશ ને એ અટકે એવા પ્રયાસોમાં સાથ આપીશ. એ દિવસે લાલ, કાળાં, ગુલાબી વસ્ત્રો પહેરીને નૃત્ય કરવાનું, આનો પણ ક્રાંતિભર્યો સંદેશ છે. સહયોગની, સાથની આ કેવી પ્રબળતમ ભાવના! પુરુષોય જોડાય, એ કેવી સાથની ઝંખના! આ તો એક પ્રકારની અભિવ્યક્તિ છે પણ એમાં સૂક્ષ્મક્રાંતિનો સંદેશ છે - શુભસંદેશ. વળી એ અહિંસક ને વિધાયક! તસલીમા નસરિને પણ એમના એક લેખમાં કહ્યું છે કે પુરુષ મનોમન દૃઢ સંકલ્પ કરે કે નારી પર બળાત્કાર કે અત્યાચાર નહીં કરું, બસ, એ ક્ષણ જ એવી છે જ્યાંથી આ અત્યાચાર અટકે, એ વિના સઘળું મિથ્યા! ઈવ એન્સલરની આ ઝુંબેશમાં પણ આવી જ વિધાયક ભૂમિકાની વાત છે ને! ને બંનેમાં વિનોબાવાણી તો ભળેલી છે જ.

વિનોબા ભાવેએ વર્ષો પહેલાં બહેનો પરના અનેક અત્યાચારોને શીલભ્રંશ, ચારિત્ર્યભંગ કહીને દેશ અને એની સંસ્કૃતિને બચાવવા માટે સ્વયં બહેનોએ જ વિરોધ કરવો જ પડશે એવો અનુરોધ કર્યો હતો. 'સામાજિક આક્રમણ' સામે અહિંસક આંદોલન જગવવાની વાત કરી હતી. એનું જ ઈવ એન્સલરની ઝુંબેશમાં વૈશ્વિકરૂપ છે, કેવો આ પણ યોગાનુયોગ! મહાન વિચારો અમર હોય છે તે આનું નામ! વળી, ઈવ એન્સલરના આ આંદોલનને દુનિયાના ૧૯૦ દેશોનો સહકાર સાંપડ્યો છે ને એ આંકડો વધતો જ જવાનો છે કેમ કે આ એકલદોકલ વ્યક્તિ કે દેશનો પ્રશ્ન જ નથી, સર્વેની ચિંતા છે ને સહિયારી સમસ્યા છે માટે જ બધાએ પોતપોતાની રીતે ભૂમિકા અદા કરવાની હોય છે. મોકળાશની ક્રાંતિનું દ્યોતક નૃત્ય : ઓબીઆર ('નિરીક્ષક' : ૧૬-૨-૧૩) લેખમાં આની વિગતે વાતો ઈલાબહેન પાઠકે કરી જ છે, એમાં એમણે પ્રબળ આશા સાથે અંતે લખ્યું : '...... પરસ્પર સ્નેહ ફેલાવીએ અને મોકળાશસૂચક નૃત્ય કરીએ. એ નૃત્ય ક્રાંતિનું દ્યોતક હશે અનેક ગુજરાતણો આ ક્રાંતિ ઝુંબેશમાં ગરબા ગાતી, રાસ રમતી, જોડાશે.' ઈલાબહેનની આ ઝંખના ને આશાને અવશ્ય પાંખો ફૂટવાની જ ને ફૂટેલી પાંખો ઉડ્ડયન ઝંખશે જ ને આકાશ તો તત્પર જ છે ને!

ઈ/૧૧, સૂર્યા ફ્લેટ-બી, સ્વામીનારાયણ નગર સામે, નિઝામપુરા, વડોદરા-૨

## એવું તો કશું ક્યાં છે? / રમણ વાઘેલા

તમે કહો છો એવું તો કશું ક્યાં છે?
વિસ્મયના વરણાગી ચહેરાઓ મળે એક જ ધજાગરાનું કારણ!
પાંપણ પર બેઠેલા સપનાંની ભીડ મહીં છેક જ ઉજાગરાનું તારણ!
ટોળે વળીને કશું કહેવાનું હોય તોયે જીભ ઉપર બેઠા હૂડા છે!
તમે કહો છો એવું તો કશું ક્યાં છે!
આભ મહીં અજવાળું, પૃથ્વી પર અંધારું-રહેવું ક્યાં આપણું નક્કી છે!
ગાજરની લાલચમાં, નીરનીયે છાલકમાં - ભૂખ-તરસ સઘળું જક્કી છે!
આયખાએ જોયું આ પહેલ-વહેલવાર, અહીં ઊભવાની જગા પણ ક્યાં છે?
તમે કહો છો એવું તો કશું ક્યાં છે?
રોજ રોજ હીર-ચીર ખેંચતા જાય, તોયે રૂંવાડું કોઈનું ના ફરકે!
એક જ કરવતથી લોક વહેરાતા જાય, સભા આખીયે મધમીઠું મરકે!
આંખોની સામે બધું પિંખાતું જાય તોયે દૃશ્યોનાં દર્પણ ઊંધાં છે!
તમે કહો છો એવું તો કશું ક્યાં છે?

પ્લોટ ૬૫૨/૨, સિદ્ધાર્થ પાર્ક, સેક્ટર નં.૮, ગાંધીનગર ૩૮૨૦૦૭

## હિંદુ આતંકવાદ? / ફ્રાંકોઈસ ગૌટીઅર

શું 'હિંદુ આતંકવાદ' જેવું કંઈક છે? ગૃહપ્રધાન શિંદે કહે છે તેમ? હું એક વિદેશી પત્રકાર છું અને હિંદુઓને પ્રેમ કરું છું! ફ્રાંસમાં મારો જન્મ થયો છે, હું કેથોલિક છું, ભણેલો છું અને હિંદુ નથી. મને લાગે છે કે મારા કેટલાક અભિપ્રાયો, જે મારાં માતાપિતાના વિચારોમાંથી આવ્યા નથી કે મારા શિક્ષણમાંથી કે મારા પૂર્વજો પાસેથી પણ છેલ્લાં ૨૫ વર્ષથી દક્ષિણ એશિયામાં પત્રકાર તરીકે કામ કરું છું તેમાંથી તેનું પોષણ થયું છે. (લી જર્નલ જિનીવા અને લિ ફિગેરો)

૧૯૮૦ની શરૂઆતમાં હું જ્યારે દક્ષિણ ભારતમાં એક પત્રકાર તરીકે કામ કરતો હતો અને કાલારિપેયુટ્ટમના, આયપ્પન ઉત્સવના ફોટાઓ પાડતો હતો, ત્યારે ધીમે ધીમે મને ભાન થતું ગયું કે આ દેશની નૈસગિક, વિશિષ્ટતા તેના હિંદુ હોવાપણાંમાં રહેલી છે, જે હિંદુઈઝમની આધ્યાત્મિકતા છે. એક સામાન્ય હિંદુ, જેને તમે કોઈપણ સ્થળે હજારો ગામડાંમાં મળો છો તે એક સાદો માનવી છે અને તેનામાં આંતરિક આધ્યાત્મિકતા છે અને તે, તમને તમે જેવા છો તેવા સ્વીકારી લેશે. ભલે તમે ખ્રિસ્તી, મુસ્લિમ, જૈન કે આરબ, કે ફ્રેંચ કે ચાઈનીઝ હો. આ હિંદુઈઝમ જ છે જેને લીધે ભારતીય ખ્રિસ્તીઓ, ફ્રેચ કે મુસ્લિમો કે સાઉદી મુસ્લિમોથી અલગ પડે છે, હું એ પણ શીખ્યો છું કે હિંદુઓ માને છે કે દૈવી શક્તિ અનેક સ્વરૂપે પ્રગટ થાય છે, ભલે તે સમય કે તેનાં નામો જુદા જુદા હોય. (તેમાં અવતારની વિભાવનાઓ પણ આવી જાય છે, જે ૨૧મી સદીના ધર્મનો સંપૂર્ણ ઉત્તર છે) ઉપરાંત તેઓએ વિશ્વની અનેક જુલ્મોની ભોગ બનેલી જાતિઓને આશ્રય આપ્યો છે - જેમ સિરિયાના ખ્રિસ્તીઓ, પારસીઓ, યહૂદીઓ, અમેરિકનો અને આજે તિબેટીયનો.

૩૫૦૦ વર્ષના અસ્તિત્વમાં, હિંદુઓએ કોઈ દિવસ બીજા દેશ પર આક્રમણ કર્યા નથી, તેઓ એ કોઈ દિવસ તેઓના ધર્મને બીજાઓ પર લાદવાના પ્રયત્નો કર્યા નથી, કે કોઈને ધર્મપરિવર્તન માટે મજબૂર કર્યા નથી. તમને કોઈ દિવસ, વિશ્વમાં હિંદુ કરતાં ઓછા, ભાગ્યે જ બીજા કોઈ ધર્મઝનૂની મળશે, એટલે કે તેઓ કોઈ દિવસ ઝનૂની નથી અને એટલે જ મને દુઃખ થાય છે કે જ્યારે ભારત અને પશ્ચિમી પ્રેસ તેઓની સરખામણી સીમી, જે નિર્દોષ લોકોને બોમ્બથી ઉડાડી દે છે, તેની સાથે કરે છે. અમને એ પણ ખબર છે કે મોટા ભાગના કોમી બનાવોમાં એક જ જૂથની વ્યક્તિઓ દલિત અને આદિવાસીઓ એમાંના કેટલાક તો ખ્રિસ્તીમાં પરિવર્તન પામેલાઓ અને બીજાઓ હોય છે. તેમ છતાં બાબરી મસ્જિદ તોડી નાખવામાં આવી ત્યારે કોઈ મુસ્લિમની હત્યા કરવામાં આવી ન હતી, જ્યારે તેની સરખામણીમાં ૧૯૯૩ના બોમ્બિંગ સમયે હજારો વ્યક્તિઓ, જેમાં મોટાભાગના હિંદુઓ હતા, તેઓની હત્યા કરવામાં આવી હતી. તેમ છતાં બાબરી મસ્જિદને તોડવાની ક્રિયાને આ બંને બનાવોમાં સૌથી ભયંકર પ્રેસ દ્વારા કહેવામાં આવે છે. અમને એ પણ યાદ છે કે ૧૯૯૩માં મહારાષ્ટ્રમાં જ્યારે કોઈ બોમ્બ મુસ્લિમ વિસ્તારમાં ફાટવાનો હતો ત્યારે તે સમયના મુખ્યપ્રધાન શરદ પવાર જૂઠું બોલ્યા હતા.

હું દરેક સમયે રાજકીય રીતે સાચો નથી હોતો પણ મેં હંમેશાં એ જ લખ્યું છે જે મને શોધ દરમિયાન મળ્યું છે. તો પછી મને આ કહેવાતા હિંદુ આતંકવાદ માટે ચોખ્ખું કહેવા દો. હિંદુઓએ, સૌ પ્રથમ આરબ આક્રમણ પછી હંમેશાં આક્રમણ હંમેશા આતંકવાદથી સહન કર્યું છે, ભલે તે તૈમુર હોય, જણે એક દિવસમાં ૧૦૦,૦૦૦ હિંદુઓની હત્યા ૧૩૯૯માં કરી હતી કે પોર્ટુગલે ગોવા પરના આક્રમણ સમયે બ્રાહ્મણોની હત્યા કરી હતી. આજે પણ ૧૯૦૦થી કાશ્મીરની ખીણમાં દસ લાખ હિંદુઓ પર અત્યાચાર થયા છે અને અત્યારે ફક્ત ત્યાં થોડાક હજારો હિંદુઓ જ છે. છેલ્લાં ચાર વર્ષમાં એક પછી એક બૉમ્બ ધડાકાઓમાં હજારો નિર્દોષ હિંદુઓ માર્યા ગયા છે. આ દેશમાં જ્યાં હિંદુઓની બહુમતી છે ત્યાં તેઓની મશ્કરી થાય છે, તેઓને ધિક્કારવામાં આવે છે અને તેઓ જ્યારે અમરનાથની યાત્રાએ જાય ત્યારે તેઓને મૂળભૂત સગવડો પણ આપવામાં આવતી નથી, જ્યારે હજ પર જનારાઓને વધુમાં વધુ સહાયતા આપવામાં આવે છે. તેઓ જુએ છે કે તેઓના ભાઈબહેનોને નાણાંની અને બીજી લાલચ આપીને ખ્રિસ્તી બનાવવામાં આવે છે, તેઓ જુએ છે કે એક નિર્દોષ ૮૪ વર્ષનાં સાધુ અને સાધ્વીની ક્રુરતાપૂર્વક હત્યા થાય છે. તેઓના ઈશ્વરની મશ્કરી થાય છે. તેથી એમ કહેવું પડે કે હવે બસ થયું. બસ થયું.

કોઈ એક બિન્દુએ, સદીઓ સુધી ઘેટાંની જેમ કતલ થતા હિંદુઓ, જેને મહાત્માએ એક વખત નરમાશથી કાયર કહ્યા હતા, બેકાબૂ બની જાય છે અને આ બહુ લાગી આવે છે. આમ ગુજરાતમાં બન્યું છે, જમ્મુમાં બન્યું છે અને કંદમહાલ, માલેગાંવ અને અજમેરમાં બન્યું છે. તે બીજે પણ કોઈ સ્થળે થઈ શકે છે. એક વાત સમજવાની તાતી જરૂર છે કે આ બનાવો એકાએક સામાન્ય હિંદુઓ દ્વારા થયા છે અને નહીં કે કોઈ રાજકીય દોરવણીથી કે કોઈની નેતાગીરીથી.

તેથી બીજેપીએ, એક બીજા સાથે લડવાને બદલે કે બીજો પ્રમુખ કોણ બનશે કે ૨૦૧૪માં વડાપ્રધાનનો ઉમેદવાર કોણ હશે તેની ચર્ચા કરવાને બદલે પોતાના ઘરને વ્યવસ્થિત કરવાની જરૂર છે, કારણ કે એક વાત તો ચોખ્ખી સમજાય તેવી છે કે આવી યોજના એક મૂર્ખામીભરી, બિનજરૂરી અને ફક્ત નરેન્દ્ર મોદીને બદનામ કરવા માટેની જ છે, જે તેઓનો એક નંબરનો દુશ્મન છે.

તેણે અસત્યનો સામનો સત્યથી કરવો જોઈએ, તેઓ પાસે સો કરોડ હિંદુઓ છે, આ પૃથ્વી પર દરેક છમાંથી એક. તેઓ સૌથી વધુ સફળ કાયદાનું પાલન કરનાર અને એકમતી ધરાવતી કોમ વિશ્વમાં છે. શું તેઓને આતંકવાદી કહી શકો છો? બીજેપીએ ૧૯૪૭ પછી શોધ કરવી જોઈએ કે હિંદુઓએ મુસ્લિમોની કેટલી હત્યા કરી અને મુસ્લિમોએ હિંદુઓની, આ જ તેઓને સાચી વાત કહેશે.

અનુ. પ્રદીપ પંડ્યા

---

સોમનાથ સંવિવાદને મિષે અને વિશે તંત્રીએ લખવા ધારેલ ટિપ્પણીમાં આ અને આનુષંગિક બાબતો ચર્ચવાનો ખયાલ છે.

---

## આતંકવાદ અને ભારત / ઈસુ દેસાઈ

હૈદરાબાદમાં થયેલા બોમ્બબ્લાસ્ટની ઘટનાએ ફરી પાછું આતંકવાદનું ભૂત જીવતું કરી દીધું છે. ફરીથી એ જ ફરિયાદો, એ જ ચર્ચાઓ અને એ જ સમીક્ષા, એ જ આક્ષેપો અને એ જ કેટલાય નિર્દોષ વિદ્યાર્થીઓની થનારી ધરપકડની આશંકા.

પ્રશ્ન એ છે કે શા માટે આ પ્રકારના હુમલાઓ અટકાવી શકાતા નથી? શા માટે વર્તમાન સમયનો આ એક વણઉકલ્યો અને મુશ્કેલ પ્રશ્ન બની ગયો છે? આનો કોઈ ઉપાય છે ખરો? કે પછી આ બધું આ જ રીતે ચાલતું રહેશે. આનો જવાબ આપણને કદાચ ભૂતકાળમાંથી મળી શકે એમ છે. ઇતિહાસ સાક્ષી છે કે મોટા મોટા મહારાજાઓ કે વિદેશી સત્તાઓએ કોઈપણ દેશ ઉપર રાજ કરવા માટે હંમેશાં બળ કરતાં બુદ્ધિના ઉપયોગને વધુ મહત્ત્વ આપ્યું છે. આપણા દેશમાં મોગલોના સમયમાં કેટલાય વિશ્વાસુ હિન્દુ પ્રધાનો અને રાજદરબારીઓ હતા, તેમજ મુસ્લિમો તે વખતે પણ લઘુમતીમાં હોવા છતાં બહુમતીને તેમના ઉપર વિશ્વાસ હતો. અંગ્રેજોના સમયમાં પણ અસંખ્ય ભારતીયો તેમના વફાદાર નોકરો હતા અને વર્ષો સુધી તેમણે અંગ્રેજો ઉપર ભરોસો કે વિશ્વાસ રાખ્યો હતો. પરંતુ જ્યારે અંગ્રેજોએ વિશ્વાસ ગુમાવ્યો હતો તેથી જ સત્તા પણ ગુમાવવી પડી હતી.

માટે જ આજના સમયમાં પણ જો વિશ્વાસ અને ભરોસાનું વાતાવરણ હશે તો જ આતંકવાદ ઉપર કાબૂ મેળવી શકાશે, તે વાસ્તવિકતા સ્વીકારવી પડશે. ફક્ત બળ વાપરવાથી સમાજમાં અસંતોષ અને અવિશ્વાસનું વાતાવરણ વધતું જશે. વિશ્વની અનેક મહાસત્તાઓએ સદીઓ સુધી ફક્ત આ જ સિદ્ધાંતના આધારે રાજ કર્યું હોવાનો ઇતિહાસ મોજુદ છે.

આજની મહાસત્તા અમેરિકા પણ વર્ષો પછી હવે દુનિયાનાં અનેક દેશોનો વિશ્વાસ ગુમાવી રહ્યું છે અને તેથી જ તેની સત્તાનો અંત પણ દુનિયાને દેખાઈ રહ્યો છે. ભારતને તો આઝાદ થયે ફક્ત ૬૫ વર્ષ જ થયાં છે અને દેશમાં વિવિધ વર્ગ, ધર્મ, સંપ્રદાય, તેમજ રાજ્યો વચ્ચે ઘર્ષણ વધતું જ રહ્યું છે. ''વિવિધતામાં એકતા'' એ ફક્ત સૂત્ર જ રહ્યું છે. ધર્મ, સદ્‌ભાવના તેમજ સામાજિક ન્યાયના નામે પણ રાજકારણ જ થઈ રહ્યું છે. ઉપરાંત આજના રાજકારણીઓ ઉપર પણ લોકોને વિશ્વાસ રહ્યો નથી, કારણ કે રાજકારણ એ સમાજસેવાને બદલે પૈસા અને પ્રતિષ્ઠા કમાવવાનું સાધન જ બની ગયું છે ત્યારે પ્રશ્ન એ થાય કે શું ખરેખર આપણે આઝાદીને લાયક પણ છીએ ખરા?

૨૪, યુનિયન પાર્ક સોસાયટી, સરખેજ રોડ, અમદાવાદ ૩૮૦૦૫૫



## 'પાદરીઓ વિશે ગેરસમજ' / દિલીપ ન. મહેતા

ફાધર વિલિયમ દ્વારા લખાયેલ 'પાદરીઓ વિશે ગેરસમજ'માં લેખને અંતે ફાધર વિલિયમ લખે છે. ''મારી ચોક્કસ એવી પણ માન્યતા છે કે ગુજરાતના ઘણા ગાંધીજનો, વિચારશીલ લેખકો (ડૉ. ગુણવંત શાહ પણ) ને વ્યક્તિઓ જગદીશભાઈનાં વિધાનો ખાસ કરીને ખ્રિસ્તી પાદરીઓના સંદર્ભે કરેલાં - સાથે સહમત નહીં થાય.''

ફાધરની જાણ માટે આ સાથે ગુણવંત શાહના એક નિબંધ સંગ્રહ 'વિરાટને હિંડોળે'માંથી બીજા ક્રમે છપાયેલા નિબંધ 'કોન્વેન્ટમાં કલાપી'માંથી હું થોડુંક લખાણ અહીં ઉતારું છું :

''મને કોન્વેન્ટ સ્કૂલો સામે કોઈ દ્વેષ નથી. માત્ર બે બાબતો અંગે ઊંડી વેદના છે. અંગ્રેજી માધ્યમની શાળાઓમાં મારા જ દેશનાં બાળકોને માતાના ધાવણથી વંચિત રાખીને ખબર ન પડે તેમ દેશની ધરતીની સુગંધથી અને માતૃભાષામાં જ વિચારો પ્રગટ કરી શકે એવા ભણેલાં, ઓછું ભણેલાં, તથા નહીં ભણેલાં પ્રેમાળ માતા-પિતાથી અડધાપડધા અળગાં કરી નાખે છે. બીજી વેદના એ કે સીધી યા આડકતરી રીતે આ શાળાઓ ખ્રિસ્તી ધર્મના પર્યાવરણને નિશાળમાં લાવીને બાળકના પોતાના ધર્મની ઉદાત્ત બાબતો પ્રત્યેની ઉદાસીનતાને પોષે છે. ખ્રિસ્તી ધર્મ પ્રત્યે અને ખાસ કરીને ઈસુ પ્રત્યે મારો આદર ઓછો નથી, પરંતુ ખ્રિસ્તી ધર્મગુરુઓને ધર્માન્તરનું જબરું વળગણ (ઓબ્સેશન) હોય છે. ફાધર, મધર અને સિસ્ટર્સ માયાળું ઘણાં, પણ તક મળે ત્યારે ગરીબગુરબાંને પોતાના ધર્મમાં વટલાવવાનું ચૂકે તેવું ન બને. ગરીબોની સેવા સાથે ખ્રિસ્તી મિશનરીઓ ધર્માન્તરને જોડ્યા વગર રહી શકતા જ નથી. એમની સેવાનું અંતિમ ધ્યેય ધર્માન્તરનું જ હોય છે. માનવતા એ માટેનું અસરકારક બહાનું છે. એક આફ્રિકન ખ્રિસ્તી, જે ધર્માન્તર પછી ચર્ચમાં હોદ્દો ધરાવતો હતો તેના શબ્દો છે : When they came, they had the Bible, we had the land. We prayed, and when we opened our eyes, we had the Bible, they had our land.' મધર ટેરેસા કરુણામૂર્તિ અને સેવામૂર્તિ હતાં, પરંતુ ધર્માન્તરમુક્ત સેવા સુધી તેઓ ન પહોંચી શક્યાં. યહ કડવા સચ હૈ.'' (પાન નં.૭)

આશરે વીસેક વર્ષ પહેલાં ૧૯૮૯-૯૦ના ગાળામાં મારે ડાંગનાં જંગલોમાં અને અંતરિયાળ ગામડાંઓમાં પ્રવાસ - પર્યટન - ટ્રેકિંગ કરવાનું બનેલું ત્યારે મેં થોડાંક ઝૂંપડાંઓ, મકાનો પર 'ક્રોસ'નાં પ્રતીકો જોયેલાં. ફાધર આ વિશે વિગતો આપે એવી અપેક્ષા.

'નાદબ્રહ્મ' ૧૦૯, બાલાજીનગર, સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩

**સૌ ગ્રાહક ભાઈબહેનોને**

પૃષ્ઠ ૮ ઉપરની સવિનય વિજ્ઞપ્તિ જોઈ ?

જોશો અને ઘટતું ઘટતું કરશો.

## એટલે જ વહેમાઉં / શાંતિલાલ સંઘવી

અવારનવાર એવું વાંચવામાં આવે છે કે નરેન્દ્ર મોદી હવે દેશના પ્રધાનમંત્રી બનવા થનગની રહ્યા છે. બીજી તરફ સોનિયા ગાંધી પણ પોતાના પુત્ર રાહુલને દેશના પ્રધાનમંત્રી બનાવવા થનગની રહ્યા છે.

પ્રથમ નરેન્દ્ર મોદીનો વિચાર કરીએ તો એક વાત સાચી કે તેઓ બહુ ચતુર છે, શારીરિક અને માનસિક ઊર્જાથી ભરપૂર છે અને ઉત્સાહથી છલોછલ ભરેલા છે.

પણ હજુ તેઓ ઘણા અપરિપક્વ છે. તેમની મુખ્ય નબળાઈ એ છે કે તેઓને આત્મપ્રશંસા અને આત્મપ્રસિદ્ધિ અતિપ્રિય છે. ઉપરાંત ક્યારેક તેમની જીભ હજુ લપસી જાય છે. ભારતના વડાપ્રધાનમાં હોવી જોઈએ એવી પીઢતા, ઠરેલપણું, સહનશીલતા અને આટલા વિશાળ દેશના ભારે ગૂંચવાળા ભરેલા પ્રશ્નોની સમજ એ તેમની પાસે નથી. જો તેઓ નાનાજી દેશમુખ જેવા ગુરુ પાસેથી ઘડાઈને આવ્યા હોત તો તેઓ આજે છે તે કરતાં જુદા હોત. તેમને બહુ જલદી તૈયાર ગાદી મળી ગઈ છે. છતાં જો તેઓ હજુ દસેક વર્ષ રાહ જુએ, પોતાની નબળાઈઓને પારખી લે, દેશના પ્રશ્નોનો ઊંડો અભ્યાસ કરે અને પછી દિલ્હી જવા વિચારે તો તેમના માટે સારું રહે.

તેઓ ભારે નસીબદાર છે. ગુજરાતમાં તેમને પડકારી શકે એવો કોઈ વિરોધપક્ષ નથી. ગુજરાત કૉંગ્રેસ ઘણી જ નબળી છે. અત્યારે તો નરેન્દ્રભાઈનો રાજયોગ ચાલે છે. કોઈ બરાબરિયો પ્રતિસ્પર્ધી મળે તો જ મોદીને ફાયદો થાય, અનુભવ મળે, યોગ્યતા કેળવાય. બરોબરિયાના અભાવે સત્તા તો મળે છે, પણ સરવાળે મોદીને જ નુકસાન છે. આવી પરિસ્થિતિમાં માણસ પોતાને સર્વશ્રેષ્ઠ માની લેતો હોય છે અને ત્યાં જ સમય આવે પછડાટ ખાવી પડે છે. ડાહ્યો માણસ આટલું જાણતો હોય છે. મોદી જાણે છે?

ઇન્દિરા ગાંધીએ બહુ મોટી ભૂલ કરી. પોતાના ડાહ્યા દીકરાને, સરળ અને સીધા દીકરાને દેશના ગંદા અને ભ્રષ્ટ રાજકારણમાં જબરદસ્તીથી ઘસડી લાવ્યા. જો રાજીવને એની પોતાની રીતે જીવવા દીધા હોત તો તેઓ જિંદગી આખી આનંદથી અને સુખપૂર્વક જીવી શક્યા હોત. અને તો જે અંજામ આવ્યો તે ન આવત.

આજે સોનિયા પણ એ જ ભૂલ કરી રહ્યાં છે. રાહુલ ભલો, ભોળો અને ગભરુ છોકરો છે. એ રાજકારણનો જીવ નથી. સોનિયાબહેન પોતે વડાપ્રધાન ન બની શક્યાં તેથી તેમને પોતાને ઘણો જ ફાયદો થયો છે. જો તેઓ વડાપ્રધાન બની શક્યાં હોત તો તેઓની જે બદનામી આજે છે તેના કરતાં દસ ગણી વધારે હોત. રાહુલ કૉંગ્રેસના ખંધા અને ખડુસ લોકોને કાબૂમાં રાખી શકે એવા નથી. રાહુલની આડમાં કૉંગ્રેસીઓ ભરપૂર ભ્રષ્ટાચાર કરે અને પોતાના ગજવાં ભરે પણ બદનામી રાહુલની થાય, અપયશ બધો રાહુલને મળે. કૉંગ્રેસ એવા જ વડાપ્રધાનની અપેક્ષા રાખે છે.

જો મનમોહનસિંહે વડાપ્રધાન બનવાની ના પાડી દીધી હોત અને પોતાના અર્થશાસ્ત્રના વિષયમાં નિષ્ણાત બનીને રહ્યા હોત તો તેમની પ્રતિષ્ઠા ઘણી ઊજળી હોત અને આજે એમને જે કડવા શબ્દો તથા અપમાનજનક શબ્દો સાંભળવા પડે છે તે સાંભળવા ન પડત. આટલું અપમાન સહન કરવાનું હોય તો તેમની જગાએ કોઈ બીજો વડાપ્રધાન હોત તો રાજીનામું માથામાં મારીને ચાલતી પકડી હોત.

જો રાહુલ વડાપ્રધાન બને તો તેના નસીબમાં સિવાય બદનામી કશું જ ન હોય — અને અંજામની તો કોને ખબર?

અને ભાજપવાળાઓની વાત શી રીતે કરવી? અડધા તો ચક્રમ છે. એની એકેય વાતનાં ઠેકાણાં જ નથી. ઘણા અફસોસની વાત છે કે આજે દેશને સંભાળી શકે અને દોરી શકે એવો એક પણ જણ કૉંગ્રેસ પાસે કે ભાજપ પાસે નથી. અન્ય વિવિધ પક્ષો સાવ નકામા છે. કોઈ પાસે નથી બુદ્ધિ, નથી શક્તિ, નથી આવડત, નથી અનુભવ, નથી કુશળતા, નથી અભ્યાસ.

''છતાં હું આ દેશના ભવિષ્ય વિશે આશાવાદી છું'' એમ બોલવાની ફૅશન છે. દરેક વિદ્વાન અને વક્તા પ્રવચનને અંતે આ વાક્ય જરૂર બોલે છે. બોલવામાં ક્યાં દોકડા પડે છે?

માત્ર રાજકારણીઓ જ ભૂલ કરે છે એવું નથી. પ્રજા પણ ભૂલ કરે છે. અર્જુન મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલ તથા કનુભાઈ કલસરિયાને છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં હરાવીને પ્રજાએ ભૂલ જ કરી છે. આ લોકો ધારાસભામાં હોત તો ખુદ નરેન્દ્ર મોદીને પણ ફાયદો થયો હોત - ઘણો અનુભવ અને પ્રજાના પ્રશ્નોની જાણકારી મળી હોત અને પ્રજાને પણ ફાયદો થયો હોત.

નરેન્દ્રભાઈ સૌ પ્રથમ ગુજરાતના જ ગરીબોના, દલિતોના, વંચિતોના, મહિલાઓના અને ખેડૂતોના પ્રશ્નો સમજે અને ઉકેલે પછી દિલ્હી જવાની ઇચ્છા કરે તો વાજબી ગણાય. કુદરતનો તો નિયમ છે કે જે જલદી ચડે તે જલદી પડે. અને છેલ્લે રવીન્દ્રનાથ ઠાકુરની બે પંક્તિઓનો ગુજરાતી અનુવાદ :

નકલી હીરો કહે, 'જુઓ કેવો મોટો છું!'
'એટલે જ વહેમાઉં છું કે ન હોય સાચો તું!'

આરએચ-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ, કાશીરામ હૉલ પાસે, અમદાવાદ-૧૫

## ગુરુવારી વિશેષ

સેક્યુલર લોકશાહી આંદોલનના ઉપક્રમે દર ગુરુવારે મળતી નિયમિત બેઠકમાં તા. ૪-૪-૨૦૧૩ના રોજ સાંજે ૬-૦૦ વાગ્યે નર્મદ મેઘાણી લાઇબ્રેરી (નટરાજ ક્રૉસિંગ પાસે, મીઠાખળી, અમદાવાદ) ખાતે 'સાવિત્રીબાઈ અને જોતીબા ફૂલે' વિશે સંજય શ્રીપાદ ભાવે સંબોધન કરશે. રસ ધરાવતા સર્વને સહભાગી થવા હાર્દિક નિમંત્રણ.

## હરતાં ફરતાં
## રમેશ કોઠારી

**ક્યાં છે પુરાવા? :** હમણાં, વિચરતી જાતિના લોકોના અધિકાર અને ઉદ્ધાર માટે મથતાં કર્મશીલબહેન મિત્તલ પટેલને સાંભળવાનો યોગ થયો. કોઈ વિસ્તારમાં જેણે ખરેખર ગુનો આચર્યો હતો તેને પકડવાને બદલે ઉત્સાહી(!) પોલીસ વિચરતી જાતિના નિર્દોષ યુવકને લઈ ગઈ. એનો વાંક એટલો જ કે, અસલી ગુનેગાર અને તેનું નામ એક સમાન હતું. રજૂઆત કરવામાં આવી કે, બંનેના પિતાનાં નામ અલગ છે તો અકારણ પકડાયેલા યુવકના, અટક સમેત સંપૂર્ણ નામને લગતો પુરાવો માંગવામાં આવ્યો. સ્વતંત્ર ભારતના મુખ્ય પ્રવાહથી અલગ જીવન જીવતા આ અસહાય યુવક પાસે રેશનકાર્ડ, પાન કાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ, ઇલેક્શન કાર્ડ કે આધાર કાર્ડ - કશું જ ન હોઈ પોતાની સાચી ઓળખ કઈ રીતે સ્થાપિત કરી શકે? મિત્તલબહેનની વેદના તેમના વક્તવ્યમાં ડોકાતી હતી. ભલે કહે, "હોય શ્રદ્ધા તો પુરાવાની શી જરૂર છે? કુર્રાનમાં ક્યાં પયંગબરની સહી છે?" પણ આ જમાનો તો પુરાવાનો છે. પુરાવાના અભાવે, કોઈ એકાદ-બે કે ઘણાંને કચડી નાખનાર કોઈ નિર્દોષ સાબિત થાય તેનું 'વિસ્મય' આપણને ન થવું જોઈએ. બરાબરને કાટ્જુસાહેબ?

• • •

**'મા વદ' :** 'તહેલકા'ના તાજેતરના અંકમાં મલ્લિકા સારાભાઈએ નોંધ્યું છે તેમ, તંત્રની નીતિઓને પોતાનાં લખાણો અને કાર્યક્રમો દ્વારા વારંવાર પડકારવાનું થતું હોઈ, 'નટરાણી' માટે મળતી સરકારી સહાય લેવાનું ઉચિત ન જણાતાં, સ્વૈચ્છિક ધોરણે તે સ્વીકારવાનો ઇન્કાર કર્યો. કેટલાંક જાણીતા ઔદ્યોગિક ગૃહોએ તેમને મદદ કરવા તત્પરતા દાખવી પણ 'ઉપરથી' દબાણ આવતાં સસંકોચ તેમને પીછેહઠ કરવી પડી. સાહિત્ય માટેના નોબેલ પુરસ્કાર વિજેતા ચીન દેશના સર્જકનું નામ તો Guan Moye છે. પણ ત્યાંની ક્રાંતિકારી રાજકીય પરિસ્થિતિ જોતાં, તેમના માતાપિતાએ આ પ્રતિભાશાળી, સંવેદનશીલ સર્જકને ચૂપ રહેવાની Mo Yan (Don't Speak) સલાહ આપી હતી, જે તેમણે પોતાના ઉપનામ તરીકે સ્વીકાર્યું. નૃત્ય શીખવામાં રસ ધરાવનારને તખ્તા પર નચાવનાર અને જાહેરજીવન અને રાજકારણમાં આડાઅવળા ચાલનારાને કલમને જોરે નચાવનારાં બહેન મલ્લિકાના ભાવિ વિશે ચિંતિત માતાપિતાએ 'મા વદ' કહ્યું હોત તો તેમનું તખલ્લુસ પણ કદાચ આ બની રહ્યું હોત.

• • •

**'લાવો તમારો હાથ' :** પહેલાં નરહરિ અમીન અને હવે રાદડિયા પરિવાર, આ પીઢ, તાકાતવર નેતાઓને એ સમજાવવાનું સાહસ કોણ કરે કે, 'સ્વપક્ષે નિધનં શ્રેયઃ, વિપક્ષો ભયાવહ :' 'છોડી કે દા'ડાનું પૈણું પૈણું કરતી'તી' ન્યાયે એમણે તીવ્ર મનોમંથન તો કર્યું હશે, હેમ્લેટની જેમ 'ટુ ક્વીટ ઓર નોટ ટુ ક્વીટ' મનોદશામાં નિદ્રાહીન રાત્રિઓ પણ ગુજારી હશે. માતૃપક્ષને હાથતાળી દઈ છટકી જવામાં સાર જણાતાં, આપણાં 'ભડાકાવીર' વિઠ્ઠલભાઈએ રાજકીય ભડાકો કરતાં કહ્યું છે કે સતત અવહેલનાથી ત્રાસી જઈ આ નિર્ણય લેવામાં આવ્યો છે. તે જણાવે છે તેમ તેઓ માનનીય મુખ્યમંત્રીશ્રીના હાથ મજબૂત કરવા ભાજપમાં જોડાઈ રહ્યા છે. ભલા ભાઈ, એમના હાથ તો અત્યંત મજબૂત છે જ. તમારે હજુ કેટલા મજબૂત કરવા છે? મજબૂર નેતા મજબૂત કરવા નીકળ્યા છે. એમને આપણી શુભેચ્છાઓ. બાકી, તેમના એકરાર મુજબ, બીજાઓ સામે તો સો-દોઢસો ગુના ચોપડે નોંધાયેલા છે. મારી સામે તો માંડ ચાળીસ-પચાસ હશે. સુરેશ જોશીનું (કે તેમણે ઉદ્ધૃત કરેલ અન્ય કોઈ સર્જકનું) વિધાન 'રાજકારણ હત્યારાઓનું પટાંગણ છે.' યાદ આવે છે. પણ કોઈના ગુનાની માત્રા ઓછી છે, એ સાંત્વન ઓછું તો નથી જ.

• • •

**'અમૂલ' સેવા :** હમણાં જાહેર માર્ગ પર એક હૉર્ડિંગ તરફ નજર ગઈ. સમકાલીન ઘટનાઓ અંગે માર્મિક ટિપ્પણી માટે ખ્યાત આ 'અમૂલ' હૉર્ડિંગમાં જણાવાયું હતું : "ખુદા દેતા હૈ તો 'ચોપર' ફાડ કે દેતા હૈ." ભ્રષ્ટ તત્ત્વોને આવી સણસણતી લપડાક, શબ્દના બંદા સિવાય બીજું કોણ લગાવી શકે? અમૂલ દૂધ થકી તનના સ્વાસ્થ્યની કાળજી લે છે, તો કોઈ દૂધે ધોયેલું નથી એ પાકી સમજથી આવા શાબ્દિક પ્રહારોથી ક્ષુબ્ધ જનમાનસ માટે મલમપટ્ટાનું ય કામ કરે છે. 'આર્મ્સ એન્ડ મેન'ના કર્તા બર્નાર્ડ શૉએ તેમના સુટની સિલાઈમાં અસહ્ય વિલંબ કરનાર દરજીને ઠપકો આપતાં કહ્યું હતું, 'ભલા માણસ, ઈશ્વરે સમગ્ર સૃષ્ટિનું સર્જન છ દિવસમાં કર્યું હતું. તને એક સુટ તૈયાર કરવામાં આટલી વાર?' દરજીએ રોકડું પરખાવ્યું, 'સાહેબ, ઈશ્વરે ઉતાવળ કરી એટલે તમે જુઓ છો ને કે, કેવી હલકી ગુણવત્તાવાળી સૃષ્ટિ આપણને મળી છે!' કાશ, ઈશ્વરે ઉતાવળ ન કરી હોત. શક્ય છે, શૉ જીવતા હોત તો એમણે 'Arms and Corrupt men' લખવાનું વિચાર્યું હોત. આભાર 'અમૂલ' - આ અભિયાન બદલ.

May your hoardings control 'hoarding instincts' of public servents.

૧૦૨, ઇલાક્ષ એપાર્ટમેન્ટ, દક્ષિણી સોસાયટી નજીક, મણિનગર, અમદાવાદ ૩૮૦ ૦૦૮

## મુંઝાતી સ્ત્રીઓ માટે

## ૨૪ કલાકની ટેલિફોન સેવા


- દુઃખી સ્ત્રીઓને ધીરજથી સાંભળશે
- માનસિક મૂંઝવણમાં રાહત આપશે
- આત્મહત્યાના વિચારોમાંથી મુક્ત થવાશે
- સંતપ્ત ચિત્તને શાંતિ પહોંચાડશે
- હૈયુ ઠાલવી શાંતિ મેળવવા ૨૪ કલાકની ટેલિફોન સેવાનો લાભ મેળવો

**૦૭૯-૨૨૭૬૦૭૭૪**

અવાજ

'અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રુપ - અવાજ'
અવાજકુંજ, ભુદરપુરા, આંબાવાડી,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫
ફોન : ૦૭૯-૨૨૭૪૭૦૨૯, ૨૨૭૬૦૭૭૪,
૦૭૯-૨૬૪૪૨૪૬૬, ૨૬૪૪૧૨૧૪

REGISTERED UNDER RNI NO. GUJGUJ/2009/29656, PUBLISHED & PSO ON F/N 1ST & 16TH OF EVERY MONTH under Postal Registration No. GAMC777/2012-2014 Ahmedabad, valid upto 31-12-2014




**Publisher, Editor and Printer :** Prakash N. Shah on Behalf of Nireekshak Foundation. 'Prakash' Bunglow, Nr. Abhinandan Flats, B/h.Navarangpura Post Office, Navarangpura, Ahmedabad-380 009. Phone. : 079-26562806 E-mail : prakash.nirikshak@gmail.com
**Printed at :** Shardul Printing Press, B/6, Rambha Com., Income Tax, Ashram R'd, Ahmedababad-14. E-mail : shardul_press rediffmail.com